દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ/2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 193 ■ વિક્રમ સંવત ૨૦૮૨
શ્રાવણ સુદ-૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 15 August 2026, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૧૫ ઑગસ્ટ ૨૦૨૬, (૧૧ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વસ્તી ગણતરીમાં જ્ઞાતિ પણ પુછાશે

## સ્વતંત્રતા પછી સૌપ્રથમ વાર આ વિગત લેવાશે: કેન્દ્ર સરકારે ૪૦ સવાલોની યાદી જાહેર કરી

નવી દિલ્હી: દેશમાં આગામી વસ્તી ગણતરી અંગે કેન્દ્ર સરકારે એક મોટું પગલું ભર્યું છે. સરકારે વસ્તી ગણતરી માટે ૪૦ પ્રશ્નોની યાદી બહાર પાડી છે. નોંધનીય છે કે આ વસ્તી ગણતરી ઘણી રીતે ઐતિહાસિક રહેશે, કારણ કે સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં પહેલી વાર જ્ઞાતિ સંબંધિત ડેટા પણ એકત્રિત કરવામાં આવશે. વધુમાં આ સમગ્ર પ્રક્રિયા દેશની અત્યાર સુધીની સૌથી મોટી ડેજિટલ વસ્તી ગણતરી હશે.

એક સરકારી આદેશ અનુસાર, કેન્દ્ર સરકારે શુક્રવારે વસ્તી ગણતરી દરમિયાન પૂછવામાં આવનારા ૪૦ સવાલોની જાણકારી આપી હતી. જેમાં પહેલી વાર જ્ઞાતિ અંગેના સવાલનો સમાવેશ થાય છે.

ભારતના રજિસ્ટ્રાર જનરલ મૃત્યુંજય કુમાર નારાયણના આદેશમાં એ સવાલની જાણકારી આપી હતી જેમ કે શું વ્યક્તિ અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિનો છે કે નહીં અને તેમની જાતિ શું છે.

નોંધનીય છે કે લદ્દાખ અને જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના બરફથી ઘેરાયેલા વિસ્તારોમાં વસ્તી ગણતરી પહેલેથી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન થશે. ઘરે ઘરે જઈને વસ્તી ગણતરી શરૂ થાય તે અગાઉ ૧૭ થી ૩૧ ઓગસ્ટ વચ્ચે જાતે જ ઓનલાઈન ફોર્મ ભરવાનો વિકલ્પ રહેશે. દેશના બાકીના ભાગોમાં વસ્તી ગણતરી આવતા વર્ષે શરૂ થશે.

આ પ્રથમવાર હશે જ્યારે વસ્તી ગણતરીના ભાગરૂપે જ્ઞાતિની જાણકારી એકઠી કરવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે સવાલ-જવાબની યાદીમાં જ્ઞાતિઓની કોઈ યાદી હોવાની શક્યતા નથી અને જવાબો ઉત્તરદાતાઓ દ્વારા આપવામાં આવે તે રીતે રેકોર્ડ કરવામાં આવશે. જ્ઞાતિની ગણતરીનો સમાવેશ કરવાનો નિર્ણય ગયા વર્ષે ૩૦ એપ્રિલના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની રાજકીય બાબતોની સમિતિ દ્વારા લેવામાં આવ્યો હતો.

ભારતના રજિસ્ટ્રાર જનરલના એક નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે વસ્તીગણતરી અધિનિયમ, ૧૯૪૮ (૧૯૪૮ના અધિનિયમ ૩૭) ની કલમ ૮ ની પેટા-કલમ (૧) હેઠળ મળેલી શક્તિનો ઉપયોગ કરતા કેન્દ્ર સરકાર નિર્દેશ આપે છે કે વસ્તી ગણતરીના અધિકારીઓ, પોતના નિયુક્ત કરાયેલા વિસ્તારોમાં રહેતા તમામ લોકોને નીચે આપવામાં આવેલી બાબતોના આધાર પર 'હાઉસહોલ્ડ શિડ્યૂલ' મારફતે ભારતની વસ્તીગણતરી ૨૦૨૭ સાથે સંબંધિત જાણકારી એકઠા કરવા માટે સવાલ પૂછી શકે છે.

લોકો પાસેથી ખાનગી જાણકારી માંગવામાં આવશે જેમ કે વૈવાહિક સ્થિતિ, લગ્ન સમયે ઉંમર, જીવનસાથીનું નામ, રાષ્ટ્રીયતા, ધર્મ, અનુસૂચિત જાતિ (એસસી)/ અનુસૂચિત જનજાતિ (એસટી), જ્ઞાતિ, માતાપિતાની વિગતો, દિવ્યાંગતા, માતૃભાષા અને જાણકારી ધરાવતા હોય તેવી અન્ય ભાષાઓ, સાક્ષરતા અને ડિજિટલ સાક્ષરતા સ્થિતિ વગેરેની જાણકારી માંગવામાં આવશે. વિશ્વનો સૌથી મોટો વર્કફોર્સ સંપૂર્ણપણે ડિજિટલ હશે.





સ્વતંત્રતા, દે વરદાન એટલું, હૈયું કદીયે ન હજો હતાશ: દેશના ૮૦મા સ્વતંત્રતાદિને કવિશ્રેષ્ઠ ઉમાશંકર જોશીની આ પંક્તિઓ યાદ કરીને બંગાળમાંના નાદિયામાંની આ છોકરીઓની જેમ દરેક ભારતીયના ચહેરા પર દેશભક્તિના રંગની ખુમારી હોય એટલી જ પ્રાર્થના કરીએ. (એજન્સી)

## કૉક્રોચ કમેન્ટનો બદઈરાદા સાથે દુરુપયોગ: ચીફ જસ્ટિસ

નવી દિલ્હી: કોર્ટની કામગીરીનો વીડિયો સોશ્યલ મીડિયા પર યોગ્ય સંદર્ભ વિના ફેલાવવામાં આવી રહ્યો હોવા અંગે ચિંતા વ્યક્ત કરતાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું હતું કે મારા મૌખિક નિવેદનને ખોટી રીતે ટાંકવામાં આવ્યું છે અને તેનો બદઇરાદા સાથે દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે.

દેશના યુવાનોને ગેરમાર્ગે દોરવાની દુર્ભાવના સાથે આમ કરવામાં આવી રહ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

૧૫મેએ સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી એક કેસની સુનાવણી દરમિયાન મુખ્ય ન્યાયાધીશે બનાવટી ડિગ્રી ધરાવતા કેટલાક લોકોને કૉક્રોચ સાથે સરખાવ્યા હતા અને કહ્યું હતું કે આવા લોકો સોશ્યલ મીડિયા કે આરટીઆઈ એક્ટિવિસ્ટ બનીને સિસ્ટમ પર હુમલા કરે છે.

મુખ્ય ન્યાયાધીશની આ ટિપ્પણીનો દેશભરના યુવાનો દ્વારા ભારે વિરોધ કરવામાં આવી રહ્યો છે અને પરિણામે 'કૉક્રોચ વ્યંગાત્મક કમેન્ટનો ઑનલાઈન

(જુઓ પાનું ૨) ▸▸

## વિદ્યાર્થીઓને વિરોધનો હક: બાર કાઉન્સિલને ઝાટકી સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હી: હૈદરાબાદસ્થિત નલસાર યુનિવર્સિટી ઑફ લૉના વર્ષ ૨૦૨૬ના સ્નાતકો વિરુદ્ધ કરવામાં આવેલી કાર્યવાહી અંગે સુપ્રીમ કોર્ટે શુક્રવારે નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે વિદ્યાર્થીઓને વિરોધ પ્રદર્શન કરવાનો અધિકાર છે.

બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાએ હૈદરાબાદસ્થિત નલસાર યુનિવર્સિટી ઑફ લૉના વર્ષ ૨૦૨૬ના સ્નાતકોને આગામી આદેશ આપવામાં ન આવે ત્યાં સુધી તેમના વકીલ તરીકે નોંધણી ન કરવાનો નિર્દેશ આપ્યો હતો. જોકે સોશ્યલ મીડિયા પર ભારે વિરોધ થયા બાદ આ નિર્દેશ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા (બીસીઆઈ)ને વિદ્યાર્થીઓ વિરુદ્ધ કરેલી કાર્યવાહી બદલ ઠપકો આપ્યો હતો.

વિદ્યાર્થીઓને વિરોધ કરવાનો અધિકાર છે એમ જણાવતાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોય માલ્યા બાગચી અને વી. મોહનાની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે આ અમારા

(જુઓ પાનું ૨) ▸▸

## રાહુલે મેલોનીની મજાક ઉડાવી: વિદેશ ખાતાએ સન્માન જાળવવાની સલાહ આપી

નવી દિલ્હી: લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ઇટલીનાં વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોનીનો ઉલ્લેખ કરીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વિદેશ નીતિની મજાક ઉડાવી હતી. આ પછી શુક્રવારે વિદેશ મંત્રાલયે તમામ નેતાઓને વિદેશી નેતાઓ સંબંધિત રાજકીય ટિપ્પણી કરવામાં સંયમ અને આદર રાખવાની અપીલ કરી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારતના ઇટલી સાથે મજબૂત સંબંધો છે અને તે આ સંબંધોને વધુ મજબૂત બનાવવા માગે છે. તેમણે એમ પણ કહ્યું કે કોઈપણ મુદ્દો આદરપૂર્વક ઉઠાવવો જોઈએ.

નોંધનીય છે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને સંદીપ દીક્ષિતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિદેશ નીતિ પર કટાક્ષ કરતાં ઇટલીનાં વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીનો ઉલ્લેખ કર્યો હતો. ત્યારબાદ શુક્રવારે વિદેશ મંત્રાલયે રાજદ્વારી ચર્ચામાં પરસ્પર આદર રાખવાની હાકલ કરી હતી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે તાજેતરના વર્ષોમાં ભારતના ઇટલી સાથેના સંબંધો વધુ મજબૂત બન્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બંને પક્ષોએ એકબીજાનો આદર કરવો જોઈએ. જયસ્વાલે કહ્યું હતું કે "આપણા ઇટલી સાથે મજબૂત સંબંધો છે. તાજેતરના વર્ષોમાં ઇટલી સાથેના આપણા સંબંધો દરેક ક્ષેત્રમાં વધુ મજબૂત થયા છે. કોઈપણ મુદ્દાને આદર સાથે ઉઠાવવો જોઈએ. રાજદ્વારી પરંપરા મુજબ, આપણે એકબીજાનો આદર કરીને અને બંને પક્ષો વચ્ચેની પરસ્પર સમજણને ધ્યાનમાં રાખીને આપણા સંબંધોને મજબૂત બનાવવું મહત્વપૂર્ણ છે."

રાહુલ ગાંધીની આ ટિપ્પણી નવી દિલ્હીમાં 'રચનાત્મક કોંગ્રેસ રાષ્ટ્રીય સંમેલન'માં મોદીની વિદેશ નીતિ

(જુઓ પાનું ૨) ▸▸

## પરિણામોની પરવા કર્યા વિના દુશ્મનોને ખોખરા કરીશું: ડોભાલ

નવી દિલ્હી: ભારત દુશ્મન દેશો સામે કડક કાર્યવાહી કરશે અને પરિણામોની પરવા કર્યા વિના પગલાં લેશે એવો સ્પષ્ટ અને કડક સંદેશો રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે પાકિસ્તાનને આપ્યો હતો.

ડોભાલના આ નિવેદનને પહલગામ આતંકવાદી હુમલા બાદ ઑપરેશન સિંદૂરના સ્વરૂપમાં ભારતની બદલાતી પ્રતિરોધક નીતિનું અત્યાર સુધીનું આ સૌથી સ્પષ્ટ નિવેદન માનવામાં આવે છે.

એક ડોક્યુમેન્ટરી માટે ઓપરેશન સિંદૂર અંગે વાત કરતાં તેમણે કહ્યું હતું કે સમગ્ર વિશ્વ માટે આ સંદેશો ખૂબ જ સ્પષ્ટ છે.

ભારતની ઉદારતા અને સહનશીલતાને તેની નબળાઈ સમજવી ન જોઈએ. ભારત જોખમ લઈ શકે છે અને પરિણામોની પરવા કર્યા વિના દુશ્મન દેશો પર પ્રહાર પણ કરી શકે છે, એમ તેમણે કહ્યું હતું.

પ્રતિરોધક નીતિ ત્યારે જ અસરકારક બને છે જ્યારે તે માટે જરૂર જણાય ત્યારે કાર્યવાહી કરવાની તૈયારી પુરવાર કરવામાં આવે.

સાતમી મેએ આરંભવામાં આવેલા ઑપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાન અને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (પીઓકે)સ્થિત જૈશે મોહંમદ અને લશ્કરે તૈયબાના આતંકવાદી

(જુઓ પાનું ૨) ▸▸

## ઇંધણના ભાવમાં નરમાઈને કારણે જુલાઈમાં જથ્થાબંધ ફુગાવો ઘટીને ૯.૭૮ ટકા થયો

નવી દિલ્હી: ઇંધણ અને ખાદ્યપદાર્થોના ભાવમાં ઘટાડો થવાને કારણે જુલાઈમાં હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સ (જથ્થાબંધ ભાવાંક) ફુગાવો નવ મહિનામાં (ઓક્ટોબર ૨૦૨૫ પછી) પહેલી વાર મહિના-દર-મહિને ઘટીને ૯.૭૮ ટકા થયો.

જૂનમાં જથ્થાબંધ ભાવાંક (ડબલ્યુપીઆઈ) આધારિત ફુગાવો ૯.૮૭ ટકા હતો.

જુલાઈના આંકડાઓમાં નરમાઈ મુખ્યત્વે પ્રાથમિક ચીજવસ્તુઓ અને ઉત્પાદિત ઉત્પાદનોમાં ફુગાવો વધ્યો હોવા છતાં, ઇંધણ અને વીજળીમાં ફુગાવામાં ઘટાડો થવાને કારણે છે.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે શુક્રવારે માસિક જથ્થાબંધ ભાવાંક (ડબલ્યુપીઆઈ) ડેટા જાહેર કરતી વખતે જણાવ્યું હતું કે જુલાઇ ૨૦૨૬માં ખનિજ તેલ (પેટ્રોલિયમ ઉત્પાદનો ધરાવતું), ખાદ્ય પદાર્થો, મૂળભૂત ધાતુઓનું ઉત્પાદન, બિન-ખાદ્ય વસ્તુઓ, ખાદ્ય ઉત્પાદનોનું ઉત્પાદન અને રસાયણો અને રાસાયણિક ઉત્પાદનોનું ઉત્પાદન ડબલ્યુપીઆઈ ફુગાવાના મુખ્ય પરિબળો રહ્યા છે.

જુલાઈમાં બળતણ અને વીજળીમાં જથ્થાબંધ ફુગાવો ઘટીને ૨૦.૦૫ ટકા થયો, જે જૂનમાં

(જુઓ પાનું ૨) ▸▸

## આંદોલક વિદ્યાર્થીઓ પર પૅલિટ ગનના ઉપયોગનો દાવો રિજિજુએ નકાર્યો

નવી દિલ્હી: સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ દિલ્હીમાં નીટ પેપર લીકના વિરોધમાં કરવામાં આવેલા જેન-ઝી વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન વધુ પડતા બળપ્રયોગના આરોપોને નકારી કાઢ્યા હતા અને કહ્યું હતું કે પ્રદર્શનકારીઓમાં કોઈને ગંભીર ઈજાઓ પહોંચી નથી.

રિજિજુએ સંસદના ચોમાસુ સત્ર ૧૩ ઓગસ્ટના રોજ અનિશ્ચિત સમય સુધી સ્થગિત થયાના એક દિવસ પછી એક ટીવી ચેનલ સાથે વાતચીત કરી હતી. આ સત્રમાં વિપક્ષે ખૂબ હોબાળો કર્યો હતો. જેમાં સરકાર અને વિપક્ષ અનેક મુદ્દા પર આમને સામને આવી ગયા હતા. વિપક્ષે આરોપ લગાવ્યો હતો કે પ્રદર્શનકારીઓ પર પૅલિટ ગન સહિત વધુ પડતા બળનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને સંસદમાં સરકાર પાસેથી આ મામલે સ્પષ્ટતા માંગવામાં આવી હતી. રિજિજુએ બળ પ્રયોગના આરોપોને ફગાવતા કહ્યું કે વ્યાપક પ્રમાણમાં ગંભીર ઈજાઓ પહોંચી નથી. જોકે, અગાઉ અનેક મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ૨૦ જુલાઈના સંસદ કૂચ દરમિયાન ૨૫ વર્ષીય પ્રદર્શનકારીને પૅલિટ ગનથી લગભગ ૨૦ ઈજાઓ પહોંચી હતી. મેડિકલ રેકોર્ડમાં તેની પીઠ અને કોણીમાં ઈજા પહોંચી હતી. વિરોધ પ્રદર્શન દરમિયાન અન્ય એક પ્રદર્શનકારીને આંખમાં ગંભીર ઈજા થઈ હતી. અગાઉ રિપોર્ટમાં દાવો કરાયો હતો કે પ્રદર્શનકારીઓને વિખેરવા માટે પૅલિટ ગનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જોકે દિલ્હી પોલીસે પૅલિટ ગનના ઉપયોગને ફગાવી દીધો હતો.

પરંતુ જ્યારે પૅલિટ ગનના ઉપયોગને લઈને પૂછાયેલા સવાલ પર રિજિજુએ કહ્યું કે જો હજારો લોકોના વિરોધપ્રદર્શન દરમિયાન આવા હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો હોત તો કેટલા લોકો ઘાયલ થયા હોત. તેમણે કહ્યું કે "પૅલિટ ગનમાં અનેક છરા હોય છે. તે એક પણ બુલેટ હોતી નથી. જો ફક્ત એક જ વ્યક્તિને ઈજા પહોંચી છે તો આપણે એ પણ જોવું પડશે કે તે કેવી રીતે થયું.

## જળસંકટ ઘેરાતા કચ્છને અછતગ્રસ્ત જાહેર કરવા માગ: ૧૭૦માંથી ૯૭ ડેમ ખાલીખમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં આ વર્ષે વરસાદ ખેંચાતાં સમગ્ર જિલ્લામાં ગંભીર અછત અને જળસંકટના એંધાણ વર્તાઈ રહ્યા છે. વરસાદના અભાવે ઘાસચારો, પીવાનું પાણી અને પશુધનની જાળવણીનો વિકટ પ્રશ્ન ઊભો થયો હોવાથી કચ્છ જિલ્લાને તુરંત અછતગ્રસ્ત જાહેર કરવા મુખ્ય પ્રધાન સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

અખિલ ગૌશાળા પાંજરાપોળ કચ્છ યુવા સંઘના પ્રમુખ ભરત સોંદરવાએ મુખ્ય પ્રધાનને પત્ર પાઠવી માગ કરી છે કે જિલ્લાની ૩૦૦થી વધુ પાંજરાપોળો અને ગૌશાળાઓમાં આશરે ૧.૫૦ લાખથી વધુ નિરાધાર પશુઓ આશ્રય લઈ રહ્યા છે. પશુધનને બચાવવા માટે 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના' હેઠળ દૈનિક પશુદીઠ રૂ.૫૦ની નિભાવ સહાય ચૂકવવામાં આવે તેવી માગ ઊઠી છે.

બીજીતરફ, છેવાડાના લખપત તાલુકામાં પશ્ચિમ વિસ્તારમાં નહિવત વરસાદને કારણે દુષ્કાળ જેવી દયનીય સ્થિતિ સર્જાઈ છે. રાહતદરે વિતરણ કરાતો સરકારી ઘાસનો જથ્થો ખલાસ થઈ જતાં ઘાસચારા અને દૂષિત પાણીના કારણે પશુમરણ થઈ રહ્યા હોવાનો માલધારીઓએ આક્રોશ વ્યક્ત કર્યો છે. તાલુકા મામલતદારના જણાવ્યા મુજબ, ડેપોમાં ઘાસનો જથ્થો ખૂટી પડતાં નવી દરખાસ્ત મોકલવામાં આવી છે. જિલ્લાની જળસંચય સ્થિતિ પણ ચિંતાજનક બની છે. કચ્છની ૧૭૦ નાની સિંચાઈ યોજનાઓમાંથી ૯૭ ડેમ સાવ ખાલીખમ છે અને માત્ર ૯.૩૩ ટકા જ પાણીનો જથ્થો બચ્યો છે. જ્યારે ૨૦ મધ્યમ સિંચાઈ યોજનાઓમાં સરેરાશ માત્ર ૧૦.૬૪ ટકા જ પાણી ઉપલબ્ધ છે.

## આજે અમરેલીમાં રાજ્યકક્ષાનો સ્વાતંત્ર્ય પર્વ દેશભક્તિના માહોલમાં હર્ષોલ્લાસભેર ઉજવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારતના ૮૦મા સ્વાતતંત્ર્ય પર્વની રાજ્યાકક્ષાની ભવ્યત ઉજવણી આ વર્ષે અમરેલી જિલ્લાના આંગણે યોજાવા જઈ રહી છે, જેને પગલે સમગ્ર જિલ્લામાં ચોતરફ દેશભક્તિ , ગૌરવ અને રાષ્ટ્રીય ભાવનાનો અભૂતપૂર્વ અને અનેરો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઐતિહાસિક અને રાષ્ટ્રીય મહત્વ ધરાવતા પર્વની ઉજવણીને અત્યંત ભવ્ય, ગરિમાપૂર્ણ અને સફળ બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ સ્તરે તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ પણ દેશના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં ભાગ લેવા માટે અમરેલી પહોંચી ગયા છે. તેમની ઉપસ્થિતિમાં શુક્રવારે અમરેલીમાં 'વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ' કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી જિલ્લાપ્રભારી સચિવ સંદીપકુમારના અધ્યક્ષ સ્થાને પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મુખ્ય કાર્યક્રમનું અંતિમ અને સફળ ફૂલ-ડ્રેસ રિહર્સલ સંપન્ન કરવામાં આવ્યું હતું. પ્રભારી સચિવે રૂબરૂ પરેડ ગ્રાઉન્ડની મુલાકાત લઈને નાગરિકો માટેની બેઠક વ્યવસ્થાઓ, પ્રોટોકોલ, કાયદો અને સુરક્ષા વ્યવસ્થાઓ તેમજ કાર્યક્રમના સુચારુ સંચાલન માટેની તમામ વહીવટી તૈયારીઓની ખૂબ જ ઝીણવટપૂર્વક અને સઘન સમીક્ષા કરી હતી તથા ઉપસ્થિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રિહર્સલ દરમિયાન અમરેલી જિલ્લા કલેક્ટનર વિકલ્પર ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પ્રજાપતિ, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત સહિત સમગ્ર વહીવટી તંત્ર અને પોલીસ વિભાગના તમામ ઉચ્ચ અને નોડલ અધિકારીશ્રીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ૧૫ ઓગસ્ટે સવારે ૯.૦૦ વાગ્યે પોલીસ પરેડ મેદાન ખાતે ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રી પટેલ તિરંગો ફરકાવશે. આ અવસરે જિલ્લા કલેક્ટર વિકલ્પર ભારદ્વાજ દ્વારા અમરેલી જિલ્લાના તમામ નાગરિકોને આ ઐતિહાસિક પ્રસંગે ઉપસ્થિત રહેવા જાહેર નિમંત્રણ આપવામાં આવ્યું છે, અને હાજર રહેવા માટે ગ્રાઉન્ડ ખાતે સવારે ૮:૦૦ વાગ્યા સુધીમાં પોતાનું સ્થાન મેળવી લેવા વિનંતી કરવામાં આવી છે.આ કાર્યક્રમમાં રાષ્ટ્રધ્વજને સલામી સાથે જિલ્લા વહિવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા તૈયાર કરાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ થશે, જે અમરેલી માટે યાદગાર બની રહેશે.

## જો ૧૯૪૭માં મોદી વડા પ્રધાન હોત તો કોઇ નુકસાન થયું ન હોત: આદિત્યનાથ

લખનઊ: ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શુક્રવારે ભારતના ભાગલા માટે કોંગ્રેસને જવાબદાર ઠેરવતા કહ્યું કે જો તે સમયે નરેન્દ્ર મોદી ભારતના વડા પ્રધાન હોત તો દેશને કોઇ નુકસાન ન થયું હોત.

આદિત્યનાથે એમ પણ જણાવ્યું કે જો તે સમયે સરદાર વલ્લભભાઇ પટેલ જેવા વ્યક્તિ વડા પ્રધાન હોત તો ભારતને કોઇ તોડી શક્યું ન હોત. લખનઉમાં ૧૯૪૭ના ભાગલાની ભયાનકતાને યાદ કરવા માટે આયોજિત એક કાર્યક્રમમાં બોલતા આદિત્યનાથે કોંગ્રેસને વિભાજન અને ત્યારબાદ થયેલા નરસંહાર માટે ખરી રીતે જવાબદાર ગણાવી હતી. તેમણે કહ્યું કે જો આઝાદીના સમયે નરેન્દ્ર મોદી ભારતના વડા પ્રધાન હોત તો કોઇ પણ ભારતને જરા અમથું પણ નુકસાન પહોંચાડી શક્યું ન હોત. તેમણે વધુમાં જણાવ્યું કે જો તે સમયે સરદાર વલ્લભભાઇ પટેલ જેવા વ્યક્તિ વડા પ્રધાન હોત તો કોઇ પણ ભારતને તોડી શક્યું ન હોત...દેશને કોંગ્રેસ સભ્યોની કાયરતાની ભારે કિંમત ચૂકવવી પડી હતી. એક એવું ચરિત્ર જેને તમે બધાએ સીએએના વિરોધ દરમિયાન જોયું હતું. ભાજપના નેતાએ એવો પણ આરોપ લગાવ્યો કે ૧૯૪૭માં પાકિસ્તાનને જમીનનો એક ભાગ મળ્યો હતો જેની તેણે ક્યારેય માગણી પણ કરી ન હતી. તેમણે દાવો કર્યો કે સિંધ એ હિન્દુ બહુમતી અને સિંધી બહુમતી ધરાવતો પ્રદેશ હતો. જેને બળજબરીથી પાકિસ્તાનને સોંપી દેવામાં આવ્યો હતો. એ જ રીતે પંજાબી બહુમતી ધરાવતા પંજાબને પણ સોંપી દેવામાં આવ્યું હતું.

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સંઘને કાબૂમાં લેવાના ખડગેના ઉધામાનું કારણ શું?

**કર્ણાટકમાં** કૉંગ્રેસની સરકાર આવી ત્યારથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) સાથે કોઈ ને કોઈ મુદ્દે ઘર્ષણ થયા કરે છે. હવે ડી. કે. શિવકુમાર સરકારે કર્ણાટક રેગ્યુલેશન ઓફ યુઝ ઓફ ગવર્નમેન્ટ પ્રીમાઈસીસ એન્ડ પબ્લિક પ્રોપર્ટી બિલ, ૨૦૨૬ ને મંજૂરી આપતાં આ ઘર્ષણ તીવ્ર બને એવાં એંધાણ છે. આ બિલ વિધાનસભામાં પસાર થશે તો કોઈ પણ સંસ્થા કે સંગઠને સ્કૂલો, બગીચા અને મેદાનો સહિતની સરકારી માલિકીની તમામ જાહેર મિલકતોમાં સભાઓ, રેલીઓ કે કોઈ પણ પ્રકારના અન્ય કાર્યક્રમ માટે પહેલાંથી સરકારી મંજૂરી લેવી થઈ જશે. સૂચિત કાયદામાં 'અનરિજસ્ટર્ડ એન્ટિટીઝ' એટલે કે નોંધાયા વિનાનાં સંગઠન-સંસ્થા શબ્દ વપરાયો છે એ સૂચક છે કેમ કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ નોંધાયેલી સંસ્થા કે સંગઠન નથી.

આ મંજૂરી રાજ્ય સરકાર આપશે કે સ્થાનિક વહીવટી તંત્ર પણ આપી શકશે કે કેમ એ સ્પષ્ટતા નથી કરાઈ, પણ આ કાયદો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને ભીંસમાં લેવા માટે લવાઈ રહ્યો હોવાનું સ્પષ્ટ છે. કૉંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના પુત્ર પ્રિયાંક ખડગે કર્ણાટકના ગૃહ મંત્રી છે. પ્રિયાંક ખડગેએ આપેલી માહિતી પ્રમાણે, કર્ણાટક કેબિનેટે મંજૂર કરેલું કર્ણાટક રેગ્યુલેશન ઓફ યુઝ ઓફ ગવર્નમેન્ટ પ્રીમાઈસીસ એન્ડ પબ્લિક પ્રોપર્ટી બિલ, ૨૦૨૬ ખાનગી વ્યક્તિઓ, સંગઠનો, સંગઠનો અને સમાજો દ્વારા સરકારી સંકુલો અને જાહેર સંપત્તિના ઉપયોગનું નિયમન અને સંચાલન કરવા લવાઈ રહ્યું છે. સરકારી જમીનો, ઇમારતો, રમતનાં મેદાનો, બગીચા, રસ્તા અને અન્ય જાહેર સંપત્તિઓનો જવાબદારીપૂર્વક ઉપયોગ થાય અને દુરપયોગ અટકે એ આ બિલનો ઉદ્દેશ છે.

પ્રિયાંક ખડગેએ આ બિલ સંઘને ધ્યાનમાં રાખીને લવાઈ રહ્યું હોવાની વાતને બકવાસ ગણાવીને સવાલ કર્યો છે કે, દરેક વ્યક્તિ એવું કેમ વિચારી રહી છે કે આ બિલ કોઈ ચોક્કસ સંસ્થા, સંગઠન, સંગઠન, સમાજ, ક્લબ, યુનિયન, સિન્ડિકેટ અથવા એનજીઓને બંધ કરાવવા કે નિયંત્રિત કરવા માટે લવાઈ રહ્યું છે? ખડગે ભલે કાલા થઈ રહ્યા હોય પણ આ બધા ઉધામા સંઘને ધ્યાનમાં રાખીને કરાઈ રહ્યા છે એ સ્પષ્ટ છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ નોંધાયેલી સંસ્થા કે સંગઠન નથી તેથી આ કાયદો અમલી બને તો સંઘ સરકારી જગા પર સત્તાવાર રીતે સભા કે બીજા કોઈ કાર્યક્રમ માટે અરજી ના કરી શકે. સૌથી વધારે અસર સંઘની દરરોજ યોજાતી શાખાઓ પર પડે કેમ કે ઘણી શાખાઓ સરકારી સ્કૂલો, જાહેર બગીચા કે મેદાનોમાં થાય છે. ટૂંકમાં આ કાયદાની આડમાં કોંગ્રેસ સરકાર સંઘની મેથી મારવાનો કાર્યક્રમ પૂરજોશમાં શરૂ કરી શકે.

સંઘને તેનાથી બહુ ફરક પડતો નથી. કૉંગ્રેસ હજુ એવા ભ્રમમાં જ જીવે છે કે, સંઘ ૧૦૦ વર્ષ પહેલાં રચાયું ત્યારે પાંચ-પચ્ચીસ સ્વંયસેવકોથી ચાલતું સંગઠન હતું એવું ને એવું જ છે. વાસ્તવમાં સંઘ ૧૦૦ વર્ષમાં બહુ બદલાયો છે ને તેની તાકાત અનેક ગણી વધી છે. સંઘ પાસે અત્યારે કરોડો સ્વયંસેવકો છે અને અબજોનું ફંડ છે. પહેલાં રૂપિયા નહોતા ત્યારે સંઘે જાહેર મેદાનો, બગીચા વગેરે સ્થળે કાર્યક્રમો કરવા પડતા પણ અત્યારે એવી સ્થિતિ નથી. અત્યારે દેશભરમાં સંઘ પાસે કોર્પોરેટ કંપનીઓને ટક્કર મારે એવાં હેડક્વાર્ટર્સ છે ને તેમાં અંજાઈ જવાય એવા હોલ, ઓડિટોરિયમ્સ છે તેથી નાના નાના કાર્યક્રમો માટે તો સંઘે બહાર જવાની જરૂર જ નથી પડતી.

હજારો લોકો ભેગા થવાનાં હોય એવા મોટા કાર્યક્રમો માટે સંઘને મોટાં મેદાન વગેરેની જરૂર પડે પણ સંઘ પોતાની રીતે ખાનગી મેદાનો ભાડે લઈ શકે એટલો આર્થિક સધ્ધર છે જ. આ કાયદો આખા દેશમાં નહીં પણ કર્ણાટકમાં જ લાગુ થશે ને કર્ણાટકમાં જ સંઘ પાસે એવા ખમતીધર માણસો છે જ કે જે ગમે તેવાં મોટાં મેદાનો ભાડે લઈ શકે. સંઘ સાથે સંકળાયેલા લોકોની શૈક્ષણિક સંસ્થાઓ ને સંઘની પોતાની સંસ્થાઓ પાસે પણ એવાં મેદાનો કે બીજી સવલતો છે જ કે જ્યાં ગમે તેવા કાર્યક્રમ કરી શકાય. સંઘ સાથે સંકળાયેલાં લોકોની સંસ્થાઓ, સ્કૂલો વગેરેમાં નિયમિત શાખાઓ પણ કરી જ શકાય.

આ કારણે શિવકુમારની સરકાર ગમે તેવો કાયદો લાવે, સંઘને રતિભાર ફરક પડતો નથી પણ સવાલ ફક્ત પડે કે ના પડે તેનો નથી પણ માનસિકતાનો છે. પ્રિયાંક ખડગે લાંબા સમયથી સંઘની પાછળ આદુ ખાઈને પડ્યા છે. ગયા વરસે તો તેમણે સિદ્ધારમૈયા સરકારને પત્ર લખીને આરએસએસની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી. ખડગેએ આક્ષેપ મૂકેલો કે, આરએસએસ પર ગેરબંધારણીય પ્રવૃત્તિઓમાં સામેલ છે તથા યુવાનો-દેશની એકતા અને અખંડિતતા માટે જોખમી બનાવવા માટે ઉશ્કરે છે. પ્રિયાંક ખડગેએ એ વખતે સરકારી શાળાઓ, ગ્રાન્ટેડ સ્કૂલો, સરકારી રમતનાં મેદાનોમાં સંઘની શાખાઓને મંજૂરી ન આપવા તેમજ સરકારી માલિકીના મંદિરોના ઉપયોગ પર પણ પ્રતિબંધ મૂકવાની માગ કરી હતી, ખગડેનો આક્ષેપ છે કે, સંઘ તેની પ્રવૃત્તિઓ દ્વારા નફરતના બીજ વાવે છે અને તેના કાર્યકરો પોલીસની પરવાનગી વિના લાકડીઓ લઈને ફરે છે તેથી ગેરકાનૂની પ્રવૃત્તિઓ પણ કરે છે.

ખડગે ત્યારે સરકારમાં નહોતા એટલે કશું કરી શક્યા નહોતા પણ સિદ્ધરામૈયા મુખ્યમંત્રીપદે ગયા ને શિવકુમાર સત્તાનશીન થયા પછી ખડગેને ગૃહ ખાતું મળતાં તેમણે સંઘને ટાર્ગેટ કરવાનું ફરી શરૂ કરી દીધું. ખગડેએ સરકારી સ્કૂલોમાં શાખા પર પ્રતિબંધ માટે ફતવો બહાર પાડેલો પણ હાઈ કોર્ટે તેને ફગાવી દેતાં હવે કાયદાનું તૂત ઊભું કર્યું છે.

ખડગે નહેરુ-ગાંધી ખાનદાનની ચાપલૂસીના ભાગરૂપે આ બધું કરી રહ્યા છે એ કહેવાની જરૂર નથી. રાહુલ ગાંધીની પિન સંઘ પર ચોંટેલી છે અને ગમે તે બહાને સંઘ પર પ્રહારો કર્યા જ કરે છે. સંઘની વિચારધારા દેશ માટે ખતરનાક છે એવી બધી વાતો કરીને સંઘને નેસ્તનાબૂદ કરવાની હાકલ પણ રાહુલ કરી રહ્યા છે. પ્રિયાંકની મનસા ભવિષ્યમાં મુખ્ય પ્રધાન બનવાની છે ને કૉંગ્રેસમાં નહેરુ-ગાંધી ખાનદાનની મહેરબાની હોય તો મુખ્ય પ્રધાનપદ મળે તેથી પ્રિયાંક રાહુલની ચાપલૂસીમાં કોઈ કસર છોડી રહ્યા નથી. ચા કરતાં કીટલી વધારે ગરમ હોય એ હિસાબે રાહુલ કરતાં પણ વધારે ગરમી બતાવીને સંઘનો વિરોધ કરી રહ્યા છે.

આ દેશમાં લોકશાહી છે તેથી પ્રિયાંકને પોતાની માન્યતા ધરાવવાનો અધિકાર છે પણ સામે સંઘને પણ પોતાની વિચારધારાનો અધિકાર છે. સંઘની વિચારધારા દેશ માટે ખતરનાક છે કે ગેરકાયદેસર કામો કરે છે એ પણ કૉંગ્રેસનો મત છે ને તેના મતને કારણે સંઘ પર પ્રતિબંધ મૂકવા કે નિયંત્રણો મૂકવાં એ લોકશાહીના સિદ્ધાંતોની વિરુદ્ધ છે. કર્ણાટકની કૉંગ્રેસ સરકાર કાયદાની આડમાં આ પ્રવૃત્તિ કરી રહી છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર વર્ષાઋતુ, શનિવાર, તા. ૧૫-૮-૨૦૨૬, સ્વતંત્ર દિન, હરિયાળી ત્રીજ, મધુશ્રવા તૃતીયા

- ભારતીય દિનાંક ૨૪, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, શ્રાવણ સુદ -૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે શ્રાવણ, તિથિ સુદ -૩
- પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧લો હોરમજદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૮મો જમીઆદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૩જો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૮
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૫ સુધી, પછી હસ્ત
- ચંદ્ર સિંહમાં સવારે ક. ૦૯-૩૪ સુધી, પછી કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ), કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૩-૪૧, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૦૧ (તા. ૧૬)
- ઓટઃ સવારે ક. ૦૭-૨૨, રાત્રે ક. ૨૦-૦૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, શ્રાવણ શુક્લ - તૃતીયા. હરિયાળી ત્રીજ, મધુશ્રવા તૃતીયા, મારુતિપૂજન, સ્વતંત્ર દિન, મુસ્લિમ ૩જો રબી ઉલ અવ્વલ માસારંભ, પારસી સન ૧૮૯૬, પારસી નૂતન વર્ષારંભ પતેતી, પારસી ૧લો ફરવરદીન માસારંભ, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૪ થી સાંજે ક. ૧૬-૫૨. સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- શ્રાવણ મહિમાઃ મહાબલિ હનુમાનજીનું પૂજન કરવું, શનિ દેવતાનું પૂજન, પીપળાનું પૂજન કરવું, તલના તેલનો દીવો કરવો. શિવજીને બિલીપત્ર ચઢાવવા. શિવભક્તિ શ્રાવણ માસમાં અનેરો મહિમા ધરાવે છે. ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં પોઢી ગયેલ છે. શિવજીને સમગ્ર સંસારના રક્ષણની જવાબદારી સોંપી છે. જનસમુદાય શિવજીની ભક્તિમય શ્રાવણમાં જોવામાં આવે છે.
- મુહૂર્ત વિશેષઃ સૂર્ય-શનિ દેવતાનું પૂજન, અર્યમ્મા પૂજન, ૐ અર્યમ્ણે નમઃના મંત્ર જાપ કરવા. ધ્રુવ દેવતાનું પૂજન, સ્થિર કાર્યો, પ્રયાણ મધ્યમ, મુંડન કરાવવું નહિ, મિત્રતા કરવી, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નવગ્રહ મંદિર ઉપર પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી, બગીચો બનાવવો, રોપા વાવવા, બી વાવવું, ખેતીવાડીના કામકાજ, ધાન્ય ભરવું, શ્રી વિનાયક પૂજા, શિવ-પાર્વતી પૂજા, ગાયમાતાનું પૂજન.
- આચમનઃ બુધ-ગુરુ યુતિ સહનશક્તિવાળા, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ અવિચારી.
- ખગોળ જ્યોતિષઃ બુધ-ગુરુ યુતિ, ચંદ્ર-મંગળ ચતુષ્કોણ (તા. ૧૬). શુક્ર પૂર્વમાં ખૂબ ઊંચે ૪૫.૯ ડિગ્રી અંતરે ઊંચે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-મિથુન, માર્ગી બુધ-કર્ક, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કન્યા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

## આ સૌ તેજસ્વી યુવાનો...: આમ કહી સમય રાઈનાને સુપ્રીમ કોર્ટે રાહત આપી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે ઇન્ડિયાઝ ગોટ લેટિન્ટ વિવાદ મામલામાં સ્ટેન્ડ-અપ કોમેડિયન સમય રાઇના સહિત પાંચ લોકો સામેના ફોજદારી કેસોને સમાપ્ત કરી દીધા છે. કોર્ટે આ નિર્ણય દિવ્યાંગ વ્યક્તિઓ સાથે જોડાયેલા જાગૃતિ કાર્યક્રમો અને તેમના માટે ભંડોળ એકત્ર કરવાની દિશામાં કરવામાં આવેલા પ્રયાસોને ધ્યાનમાં લેતા લેવામાં આવ્યા હતા. જોકે, સુપ્રીમ કોર્ટે આ કેસ સંપૂર્ણપણે બંધ કર્યો નથી.

આ કેસ તેમના શો 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ના એક એપિસોડમાં દિવ્યાંગ વ્યક્તિઓને લઈને કરવામાં આવેલી વાંધાજનક ટિપ્પણીઓ સાથે સંબંધિત છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે સમય અને અન્ય લોકોને જાગૃતિ કાર્યક્રમ આયોજિત કરવા અને દિવ્યાંગ વ્યક્તિઓ માટે ભંડોળ એકત્ર કરવાના સુપ્રીમ કોર્ટના નિર્દેશનું પાલન કર્યું છે.

સમય સિવાય વિપુલ ગોયલ, બલરાજ પરમજીત સિંહ, સોનાલી ઠક્કર ઉર્ફ સોનાલી આદિત્ય દેસાઈ અને નિશાંત જગદીશ તંવર વિરુદ્ધ દાખલ એફઆઈઆર પણ સુપ્રીમ કોર્ટે રદ કર્યા છે. અગાઉની સુનાવણી દરમિયાન સર્વોચ્ચ અદાલતે સમય અને અન્ય ચાર લોકો પર ત્રણ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. કોર્ટે કહ્યું હતું કે તેમણે સુધારા અંગે આપેલા આશ્વાસનોનું પાલન ન કરીને કોર્ટને ગેરમાર્ગે દોરી છે. સુપ્રીમ કોર્ટે સમય અને અન્ય લોકોના પ્રયાસોની પ્રશંસા કરી હતી. દિવ્યાંગ વ્યક્તિઓ માટે શો આયોજીત કરવા બદલ સમય, ગોયલ, ઘઈ, ઠક્કર અને તંવરના પ્રયાસોની કોર્ટે પ્રશંસા કરી હતી. કોર્ટે કહ્યું હતું કે એકવાર સાચી દિશામાં પ્રયાસો થાય છે તો સકારાત્મક પરિણામો ચોક્કસ મળે છે. તેઓ ખૂબ જ તેજસ્વી યુવાનો છે. જો તેઓએ સકારાત્મક દિશામાં કામ કરવાનું શરૂ કર્યું હોય તો સકારાત્મક પરિણામ આવશે.

જોકે, સુપ્રીમ કોર્ટ આ કેસ પર વધુ સુનાવણી કરશે જેથી દિવ્યાંગ લોકો માટે આવા કન્ટેટ પર વ્યાપક રીતો પર સૂચનો પર વિચાર કરી શકાય અને તેના સાથે જોડાયેલા વ્યાપક મુદ્દાઓ પર યોગ્ય દિશાનિર્દેશો જાહેર કરી શકાય.

## રાહુલનો અહંકાર હવે પાગલપનમાં ફેરવાઈ રહ્યો છેઃ ભાજપ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વિદેશ નીતિ અંગે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કરેલી ટિપ્પણીની ભાજપે શુક્રવારે આકરી ટીકા કરી હતી અને કહ્યું હતું કે તેમનો અહંકાર હવે પાગલપનમાં ફેરવાઈ રહ્યો હોવાનું જણાઈ રહ્યું છે.

પત્રકારોને આપેલી મુલાકાતમાં ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ કહ્યું હતું કે દેશે હવે નક્કી કરવું પડશે કે રાહુલ ગાંધીએ જે કર્યું તે માત્ર નિરાશ, માનસિક રીતે અસ્વસ્થ અને ઈર્ષ્યાગ્રસ્ત વ્યક્તિની બાલિશ હરકતો છે કે પછી વિદેશી શક્તિઓ દ્વારા રચાયેલા કાવતરાંનો હિસ્સો છે.

દેશની તંદુરસ્ત લોકશાહી માટે કૉંગ્રેસ અને રાહુલ પડકારરૂપ બની ગયા હોવાનો આક્ષેપ તેમણે કર્યો હતો.

આ નિવેદનના એક દિવસ અગાઉ રાહુલે ભાજપ-આરએસએસને જોકરોનું ટોળું ગણાવ્યું હતું અને કહ્યું હતું કે તેમને ભારતની કોઈ સમજ નથી.

રાહુલે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વિદેશ નીતિની મજાક ઉડાડી હતી અને દાવો કર્યો હતો કે મોદીની વિદેશ નીતિ માત્ર વિદેશી નેતાઓને ભેટી પડવા પૂરતી જ સીમિત છે.

તેમણે કહ્યું હતું કે મોદીના મનમાં એવું બેસી ગયું છે કે વિદેશ નીતિ એટલે વિદેશી નેતાઓને ભેટી પડવું. (એજન્સી)

## ડ્રગ્સ માફિયા વીરેન્દ્રસિંહ બસોયાને યુએઈએ સોંપી દીધો ભારતને

નવી દિલ્હીઃ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો(એનસીબી)એ ડ્રગ્સ માફિયા અને ફરાર આરોપી વીરેન્દ્ર સિંહ બસોયાને સંયુક્ત આરબ અમીરાત(યુએઇ)થી પરત લવાયો છે. આ વાત કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે કહી હતી.

ગૃહ પ્રધાને સોશ્યલ મીડિયા પર એક પોસ્ટમાં જણાવ્યું કે નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર વિદેશોમાં છુપાયેલા ડ્રગ તસ્કરોને સતત શોધી રહી છે અને કડક વલણ અપનાવતા તેમના સમગ્ર નેટવર્કને ખતમ કરી રહી છે.

તેમણે કહ્યું કે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો(એનસીબી)એ યુએઇથી બસોયાને પરત લાવી હતી અને આ પ્રત્યપર્ણ માદક પદાર્થો સામેની ઝીરો ટોલરન્સ પોલીસીમાં નવો સીમાચિહ્ન સ્થાપિત કર્યો છે. તેમણે કહ્યું કે ગુનેગારને શોધવા માટે ઉપરથી નીચે અને નીચેથી ઉપર સુધીની રણનીતિ અપનાવતા આપણી એજન્સીઓએ ફરી એકવાર સાબિત કર્યું છે કે ડ્રગની તસ્કરી કરનારાઓ ગમે ત્યાં છુપાયેલા હોય પણ ભારતીય કાયદાના લાંબા હાથથી બચી શકે નહીં.

વીરેન્દ્ર સિંહ બસોયા આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ તસ્કરી ગેંગનો મુખ્ય સૂત્રધાર હોવાનો આરોપ છે. બસોયાનું નામ વર્ષ ૨૦૨૪માં પુણેમાં ૫૦૦ ગ્રામ મેફેડ્રોન જપ્ત કરવાના સંદર્ભમાં સામે આવ્યું હતું. ત્યારબાદ સમગ્ર ડ્રગ્સ તસ્કરીના નેટવર્કની ભાળ મેળવવા અને તેનો ખાતમો કરવા માટે તપાસનો વિસ્તાર વધારવામાં આવ્યો હતો.

## વીર સાવરકર વિરોધી ટિપ્પણીઃ રાહુલ ગાંધી સામેની ફરિયાદ ફગાવી સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે રાહુલ ગાંધી વિરુદ્ધ હિન્દુત્વ વિચારધારા ધરાવતા વિનાયક દામોદર સાવરકર વિરુદ્ધ ટિપ્પણી કરવા બદલ ટ્રાયલ કોર્ટ દ્વારા જારી કરાયેલ ફોજદારી માનહાનિની ફરિયાદ અને સમન્સ રદ કર્યા હતા, અને કહ્યું હતું કે કાયદા હેઠળ જરૂરી મંજૂરી મળી નથી.

માનહાનિનો કેસ ૧૭ નવેમ્બર, ૨૦૨૨ના રોજ મહારાષ્ટ્રના અકોલા જિલ્લામાં એક રેલીમાં ભારત જોડો યાત્રા દરમિયાન રાહુલ દ્વારા સાવરકર પર કરવામાં આવેલી ટિપ્પણીઓમાંથી ઉદભવ્યો છે. રાહુલની અરજીને મંજૂરી આપતા, ન્યાયાધીશ દીપાંકર દત્તા અને શીલ નાગુની બેન્ચે નોંધ્યું હતું કે આ કેસમાં રાહુલ સામે કાર્યવાહી કરવા માટે કાયદા હેઠળ જરૂરી મંજૂરીનો અભાવ છે. કલમ ૧૯૬ સીઆરપીસી હેઠળ, કલમ ૧૫૩એ આઈપીસી (જૂથો વચ્ચે દુશ્મનાવટને પ્રોત્સાહન) હેઠળના ગુનાની નોંધ લેવા માટે રાજ્ય સરકારની મંજૂરી ફરજિયાત છે. યુપી દ્વારા દાખલ કરાયેલા સોગંદનામામાં, વધારાના સોલિસિટર જનરલ અને ફરિયાદીના વકીલે દલીલ કરી છે કે મંજૂરીનો કોઈ ખુલાસો નથી. આ બાબતને ધ્યાનમાં રાખીને, મેજિસ્ટ્રેટ દ્વારા આપવામાં આવેલી ફરિયાદ અને આદેશો રદ કરવામાં આવે છે, તેવું બેન્ચે જણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં એક રેલીમાં સાવરકર પર બેજવાબદાર ટિપ્પણી કરવા બદલ સુપ્રીમ કોર્ટે અગાઉ રાહુલની નિંદા કરી હતી પરંતુ તેની સામે ફોજદારી કાર્યવાહી પર સ્ટે મૂક્યો હતો. તેણે ઉત્તર પ્રદેશ સરકાર અને ફરિયાદી એડવોકેટ નૃપેન્દ્ર પાંડેને નોટિસ જારી કરી હતી અને રાહુલ સામે ટ્રાયલ કોર્ટના સમન્સને રદ કરવાનો ઇનકાર કરતા અલાહાબાદ હાઇકોર્ટના આદેશ પર સ્ટે મૂક્યો હતો. પાંડે દ્વારા તેની સામે લોકો વચ્ચે દુશ્મનાવટ અને જાહેર દુષ્કર્મને પ્રોત્સાહન આપવા જેવા કથિત ગુનાઓ માટે વિવિધ જોગવાઈઓ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

ચોથી એપ્રિલ, ૨૦૨૫ના રોજ અલાહાબાદ હાઇ કોર્ટની લખનઊ બેન્ચે રાહુલને રાહત આપવાનો ઇનકાર કર્યો હતો અને કહ્યું હતું કે તેઓ સેશન્સ કોર્ટ સમક્ષ રિવિઝન અરજી દાખલ કરી શકે છે. લોકસભામાં રાહુલે તેમની સામે ચાલી રહેલી કાર્યવાહીનો વિરોધ કરતા, આ કેસમાં તેને સમન્સ પાઠવવાના ટ્રાયલ કોર્ટના નિર્ણયને પડકાર્યો હતો.

એડવોકેટ પાંડેએ ફરિયાદ દાખલ કરી હતી, જેમાં રાહુલ પર રેલી દરમિયાન ઇરાદાપૂર્વક સાવરકરનું અપમાન કરવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે તે સાવરકરને બદનામ કરવાના સુનિયોજિત કાવતરાનો ભાગ હતો.

## ઈરાનના પ્રમુખ 'બ્રિક્સ' સમિટ માટે ભારત આવશે

નવી દિલ્હીઃ ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન 'બ્રિક્સ' સમિટ માટે ભારત આવશે, એમ ઇરાનના સત્તાવાર સૂત્રોએ શુક્રવારે જણાવ્યું હતું. ભારતના અધ્યક્ષપદ હેઠળ આ વર્ષના સપ્ટેમ્બરમાં 'બ્રિક્સ' સમિટનું આયોજન થઈ રહ્યું હોવાને કારણે પણ તેમની આ મુલાકાતને મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

ભારત દ્વારા આ સમિટનું થીમ 'નિર્માણ થકી મજબૂતી, નવીનતા, સહકાર અને ટકાઉપણુ' રાખવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૨૬ના પ્રારંભમાં ભારતે બ્રાઝિલ પાસેથી 'બ્રિક્સ'નું અધ્યક્ષપદ સંભાળ્યું હતું. ઑક્ટોબર ૨૦૨૪માં રશિયાના કઝાનમાં યોજાયેલી બ્રિક્સ સમિટ દરમિયાન ઇરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. મુલાકાત દરમિયાન બંને નેતાએ દ્વિપક્ષી અને પ્રાદેશિક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

વર્ષ ૨૦૨૪માં ઇરાન બ્રિક્સનું પૂર્ણ સભ્ય બન્યું હતું અને તેની સાથે ઇજિપ્ત, ઇથોપિયા અને સંયુક્ત આરબ અમીરાત પણ સભ્ય બન્યા હતા. વર્ષ ૨૦૨૫માં ઇન્ડોનેશિયા પણ બ્રિક્સમાં જોડાતાં સભ્યોની સંખ્યા ૧૧ થઈ હતી.

અગાઉ ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ આ વર્ષના જૂનમાં બ્રિક્સ વિદેશમંત્રીઓની બેઠકમાં ભાગ લેવા ભારતની મુલાકાતે આવ્યા હતા. (એજન્સી)

## યુરોપમાં ભયંકર ગરમીથી દાવાનળો ફાટવાનો ખતરો

પેરિસઃ યુરોપ ખંડનો મોટો ભાગ રેકોર્ડ બ્રેક ગરમીના પ્રકોપનો ભોગ બની રહ્યો છે. ભીષણ ગરમીને કારણે શુક્રવારે ફ્રાન્સ અને મધ્ય ઇંગ્લેન્ડમાં અગ્નિશામકોએ અનેક સ્થળોએ ફાટી નીકળેલી જંગલની આગ ઓલવવા માટે ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો. વળી અત્યંત સૂકી જમીનના લીધે આગ ઓલવવાનું કામ વધુ મુશ્કેલ બની રહ્યું છે. ફ્રાન્સમાં આ વર્ષે અત્યાર સુધીનો સૌથી ઓછો વરસાદ નોંધાયો છે. આ દરમિયાન દક્ષિણ-પશ્ચિમ કિનારા પરના પ્રદેશના જંગલોમાં રાતભર આગ ફેલાતી રહી હતી. પ્રાદેશિક વહીવટીતંત્રે શુક્રવારે જણાવ્યું કે આગને કારણે લુગલોન શહેરમાં ૫૦૦થી વધુ લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી હતી. તેમજ આ વિસ્તારમાં સેંકડો ફાયરફાઇટર્સને તહેનાત કરવામાં આવ્યા છે.આ અઠવાડિયે ફ્રાન્સના ઘણા વિસ્તારોમાં જંગલમાં આગ ફાટી નીકળવાની ઘટનાઓ બની હતી. જેમાં ઉત્તર અને બ્રિટન જેવા સામાન્ય રીતે ઠંડા અને ભીના પ્રદેશોનો પણ સમાવેશ થાય છે. ગત મહિને બૉર્ડેક્સ નજીક જંગલમાં લાગેલી ભીષણ આગે ભારે વિનાશ વેર્યો હતો. પરિણામે અઢી લાખ લોકોને તેમના ઘર છોડવાની ફરજ પડી હતી. આ દરમિયાન જર્મનીમાં જંગલની આગ પર કાબૂ મેળવવાના પ્રયાસોમાં બીજા વિશ્વયુદ્ધ વખતના વિસ્ફોટ થયા વિનાના બૉમ્બને કારણે મુશ્કેલીઓ ઊભી થઇ હતી. ક્રોએશિયામાં હવાની દિશા બદલાવાથી આગ દરિયાકાંઠાની અંદરના પ્રદેશ સુધી ફેલાઇ ગઇ હતી. જેના કારણે ૧૦૦૦થી વધુ લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી.

ગુરુવારે યુકેમાં વર્ષનો સૌથી ગરમ દિવસ નોંધાયા બાદ વેસ્ટ મિડલેન્ડ્સમાં જંગલની આગ ઝડપથી ફેલાઇ હતી. જેમાં ઘણા ઘરો બળીને ખાક થઇ ગયાં હતાં. નેશનલ ફાયર ચીફ્સ કાઉન્સિલના ડેટા અનુસાર આ વર્ષે ઇંગ્લેન્ડ અને વેલ્સમાં જંગલની આગની લગભગ ૧,૦૧૭ ઘટનાઓ નોંધાઇ હતી. આ આગ વર્ષના નોંધાયેલા સૌથી ગરમ દિવસે લાગી હતી. પશ્ચિમ લંડનમાં તાપમાન ૩૮.૧ ડિગ્રી સેલ્સિયસ એટલે કે ૧૦૦.૬ ડિગ્રી ફેરનહિટ સુધી પહોંચી ગયું હતું. નેશનલ વેધર સર્વિસ અનુસાર ફ્રાન્સમાં ગુરુવારે ઘણા વિસ્તારોમાં તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસની નજીક પહોંચી ગયું હતું. શુક્રવારે પણ તાપમાન સમાન સ્તરે રહેવાની અને સપ્તાહના અંતે તેમાં ઘટાડો થવાની આગાહી કરવામાં આવી હતી.

તાપમાનમાં આ ઐતિહાસિક વધારો માનવ-પ્રેરિત આબોહવા પરિવર્તન સાથે જોડાયેલો છે. તેની અસર ખાસ કરીને એવા દેશો પર વધુ પડી રહી છે જે લાંબી ઠંડી ઋતુઓ માટે બનેલા છે. જ્યાં આ પ્રકારની ગરમીનો સામનો કરવા માટે પૂરતી વ્યવસ્થા(જેમ કે એર કન્ડિશનિંગ)નો અભાવ છે.

## પહેલા પાનાનું

### પરિણામોની પરવા કર્યા વિના

માળખા પર ચોકસાઈપૂર્વ હુમલા કરવામાં આવ્યા હતા.

આ હુમલાનો આશય ભારત જરૂર પડે ત્યારે કાર્યવાહી કરી શકે છે એ પુરવાર કરવાનો હતો.

પહલગામ આતંકવાદી હુમલાના જવાબમાં ભારતે ઑપરેશન સિંદૂર અંતર્ગત પાકસ્થિત આતંકવાદી છાવણી અને તાલીમ કેન્દ્રોને નિશાન બનાવી હુમલા કર્યા હતા. (એજન્સી)

### કૉક્રોચ કમેન્ટનો

ઝુંબેશના નામે 'કૉક્રોચ જનતા પાર્ટી' (સીજેપી) શરૂ થઈ હતી. સમાચાર ચેનલને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે આજકાલ કોર્ટની કામગીરીની વીડિયો ક્લિપ સોશ્યલ મીડિયા પર યોગ્ય સંદર્ભ વિના ફેલાવવામાં આવી રહી છે.

જે કંઈ પણ બન્યું તે ખરેખર દુર્ભાગ્યપૂર્ણ હતું એમ જણાવતાં તેમણે સ્પષ્ટતા કરી હતી કે સંકળાયેલા લોકો માટે તેઓ ક્યારેય આ પ્રકારની કલ્પના પણ ન કરી શકે.

તેમણે કહ્યું હતું કે મારા નિવેદનને ખોટી રીતે ટાંકવામાં આવ્યું હતું અને તેનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. ખરેખર તો જે વાત કહેવામાં જ નથી આવી તેને એવી રીતે રજૂ કરવામાં આવી રહી છે કે જાણે તે કહેવામાં આવી હોય.

આ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ બાબત છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ખાસ કરીને દેશના યુવાનોને ગેરમાર્ગે દોરવાનો આ દુર્ભાગ્યપૂર્ણ પ્રયાસ છે.

કોર્ટની કાર્યવાહી અંગે જવાબદારીપૂર્વક અહેવાલ આપવાની મીડિયાને અપીલ કરતાં તેમણે કહ્યું હતું કે સમાજમાં સૂમેળ જાળવવો પ્રત્યેક નાગરિકની ફરજ છે. (એજન્સી)

### ઇંધણના ભાવમાં

૨૭.૪૧ ટકા હતો. ખાદ્ય પદાર્થોમાં ફુગાવો પણ જૂનમાં ૫.૪૯ ટકાથી ઘટીને ૫.૪૪ ટકા થયો હતો. જોકે, ઉત્પાદિત ઉત્પાદનોમાં ફુગાવામાં જુલાઈમાં ૮.૨૯ ટકાનો વધારો જોવા મળ્યો, જે જૂનમાં ૭.૪૮ ટકા હતો. ડેટા અનુસાર, આઉટપુટ પ્રોડ્યુસર પ્રાઇસ ઇન્ડેક્સ (પીપીઆઈ) - જે સરકારે કહ્યું છે કે તે લગભગ પાંચ વર્ષમાં ડબલ્યુપીઆઈને બદલી નાખશે - જૂનની તુલનામાં જુલાઈમાં વાર્ષિક ધોરણે ૯.૬ ટકા પર યથાવત રહ્યો.

આઉટપુટ પીપીઆઈ એ ઉત્પાદન અને ખાણકામમાં ઓછો ફુગાવો જોયો, પરંતુ ઉચ્ચ કૃષિ અને વીજળી પીપીઆઈ એ તે લાભોને રદ કર્યા હતા.

### રાહુલે મેલોનીની મજાક ઊડાવી

પ્રત્યેના અભિગમની મજાક ઉડાવતા કહ્યું હતું કે તેઓ સમજી શકતા નથી કે આ વિચાર કેવી રીતે આવ્યો કે વિદેશ નીતિનો અર્થ ''નેતાઓને ગળે લગાવવા'' વિશે છે. દરમિયાન રાહુલ ગાંધીએ પછી પોતાનો મુદ્દો દર્શાવવા માટે સ્ટેજ પર દીક્ષિતને ગળે લગાવ્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે વિચારો, કેટલી અજ્ઞાનતા છે. તેમને આ વિચાર ક્યાંથી આવ્યો કે વિદેશ નીતિ નેતાઓને ગળે લગાવવા વિશે છે.

### વિદ્યાર્થીઓને વિરોધનો હકઃ

અને વિદ્યાર્થીઓ વચ્ચેની વાત છે. બીસીઆઈ તેમાં દખલ કરનાર કોણ છે? આ સંપૂર્ણપણે અયોગ્ય છે. બીસીઆઈના પરિપત્રને પડકારતી અરજીની સુનાવણી કરતાં સૂર્યકાંતે ઉપરોક્ત નિવેદન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે વિદ્યાર્થીકાળમાં હું પણ વિદ્યાર્થી પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લેતો હતો.

ન્યાયાધીશ જોય માલ્યા બાગચી અને વી. મોહન્નાનો પણ સમાવેશ કરતી ખંડપીઠે નલસારને પોતાના વિદ્યાર્થીઓને શક્ય તેટલી વહેલી તકે વકીલ તરીકે નોંધણી કરવા જણાવ્યું હતું અને કહ્યું હતું કે અમે કાયદાકીય સહાયના કેસો માટે તેમનો જ્યૂરીની યાદીમાં સમાવેશ કરીશું. (એજન્સી)

# ટ્રાફિક ચલણ માટે નવી સિસ્ટમ અમલી, વાહનચાલક ૪૫ દિવસમાં દંડ નહીં ભરો તો લાઈસન્સ રદ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે રાજ્યમાં ટ્રાફિક નિયમોનું પાલન કરાવવા અને સુરક્ષિત ડ્રાઈવિંગને પ્રોત્સાહન આપવા માટે ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬થી નેક્સ્ટ જનરેશન ચલણ સિસ્ટમ અમલમાં મૂકી છે. આ નવી સિસ્ટમ હેઠળ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહનચાલકો સામે હવે વધુ કડક વલણ અપનાવવામાં આવશે.

નવી સિસ્ટમ મુજબ, હવે ટ્રાફિકના નિયમો તોડનાર વ્યક્તિએ ચલણ મળ્યાના ૪૫ દિવસની અંદર દંડની રકમ ભરપાઈ કરવી ફરજિયાત છે. જો વાહનચાલક નિર્ધારિત સમયગાળામાં દંડની રકમ નહીં ભરે, તો સરકાર દ્વારા કડક પગલાં લેવામાં આવશે. સૌથી ગંભીર બાબત એ છેકે, સમયસર દંડ ન ભરનાર વ્યક્તિનું ડ્રાઇવિંગ લાયસન્સ રદ કરવામાં આવી શકે છે. આનાથી લોકોમાં ટ્રાફિક નિયમો પ્રત્યે જાગૃતિ વધશે અને નિયમોનું પાલન થશે.

વાહનતાલકને ચલણ મળ્યા બાદ તેની પાસે બે વિકલ્પ રહેશે. જેમા ચલણની રકમ ચૂકવી શકે છે અને દસ્તાવેજી પુરાવા સાથે પોર્ટલ પર ચલણને પડકારી શકે છે. જો નાગરિક ચલણ સામે વાંધો નોંધાવે તો વાહન માલિક પાસે પોતાનો દાવો સાચો હોવાનું સાબિત કરવા માટે પુરાવા રજૂ કરવાની જવાબદારી રહેશે. તેમાં સ્થાનિક નોટિફિકેશન, પરમિશન, પ્રતિબંધ અંગેની સૂચના અથવા અન્ય સંબંધિત દસ્તાવેજો રજૂ કરી શકાશે.

જો વાહનચાલકનો વાંધો સક્ષમ સત્તાધિકારી નામંજૂર કરે તો આદેશ પ્રાપ્ત થયાની તારીખથી ૩૦ દિવસની અંદર ચલણની ચુકવણી કરી શકાશે. નિર્ધારિત પ્રક્રિયા મુજબ ચલણની રકમના ૫૦ ટકા જમા કરાવ્યા બાદ કાયદેસરની કાર્યવાહી માટે કોર્ટનો સંપર્ક કરવાનો વિકલ્પ પણ રહેશે.

આ નવી સિસ્ટમમાં 'પ્રીમિયમ' પ્રકારના ઉલ્લંઘન પર ખાસ નજર રાખવામાં આવશે. જો કોઈ વાહનચાલક વર્ષ દરમિયાન પાંચ કે તેથી વધુ વખત ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરશે, તો તેની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. વારંવાર નિયમો તોડનારાઓ માટે આ એક મોટી ચેતવણી છે, કારણ કે હવે તમારી ડ્રાઇવિંગ હિસ્ટ્રી સરકારના સર્વર પર ડિજિટલ સ્વરૂપે સુરક્ષિત રહેશે. આ નવી ઈ-ચલણ સિસ્ટમ સંપૂર્ણપણે ટેકનોલોજી આધારિત છે. તેથી, દરેક વાહનચાલકે પોતાનો મોબાઈલ નંબર આરટીઓ રેકોર્ડમાં અપડેટ રાખવો અત્યંત અનિવાર્ય છે. તમામ પ્રકારના ઈ-ચલણ, દંડની નોટિસ અને ચેતવણીઓ હવે રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર જ મોકલવામાં આવશે. જો વાહનચાલકનો મોબાઈલ નંબર જૂનો હશે અથવા બંધ હશે, તો ઈ-ચલણની સમયસર માહિતી મેળવી શકાશે નહીં.

# અમદાવાદના મનપસંદ જીમખાનામાં એસએમસીના દરોડા બાદ ત્રણ પોલીસ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઓગષ્ટ મહિનાના પ્રારંભે જ અમદાવાદમાં સ્ટેટ મોનીટરીંગની ટીમે એક મોટી કાર્યવાહી કરીને શહેરના દરિયાપુર વિસ્તારમાં આવેલા મનપસંદ જીમખાના ક્લબમાં મોટો દરોડો પાડ્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન ૧૫૦થી વધુ જુગારીઓને જુગાર રમતા ઝડપી લીધા હતા. મનપસંદ જીમખાનામાં સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડા બાદ પોલીસ વડાએ મોટી કાર્યવાહી કરી હતી અને ત્રણ પોલીસકર્મીને સસ્પેન્ડ કર્યા હોવાનું પોલીસના સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. જેમાં દરિયાપુર પોલીસ સ્ટેશનના પીઆઈ જી.વી ગોહિલ, સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ ચૌધરી, ડબગરવાડ ચોકીના પીએસઆઇ એ.એમ પરમારનો સમાવેશ થાય છે.

મળતી વિગતો અનુસાર, સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ૨ ઓગષ્ટના રોજ અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં આવેલા મનપસંદ જીમખાના ક્લબમાં દરોડો પાડ્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન ઘટનાસ્થળેથી ૧૮૦ થી પણ વધુ જુગારીઓની અટકાયત કરવામાં આવી હતી.

આ ઉપરાંત દરોડા દરમિયાન લાખો રૂપિયાની રોકડ રકમ, મોબાઈલ ફોન, વાહનો અને અન્ય કિંમતી મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો, બીજા દિવસે તમામ જુગારીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે આ પૂર્વે પણ અનેક વખત આ સ્થળ પરથી જ જુગારધામ ઝડપાય ચૂક્યું છે. ત્યારે વધુ એકવાર કરવામાં આવેલી કાર્યવાહીથી ફરીથી ચર્ચા જાગી હતી.

# અમદાવાદમાં પચીસ હજારની લાંચ લેતા બે અધિકારીને એસીબીએ રંગેહાથ ઝડપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં સરકારી કર્મચારીમાં ઘર કરી ગયેલા ભ્રષ્ટાચારને રોકવા માટે એન્ટી કરપ્સન બ્યૂરો દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન અમદાવાદ શહેરમાં લાલદરવાજા બહુમાળી ભવન ખાતે મોટી કાર્યવાહી કરતા એસીબીએ બે લાંચિયા અધિકારીને ઝડપી પાડ્યા હતા. બેંક ખાતું અનફ્રીઝ કરવા માટે વેપારી પાસે ૨૫,૦૦૦ રૂપિયાની લાંચ માંગનાર ૨ અધિકારીઓ એસીબીની ટ્રેપમાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા, જેના કારણે સરકારી વિભાગોમાં ભારે ખળભળાટ મચી ગયો હતો.

સહાયક રાજ્ય વેરા કમિશનરની કચેરીમાં ફરજ બજાવતા સ્ટેટ ટેક્સ ઓફિસર કમલેશ ઠાકોર અને રાજ્ય વેરા નિરીક્ષક અઝીઝ મન્સૂરી ફરિયાદીનું બેંક ખાતું અનફ્રીઝ કરવા માટે ગેરકાયદેસર રીતે નાણાંની માંગણી કરી રહ્યા હતા. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે તુરંત જ એસીબીનો સંપર્ક કર્યો હતો, અને એસીબીની ટીમે સફળ છટકું ગોઠવી બંને ભ્રષ્ટ અધિકારીઓને ઝડપી પાડ્યા હતા.

એસીબી દ્વારા પકડાયેલા બંને આરોપીઓની કડક પૂછપરછ હાથ ધરવામાં આવી છે તેમજ તેમના અન્ય દસ્તાવેજો અને બેંક ખાતાઓની પણ ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે.

# મહીસાગરના લુણાવાડા-સંતરામપુર રોડ પર કાર-ટેન્કર અકસ્માતમાં ત્રણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મહીસાગર જિલ્લાના લુણાવાડા-સંતરામપુર હાઇવે પર રાફઈ ગામ નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે જઈ રહેલી એક કાર અને દૂધના વાહન વચ્ચે ટક્કર થતાં કારમાં સવાર ૩ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. મૃતકો દાહોદ જિલ્લાના ફતેપુરાના તળાવ ફળિયુંના રહેવાસી વતની છે. મૃતકોમાં કાર ચાલક હાર્દિકભાઈ પ્રશાંતભાઈ પ્રજાપતિ, તેની પુષ્પાબેન પ્રશાંતભાઈ પ્રજાપતિ અને તેની દાદી સવિતાબેન કાળુભાઈ પ્રજાપતિનો સમાવેશ થાય છે. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકોના ટોળા ઘટનાસ્થળે એકત્રિત થઈ ગયા હતા અને પોલીસ તેમજ એમ્બ્યુલન્સને જાણ કરી હતી.

અકસ્માતની જાણ થતાં જ લુણાવાડા તાલુકા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે ત્રણેય મૃતદેહોને કારમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. આ ઘટના બાદ ટેન્કરચાલક ફરાર થઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ, લુણાવાડા તરફથી દૂધનું ટેન્કર સરસણ સિત કેન્દ્ર તરફ જઈ રહ્યું હતું. દરમિયાન સંતરામપુર તરફથી લુણાવાડા તરફ આવી રહેલી કાર સાથે રાફઈ ગામ નજીક ટેન્કરની અથડામણ થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને કારમાં સવાર ત્રણેય લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતા. ભારે રક્તસ્ત્રાવ અને ગંભીર ઈજાઓને કારણે કારમાં સવાર ત્રણેય લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. લુણાવાડા પોલીસે ફરાર વાહનચાલક સામે ગુનો નોંધીને તેને શોધવા માટે સઘન તપાસ શરૂ કરી છે.

# સુરતમાં નશામાં ધૂત બની ચા-પાનના ગલ્લે જાહેરમાં ફાયરિંગ કરનાર બિલ્ડરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ડાયમંડ સિટી સુરતમાં ફાયરિંગ સહિતના બનાવોએ શહેરની સુરક્ષા વ્યવસ્થા પર પ્રશ્નો ઊભા કર્યા છે. ત્યારે શહેરના લસકાણા વિસ્તારમાં આવેલા એક ચા-પાનના ગલ્લા પર નશાની હાલતમાં આવીને હવામાં ફાયરિંગ કરનાર બિલ્ડરને પોલીસે ઝડપી પાડ્યો હતો. મોડી રાત્રે ગલ્લા સંચાલક સાથે સામાન્ય બાબતે થયેલી રકઝક બાદ રોફ જમાવવાના ઈરાદે આરોપીએ પોતાની રિવોલ્વરથી હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું અને ત્યાંથી નાસી છૂટ્યો હતો. આ સમગ્ર હાઈવોલ્ટેજ ડ્રામા ગલ્લા પર લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, મોટા વરાછામાં રહેતા ૨૮ વર્ષીય કેવલભાઈ માંગુકિયા વાલક પાટિયા આઉટર રિંગ રોડ પર 'મોગલ ટી એન્ડ પાન' નામનો ગલ્લો ચલાવે છે. વહેલી સવારે તેઓ મિત્રો સાથે ગલ્લા પર બેઠા હતા ત્યારે મૂળ રાજકોટનો અને હાલ સરથાણામાં રહેતો બિલ્ડર આશિષ સાકરીયા પોતાની કાર લઈને ત્યાં આવ્યો હતો. પાણીની બોટલ લીધા બાદ તે કેવલભાઈ સાથે નકામી મસ્તી કરવા લાગ્યો હતો. સંચાલકે મજાક કરવાની ના પાડતા તે ત્યાંથી જતો રહ્યો હતો, પરંતુ થોડીવાર બાદ તે નશાની હાલતમાં પરત ફર્યો હતો. આરોપીએ હાથમાં રિવોલ્વર લઈને ગલ્લા પર બેઠેલા યુવકોને બતાવી રોફ જમાવવાનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ થયો હતો. નશામાં ધૂત આરોપી આશિષે પહેલા પાનના ગલ્લાની અંદર જમીન તરફ રિવોલ્વરથી ફાયરિંગ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે મિસફાયર થતાં ગોળી છૂટી નહોતી. આ જોઈને ગભરાયેલા તમામ યુવકો બહાર દોડી આવ્યા હતા. ત્યારબાદ આરોપીએ દુકાનની બહાર આવીને લોકોમાં દહેશત ફેલાવવા હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું અને પોતાની કાર લઈને ફરાર થઈ ગયો હતો.

જાહેરમાં ફાયરિંગની આ ઘટના અંગે લસકાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા સર્વેલન્સ ટીમે ગણતરીના સમયમાં આરોપી આશિષ સાકરીયાને ઝડપી લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.

# કલોલમાંથી ગેરકાયદે ગેસ રિફિલિંગ નેટવર્ક ઝડપાયું, રાજસ્થાનના આરોપીઓ સહિત છ રંગેહાથ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કલોલ તાલુકાના દંતાલી ગામની સીમમાં ચાલતા ગેરકાયદે ગેસ રિફિલિંગના એક મોટા કૌભાંડનો સાંતેજ પોલીસે પર્દાફાશ કર્યો હતો. રહેણાંક અને ખેતીલાયક વિસ્તારની નજીક એક શેડમાં કોઈપણ પ્રકારની ફાયર સેફ્ટી કે પરવાનગી વિના ચાલતા આ જોખમી કારસા પર  ટીમે ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ઇન્ડિયન ઓઇલ, ભારત ગેસ અને એચપી ગેસના મોટા સિલિન્ડરમાંથી નાના સિલિન્ડરમાં ગેરકાયદેસર રીતે ગેસ ટ્રાન્સફર કરતા છ શખ્સોને રંગેહાથ ઝડપી પાડી તેમની ધરપકડ કરી હતી. ઝડપાયેલા આરોપીઓમાં સંજયકુમાર ડાભી, કિશોર ઠાકોર, મહેન્દ્ર બિશ્નોઈ, કૈલાશ બિશ્નોઈ, સુનિલ બિશ્નોઈ અને દિનેશ બિશ્નોઈનો સમાવેશ થાય છે, જેમાંના કેટલાક મૂળ રાજસ્થાનના વતની હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું હતું. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું કે, આ આરોપીઓ ૧૪.૨ કિલોના ઘરગથ્થુ અને ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરમાંથી ઇલેક્ટ્રિક મોટર પંપ, પાઇપ અને હીટિંગ ગનનો ઉપયોગ કરીને ૫ કિલોના નાના બાટલામાં ગેસ ભરતા હતા. ત્યારબાદ આ નાના સિલિન્ડર પર નકલી સીલ અને કેપ લગાવીને તેને બજારમાં ઊંચા ભાવે વેચવામાં આવતા હતા. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, એલપીજી સાથે કામ કરતી વખતે ઇલેક્ટ્રિક પંપ અને હીટિંગ ગન જેવા સાધનોનો ઉપયોગ આગ કે મોટા વિસ્ફોટને નોતરી શકે છે, જેનાથી આસપાસના લોકો, ખેતીલાયક જમીન અને સંપત્તિ માટે મોટું જોખમ ઊભું થયું હતું. આ દરોડા દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી વિવિધ કંપનીઓના ૨૫૮ ભરેલા અને ખાલી ગેસના બાટલા જપ્ત કર્યા હતા, જેની અંદાજિત કિંમત ૨.૮૪ લાખ રૂપિયા થાય છે. આ ઉપરાંત સ્થળ પરથી એક આઇશર ટેમ્પો, એક પીકઅપ વાહન, બે ઇલેક્ટ્રિક મોટર પંપ, વજન કાંટા, હીટિંગ ગન અને ચાર સ્માર્ટફોન સહિત કુલ ૧૨.૮૩ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને આ ગેસના બાટલાઓનો સપ્લાય ક્યાંથી થતો હતો તથા આ ગેરકાયદેસર નેટવર્કમાં અન્ય કોણ કોણ સામેલ છે તે દિશામાં વધુ તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું હતું.

# ગુજરાતમાં સીઝનનો ૭૩ ટકા વરસાદ પૂર્ણ: હજુ પણ વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં શ્રાવણ માસની શરૂઆત થઈ ગઈ હોવા છતાં માત્ર નામ માત્રનો જ વરસાદ પડ્યો હતો. રાજ્યમાં ૧૪ ઓગસ્ટના રોજ સાંજના ૬ કલાક સુધીમાં ૧૧૧ તાલુકામાં વરસાદ પડ્યો હતો. જેમાં માત્ર ૮ જ તાલુકામાં એક ઇંચ કરતાં વધુ વરસાદ પડ્યો હતો. રાજ્યના સરેરાશ વરસાદના ૭૩.૨૩ ટકા જેટલો વરસાદ નોંધાઈ ચૂક્યો છે. રીજીયન વાઈઝ જોઈએ તો, દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૫૪૦.૩૧ મિમી એટલે કે સરેરાશના ૯૯.૮૯ ટકા વરસાદ પડ્યો છે. જ્યારે કચ્છ રીજીયનમાં સૌથી ઓછો માત્ર ૨૯.૧૩ ટકા જ વરસાદ નોંધાયો છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો, ૩૧ જિલ્લાના ૧૫૯ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો. આ સમયગાળા દરમિયાન રાજ્યનો સરેરાશ વરસાદ ૭.૮૬ મિમી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં વલસાડ જિલ્લાના વલસાડ તાલુકામાં સૌથી વધુ ૮૭ મિમી વરસાદ ખાબક્યો હતો. આ ઉપરાંત નવસારીના ખેરગામમાં ૭૨ મિમી અને વલસાડના નાનાપોંઢામાં ૬૯ મિમી વરસાદ નોંધાયો હતો.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા મુજબ, શુક્રવારે સવારે ૬ થી સાંજના ૬ કલાક સુધીમાં ડાંગ જિલ્લાના વઘઇ તાલુકામાં સૌથી વધુ ૫૨ મિમી વરસાદ પડ્યો હતો. આ જ બાર કલાકના સમયગાળા દરમિયાન મહીસાગરના કોઠંબા અને નવસારીના ખેરગામ બંનેમાં ૩૫ મિમી વરસાદ નોંધાયો હતો. સાથે જ, મહીસાગરના બાલાસિનોરમાં ૩૨ મિમી જ્યારે વલસાડના નાનાપોંઢા અને નવસારીના વાંસદામાં ૨૮ મિમી વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગની આગાહી મુજબ, આજે ઉત્તર અને દક્ષિણ ગુજરાતના ઘણા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં માત્ર છૂટાછવાયા સ્થળોએ જ વરસાદ પડી શકે છે. બીજા દિવસે પણ દક્ષિણ ગુજરાતના ડાંગ, તાપી, નવસારી, વલસાડ તેમજ દમણ અને દાદરા નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

# અમદાવાદમાં ઉમિયા કેમ્પસની હોસ્ટેલના ૧૧મા માળેથી ઝંપલાવીને વિદ્યાર્થીએ જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના એસજી હાઈવે પર આવેલા ઉમિયા કેમ્પસની હોસ્ટેલમાં ૧૬ વર્ષીય તુષાર દોલતભાઈ પટેલે આપઘાત કરી લેતા ભળભળાટ મચી હતો. મૂળ દેત્રોજના ગીતાપુર ગામનો રહેવાસી સગીર એક દિવસ પહેલા જ ગામડેથી હોસ્ટેલ પર આવ્યો હતો અને તે આર.સી. ટેકિન્કલ કોલેજમાં અભ્યાસ કરતો હતો. ઘટનાની જાણ થતાં સોલા પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી અને આત્મહત્યાનું કારણ જાણવા માટે  સોલા પોલીસે તપાસ હાથ ધરી છે. સગીરની આત્મહત્યાને કારણે તેના પરિવાર અને હોસ્ટેલમાં શોકનો માહોલ છવાયો છે.

મળતી માહિતી મુજબ, કિશોર ઉમિયા કેમ્પસની હોસ્ટેલમાં રહેતો હતો. દરમિયાન તેણે હોસ્ટેલના ૧૧મા માળથી ઝંપલાવીને જ જીવન ટૂંકાવી દીધું હતું. ૧૬ વર્ષીય વિદ્યાર્થીએ કયા કારણોસર આ પગલું ભર્યું તે અંગે હજુ સ્પષ્ટતા થઈ નથી. પોલીસ દ્વારા પરિવારજનો તેમજ અન્ય સંબંધિત લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે.

# ગુજરાતની ધોરણ ૧થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે શાળામાં મોબાઈલ પર પ્રતિબંધ મૂકવા રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શાળામાં મોબાઇલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની માંગ ઉઠી છે. ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળે રાજ્યના શિક્ષણપ્રધાનને લેખિત રજૂઆત કરીને ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે શાળામાં મોબાઇલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી.

રાજ્ય શાળા સંચાલક મંડળે રજૂઆતમાં જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં બાળકોમાં મોબાઇલ ફોનનો ઉપયોગ ઝડપથી વધ્યો છે. તેના કારણે વિદ્યાર્થીઓનું ધ્યાન અભ્યાસમાંથી ભટકી રહ્યું છે અને શાળાના શૈક્ષણિક વાતાવરણ પર પણ વિપરીત અસર થઈ રહી છે. મોબાઇલના કારણે બાળકોમાં એકાગ્રતા ઘટે છે, અભ્યાસમાં રસ ઓછો થાય છે અને શિક્ષણની ગુણવત્તા પર પણ અસર જોવા મળી રહી છે. તેથી શાળા સ્તરે મોબાઇલ ફોનના ઉપયોગ અંગે સ્પષ્ટ અને કડક નિયમોની જરૂરિયાત હોવાનું મંડળે જણાવ્યું હતું.

જો કે, મંડળે રજૂઆતમાં એ પણ સ્પષ્ટ કર્યું હતું કે,જ્યાં શિક્ષણના હેતુ માટે મોબાઇલ ફોનનો ઉપયોગ ખરેખર જરૂરી હોય, ત્યાં તેના માટે અલગ અને સ્પષ્ટ માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવે. આજના સમયમાં કેટલીક શૈક્ષણિક પ્રવૃત્તિઓ, ઓનલાઈન અભ્યાસ અથવા ડિજિટલ શિક્ષણ માટે મોબાઇલની જરૂરિયાત પડી શકે છે. તેથી સંપૂર્ણ પ્રતિબંધને બદલે શૈક્ષણિક ઉપયોગ માટે નિયંત્રિત અને નિયમબદ્ધ વ્યવસ્થા બનાવવાની પણ માંગ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૦માં રાજ્ય સરકાર દ્વારા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો. આ પરિપત્ર મુજબ શાળાઓમાં વિદ્યાર્થીઓના મોબાઇલ ફોનના ઉપયોગ અંગે માર્ગદર્શિકા આપવામાં આવી હતી. ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળે પોતાની રજૂઆતમાં વર્ષ ૨૦૧૦માં પરિપત્રનો પણ ઉલ્લેખ કર્યો હતો. આ પરિપત્રનું તમામ શાળાઓમાં કડક પાલન કરાવવામાં આવે તેવી માંગ કરી હતી.

# નડિયાદ આરટીઓએ સેવાઓ થકી કરોડોની આવક રળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ખેડા જિલ્લાના નાગરિકોને વાહન વ્યવહાર સંબંધિત સઘન સેવાઓ પૂરી પાડતી નડિયાદ આરટીઓ કચેરીએ છેલ્લા અઢી વર્ષમાં રાજ્ય સરકારની તિજોરીમાં કરોડો રૂપિયાની માતબર આવક જમા કરાવી છે. સામાન્ય ડ્રાઇવિંગ લાઇસન્સથી લઈને કન્ડક્ટર લાઇસન્સ, ઇન્ટરનેશનલ પરમિટ અને વિદેશી લાઇસન્સના આધારે સ્થાનિક ડ્રાઇવિંગ લાઇસન્સ કાઢી આપવાની કામગીરી થકી કચેરીએ આ નોંધપાત્ર મહેસૂલ એકત્ર કર્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આરટીઓ કચેરીની આ કરોડો રૂપિયાની આવકમાં સિંહફાળો સામાન્ય ડ્રાઇવિંગ લાઇસન્સ ઇશ્યૂ કરવાની કામગીરીનો રહ્યો હોવાનું જાણવા મળ્યું હતું. આંકડાકીય વિગતો મુજબ, કચેરીએ વર્ષ ૨૦૨૪માં ૧૫ હજાર કરતાં વધુ લાઇસન્સ ઇશ્યૂ કરી અંદાજે પોણા બે કરોડ રૂપિયા અને વર્ષ ૨૦૨૫માં ૨૦ હજાર કરતા વધારે અરજદારોને લાઇસન્સ આપીને અંદાજે અઢી કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી. જ્યારે ચાલુ વર્ષ ૨૦૨૬ના જુલાઈ મહિના સુધીમાં ૭૫૦૦ કરતાં વધારે લાઇસન્સ થકી ૯૦ લાખ જેટલી આવક નોંધાઈ ચૂકી હોવાનું જાણવા મળ્યું હતું. આ ઉપરાંત, વિદેશ જતા નાગરિકોને એક વર્ષની વેલિડિટી ધરાવતી ઇન્ટરનેશનલ ડ્રાઇવિંગ પરમિટ આપવા પેટે પણ વર્ષ ૨૦૨૪માં ૧૧ લાખ કરતાં વધારે, ૨૦૨૫માં ૯ લાખ કરતાં વધારે અને ૨૦૨૬ના સાત મહિનામાં અંદાજે ૪ લાખ રૂપિયાની સરકારી ફી કચેરીના ચોપડે જમા થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સામાન્ય લાઇસન્સ સિવાય કચેરી દ્વારા કન્ડક્ટર અને વિદેશી લાઇસન્સ પરથી સ્થાનિક લાઇસન્સ આપવાની કામગીરી પણ સતત ચાલતી રહી છે વિદેશી ડીએલ ધારકોને વર્ષ ૨૦૨૪થી ૨૦૨૬ના સમયગાળા દરમિયાન અનુક્રમે ૨૪૯, ૧૬૮ અને ૧૦૭ સ્થાનિક લાઇસન્સ કાઢી આપીને લાખો રૂપિયાની ફી મેળવાઈ છે. જોકે, કન્ડક્ટર લાઇસન્સની માંગમાં વર્ષ ૨૦૨૬માં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો હતો. વર્ષ ૨૦૨૪માં ૨૬૧ અને ૨૦૨૫માં માત્ર ૧૨૬ કન્ડક્ટર લાઇસન્સ ઇશ્યૂ થયા હતા, જેની સામે ૨૦૨૬ના માત્ર સાત મહિનામાં જ ૮૬૩ કન્ડક્ટર લાઇસન્સ ઇશ્યૂ કરી સવા લાખ રૂપિયાની આવક થઈ હોવાનું જાણવા મળ્યું હતું.

# શિક્ષણક્ષેત્રે નર્મદા જિલ્લો ફરી એકવાર સમગ્ર રાજ્યમાં પ્રથમ

## ડ્રોપઆઉટ રેશિયો ૯૨ ટકા ઘટ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નર્મદા જિલ્લાએ શિક્ષણક્ષેત્રે બે અનોખી સિદ્ધિ હાંસલ કરી સમગ્ર રાજ્યમાં જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. ગત મે મહિનામાં જાહેર થયેલા ધોરણ ૧૦ના પરિણામમાં નર્મદા જિલ્લાએ ૯૦.૮૫ ટકા પરિણામ સાથે સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેવી જ રીતે આજે જિલ્લાના ૪,૨૨૪ ડ્રોપઆઉટ થયેલા વિદ્યાર્થીઓમાંથી ૩,૯૦૬ વિદ્યાર્થીઓને શાળામાં પુન પ્રવેશ આપી ૯૨ ટકા ડ્રોપઆઉટ રેશિયો ઘટાડીને સમગ્ર રાજ્યમાં ફરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. શાળાથી ડ્રોપ થયેલા બાળકોને શિક્ષણ વ્યવસ્થામાં ફરી જોડવા ગયા મહિને સમરસ વિદ્યાસેતુ મેગા અભિયાનનો રાજ્યવ્યાપી આરંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાન અંતર્ગત આવાં બાળકોની ઓળખ કરી બાળકોના વાલીઓમાં અને સમાજમાં સમજણ પુરી પાડી ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શિક્ષકોને રાજપીપળાના ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જળ સંસાધન અને પાણી પુરવઠા વિભાગના રાજ્યપ્રધાન (સ્વતંત્ર હવાલો) ઈશ્વરસિંહ પટેલે સન્માનિત કર્યા હતા.

# ગુજરાત પોલીસના ૧૯ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓઓને રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ૮૦માં સ્વતંત્રતા દિવસ-૨૦૨૬ નિમિત્તે કેન્દ્ર સરકાર દ્વારા પોલીસ સેવામાં લાંબા સમયની ઉત્કૃષ્ટ અને વિશિષ્ટ કામગીરી બદલ અપાતા 'પ્રેસિડેન્ટ્સ મેડલ ફોર ડિસ્ટિંગ્વિશ્ડ સર્વિસ' ની જાહેરાત કરવામાં આવી હતી. આ યાદીમાં ગુજરાતના કુલ ૧૯ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની પસંદગી થઈ હતી.

જેમાં એક  એડિશનલ ડિરેક્ટર જનરલ, એક ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ, એક પોલીસ ઇન્સ્પેક્ટર, બે આર્મ્ડ પીએસઆઈ તથા અન્ય સબ ઇન્સ્પેક્ટર, આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર અને હેડ કોન્સ્ટેબલનું સન્માન કરવામાં આવશે તેમજ જાણવા મળ્યું હતું.

ગુજરાત પોલીસ વિભાગ માટે એક અત્યંત ગૌરવપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. રાજ્યના કુલ ૧૯ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની તેમની ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી બદલ 'રાષ્ટ્રપતિ ચંદ્રક' માટે પસંદગી કરવામાં આવી છે. આ યાદીમાં રાજ્યના ઉચ્ચ પોલીસ અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. જેમાં ગુજરાતના વધારાના નિર્દેશક જનરલ અમિત કુમાર કિશોર વિશ્વકર્મા અને ઈન્સ્પેક્ટર જનરલ સૌરભ દૌલાલ તોલંબિયાને તેમની લાંબી અને શ્રેષ્ઠ સેવાઓને ધ્યાનમાં રાખીને આ સન્માનિત ચંદ્રક માટે પસંદ કરવામાં આવ્યા છે.

રાષ્ટ્રપતિ ચંદ્રક માટે જાહેર થયેલી આ યાદીમાં નાયબ અધિક્ષક પોલીસથી લઈને સબ ઈન્સ્પેક્ટર કક્ષાના અધિકારીઓએ પણ સ્થાન મેળવ્યું છે. ગુજરાતના નાયબ અધિક્ષક પોલીસ બહાદુરસિંહ અભેસિંહ ચુડાસમાને વિશેષ રૂપે 'મેડલ ફોર મેરીટોરીયસ સર્વિસ' માટે પસંદ કરાયા છે, જ્યારે અન્ય નાયબ પોલીસ અધિક્ષક કનૈયા લક્ષ્મણભાઈ વાઘેલાનું નામ પણ આ યાદીમાં સામેલ છે. આ ઉપરાંત નિરીક્ષક બાબાભાઈ રામજીભાઈ કોળી, સશસ્ત્ર પોલીસ સબ નિરીક્ષક બળવંતસિંહજી મોતીસિંહજી સોલંકી તથા આર્મ્ડ પોલીસ સબ ઈન્સ્પેક્ટર નાનજી તરશીભાઈ આઘેરાનો સમાવેશ થાય છે. તેમજ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા સંદિપ મહેન્દ્રભાઈ પટેલ, જયસિંહ ઘનશ્યામસિંહ રાજ, દિનેશકુમાર મણિભાઈ પટેલ, અનિલ શિવરામન નાયર, ઉત્તમસિંહ ગુણવંતસિંહ ઝાલા અને ભરતસિંહ નટવરસિંહ વાઘેલાની પણ તેમની નિષ્ઠાવાન કામગીરી બદલ આ પ્રતિષ્ઠિત એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે.

આ સન્માન યાદીમાં ગુજરાત પોલીસ દળના પાયાના કર્મચારીઓ એવા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર અને હેડ કોન્સ્ટેબલોની ફરજનિષ્ઠાને પણ બિરદાવવામાં આવી છે. જેમાં આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર દિલીપસિંહ કિરીટસિંહ રાણા, સબ્બીર ખાન કરીમ ખાન થેબા અને કલ્પેશકુમાર સોમાભાઈ દેસાઈનો સમાવેશ થાય છે. જ્યારે હેડ કોન્સ્ટેબલ તરીકે ઉત્કૃષ્ટ સેવા આપનાર અજય પ્રહલાદભાઈ ઓઝા, તરુણસિંહ ગણપતસિંહ સોલંકી અને રાજેશકુમાર કરશનભાઈ મીરને પણ રાષ્ટ્રપતિ ચંદ્રકથી સન્માનિત કરવામાં આવશે. રાજ્યના આ તમામ ૧૯ અધિકારીઓ અને કર્મચારીઓની આ સિદ્ધિથી સમગ્ર ગુજરાત પોલીસ બેડામાં હર્ષની લાગણી અને ગર્વનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ભવ્ય ઉજવણી માટે મુંબઈ સજ્જ

## આજે મુંબઈ શહેરમાં ઠેરઠેર ખાસ કાર્યક્રમોનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દેશના ૮૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી ઉત્સાહ અને ઉમંગથી કરવામાં આવી રહી છે ત્યારે પાટનગર દિલ્હીની જેમ જ દેશની આર્થિક પાટનગર મુંબઈમાં પણ અનેક વિસ્તારોમાં વિવિધ કાર્યક્રમો દ્વારા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવશે. શહેરમાં સવારના ધ્વજવંદનથી લઈને સાંજના વોટર શો અને લેસર શો, સાંસ્કૃતિક કાર્યક્રમો, મેરેથોન અને ખાસ ફૂડ એક્સપિરિયન્સ જેવા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

મુંબઈના ઐતિહાસિક સ્થળોથી લઈને બીકેસી અને દાદરના શિવાજી પાર્ક સુધી, નાગરિકો અને પ્રવાસીઓ માટે સ્વાતંત્ર્ય દિવસને યાદગાર બનાવવાના અનેક વિકલ્પો છે. તો આવો જાણીએ આ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી માટે મુંબઈગરાઓ ક્યાં ક્યાં જઈ શકશે અને કઈ રીતે ઉજવણીમાં સામેલ થઈ શકશે.

**બીએમસી હેડક્વાર્ટર, સીએસએમટી ખાતે ધ્વજવંદન**

સ્વાતંત્ર્ય દિવસની શરૂઆત દેશભક્તિના માહોલ સાથે કરવા માગતા લોકો માટે બીએમસી હેડક્વાર્ટર, સીએસએમટી એક મહત્ત્વપૂર્ણ સ્થળ બની શકે છે. અહીં સવારે ૭:૦૦ વાગ્યે પરંપરાગત ધ્વજવંદન સમારોહ યોજાશે. ઐતિહાસિક ઈમારતની નજીક એક તિરંગો ફરકાવવામાં આવશે, જે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી માટે એક યાદગાર દૃશ્ય બની શકે છે.

**બીકેસીમાં 'ફાઉન્ટન ઓફ જોય' ખાતે 'વોટર શો'**

સાંજે ૭:૩૦ વાગ્યે બીકેસી સ્થિત જિયો વર્લ્ડ સેન્ટર ખાતે ફાઉન્ટેન ઑફ જોયમાં ખાસ વોટર શો યોજાશે. પાણી, સંગીત, લાઈટ અને રંગોના સંયોજનથી તૈયાર કરવામાં આવતો આ શો પરિવાર અને મિત્રો સાથે સાંજ પસાર કરવા માટે આકર્ષક વિકલ્પ બની શકે છે.

**આર્ટ્સ થિયેટરમાં ખાસ સાંસ્કૃતિક પ્રદર્શન**

સાંજે ૭:૩૦ વાગ્યે આર્ટ્સ થિયેટર, મુંબઈ ખાતે વિશેષ પરફોર્મન્સનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વાતંત્ર્ય દિવસની સાંજને સાંસ્કૃતિક રંગ આપવા માગતા લોકો માટે આ કાર્યક્રમ યોગ્ય વિકલ્પ બની શકે છે. લાઈવ આર્ટિસ્ટિક પરફોર્મન્સ સાથે રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવાનો અનુભવ અહીં મળી શકે છે.

**ગેટવે ઑફ ઈન્ડિયા પર 'લેસર શો'**

મુંબઈના સૌથી જાણીતા લેન્ડમાર્ક્સ માંથી એક ગેટવે ઑફ ઈન્ડિયા ખાતે અંધારું થયા બાદ ખાસ લેસર શો આકર્ષણનું કેન્દ્ર બની શકે છે. ઐતિહાસિક સ્મારક પર પ્રકાશ અને લેસરની ભવ્ય રજૂઆત સ્વાતંત્ર્ય દિવસની સાંજને વધુ ખાસ બનાવશે. જોકે, મુલાકાત લેતા પહેલાં કાર્યક્રમના સમય અને સ્થાનિક વ્યવસ્થાઓની તાજી માહિતી તપાસવી યોગ્ય રહેશે. આ શો અંધારું થયા બાદ જ શરૂ કરાશે.

**ફોર્ટ વિસ્તારમાં રાત્રે 'મુંબઈ લાઈટ્સ'**

સ્વાતંત્ર્ય દિવસની રાત્રે મુંબઈના ઐતિહાસિક ફોર્ટ વિસ્તારમાં ફરવાનો પણ અલગ જ અનુભવ મળી શકે છે. હેરિટેજ ઈમારતો અને આસપાસના રસ્તાઓ પ્રકાશથી ઝળહળી ઊઠે ત્યારે આ વિસ્તાર ફોટોગ્રાફી અને શહેરની ઐતિહાસિક સુંદરતા માણવા માટે આકર્ષક બની શકે છે. મોડી સાંજથી રાત્રિ સુધી ફોર્ટ વિસ્તારમાં વોક કરીને મુંબઈના ઐતિહાસિક વારસાને નવા પ્રકાશમાં જોવાનો મોકો મળશે.

**શિવાજી પાર્કમાં ઈન્ડિપેન્ડન્સ ડે મેરેથોન**

ફિટનેસ પ્રેમીઓ માટે દાદરના શિવાજી પાર્ક ખાતે વહેલી સવારે ખાસ ઈન્ડિપેન્ડન્સ ડે મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું છે. આ દોડ સવારે ૫:૦૦ વાગ્યાથી શરૂ થશે અને ૧૨ કલાક સુધી ચાલશે. સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીને ફિટનેસ અને દેશભક્તિના સંદેશ સાથે જોડવા માંગતા લોકો માટે આ એક અનોખો અનુભવ બની શકે છે.

**ધ બોમ્બે કેન્ટીનમાં ઈન્ડિપેન્ડન્સ ડે દાવત**

સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીમાં જો તમે ખાણીપીણીનો સ્વાદ પણ ઉમેરવા માગતા હોવ તો ધ બોમ્બે કેન્ટીન ખાતે યોજાતી ઈન્ડિપેન્ડન્સ ડેની દાવત ખાસ ધ્યાન ખેંચે છે. આ ખાસ કમ્યુનિટી ફિસ્ટ સવારે ૧૧:૦૦થી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી યોજાશે. આ કાર્યક્રમની ખાસિયત એ છે કે મહેમાનો પોતાની ઇચ્છા મુજબ યોગદાન આપી શકે છે અને ભોજન સાથે સામાજિક હેતુને પણ સહકાર આપી શકે છે.

**સવારથી રાત સુધી મુંબઈમાં દેશભક્તિનો માહોલ**

આ વર્ષે મુંબઈમાં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી માત્ર એક પરંપરાગત ધ્વજવંદન સમારોહ સુધી મર્યાદિત નથી. સીએસએમટી ખાતે સવારનું ધ્વજવંદન, શિવાજી પાર્કમાં મેરેથોન, બીકેસીમાં વોટર શો, સાંસ્કૃતિક પ્રદર્શન, ગેટવે ઑફ ઈન્ડિયા પર લેસર શો અને ધ બોમ્બે કેન્ટીનની ખાસ દાવત જેવા કાર્યક્રમો શહેરમાં ૧૫ ઑગસ્ટને અલગ-અલગ રીતે ઉજવવાની તક આપશે. ■

# લોકલ ટ્રેન મર્ડર કેસઃ પોલીસે કોર્ટમાં ૧,૧૦૦ પાનાની ચાર્જશીટ રજૂ કરી

## કેસની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવાની માગ

મુંબઈ: પશ્ચિમ રેલવેની લોકલ ટ્રેનમાં નજીવી બાબતમાં યુવકની હત્યા કરવાના કિસ્સામાં રેલવે પોલીસે કોર્ટમાં ૧,૧૦૦ પાનાની ચાર્જશીટ રજૂ કરી હતી. ૨૩ જૂનના લોકલ ટ્રેનમાં મયંક લોહારની રોશન સુવર્ણાએ ટ્રેનનો દરવાજો બંધ કરવા જેવી નજીવી બાબતમાં હત્યા કરી હતી. આ હત્યા કેસમાં બોરીવલી રેલવે પોલીસ (જીઆરપી)એ મહત્ત્વપૂર્ણ કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આ કેસમાં બોરીવલી મેજિસ્ટ્રેટ કોર્ટમાં આશરે ૧,૧૦૦ પાનાની ચાર્જશીટ રજૂ કરી છે. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે તેની સુનાવણી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવાની તેમ જ સરકાર તરફથી વિશેષ સરકારી વકીલની નિમણૂક કરવાની માગણી કરી છે.

પોલીસે તૈયાર કરેલી ચાર્જશીટમાં કેસ સાથે જોડાયેલા કુલ ૬૮ સાક્ષીઓના નિવેદનો સામેલ કરવામાં આવ્યા છે. તેમાં ઘટનાના સમયે લોકલ ટ્રેનના ડબ્બામાં હાજર રહેલા મુસાફરો અને ઘટનાના પ્રત્યક્ષદર્શીઓના નિવેદનોનો પણ સમાવેશ થાય છે.

રેલવે પોલીસે કેસને વધુ મજબૂત બનાવવા માટે વિવિધ વૈજ્ઞાનિક અને ડિજિટલ પુરાવા પણ રજૂ કર્યા છે. ઘટનાના સમયે ટ્રેનના ડબ્બામાં મુસાફરો દ્વારા બનાવવામાં આવેલો અને બાદમાં સોશ્યલ મીડિયા પર વાઇરલ થયેલો વીડિયો, ફોરેન્સિક લેબોરેટરીનો રિપોર્ટ તેમ જ ગુનામાં વપરાયેલુ લોહીથી ખરડાયેલું ચાકુ મહત્ત્વના પુરાવા તરીકે ચાર્જશીટમાં રજૂ કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ ૨૩ જૂને મુંબઈમાં ભારે વરસાદ વચ્ચે લોકલ ટ્રેનમાં દરવાજો બંધ કરવાના મુદ્દે મયંક લોહાર અને આરોપી ૩૦ વર્ષીય રોશન સુવર્ણ વચ્ચે બોલાચાલી થઈ હતી. શરૂઆતમાં સામાન્ય લાગતો આ વિવાદ જોતજોતામાં ઉગ્ર બની ગયો હતો. બોલાચાલી દરમિયાન રોશન સુવર્ણે ચાકુ કાઢીને મયંક લોહાર પર હુમલો કર્યો હતો. ગંભીર ઈજાઓને કારણે મયંકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

આરોપી રોશનને પોલીસે તે મુંબઈ છોડીને ભાગવાની તૈયારીમાં હતો ત્યારે ૨૪ કલાકની અંદર ઝડપી લીધો હતો. બાદમાં તેની પાસેથી હત્યા માટે તેને વાપરેલું ચાકુ પણ પોલીસે ઝબ્બે કર્યું હતું. કેસનો આરોપી રોશન સુવર્ણા હાલ ન્યાયિક કસ્ટડીમાં છે.

મયંક લોહારના પિતા રમેશ લોહારે પુત્રની હત્યાના આરોપીને કડકમાં કડક સજા કરવાની માગણી કરી છે. તેમણે જણાવ્યું છે કે આરોપીને એવી સજા મળવી જોઈએ કે ભવિષ્યમાં આવા ગુનાઓ કરતા લોકોમાં કાયદાનો ડર રહે. મયંક લોહાર હત્યા કેસમાં ચાર્જશીટ દાખલ થયા બાદ હવે કેસની આગળની કાનૂની પ્રક્રિયા પર લોકોની નજર છે. રેલવે પોલીસનું કહેવું છે કે ગંભીર ગુનાને ધ્યાનમાં રાખીને કેસની સુનાવણી ઝડપથી થાય અને પીડિત પરિવારને વહેલી તકે ન્યાય મળે તે માટે તેઓ ફાસ્ટ ટ્રેક સુનાવણી તથા વિશેષ સરકારી વકીલની નિમણૂક માટે આગ્રહ કરી રહ્યા છે. ■

# વિદર્ભમાં કૉંગ્રેસને મોટો ઝટકો

## અમરાવતી જિલ્લાના ૧૯ કોર્પોરેટરો શિવસેનામાં જોડાયા

મુંબઈ: રાજ્યના રાજકારણમાં છેલ્લા કેટલાક વર્ષોમાં મોટી હલચલ જોવા મળી છે. અનેક નેતાઓ સત્તાધારી પક્ષોમાં જોડાતા હોવાનું સામે આવ્યું છે. ખાસ કરીને ભાજપ અને એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં ઘણા લોકો જોડાયા છે. એવામાં હવે વિદર્ભમાં કૉંગ્રેસને ભારે ઝટકો લાગ્યો છે.

અમરાવતી જિલ્લાના દરિયાપુર નગર પરિષદના કૉંગ્રેસ અધ્યક્ષ મંદાકિની ભારસાકળે અને નગર પરિષદના ૧૯ કાઉન્સિલરો ઉપરાંત, અકોલાના વરિષ્ઠ નેતા રામદાસ બોડકેના પુત્ર દીપક બોડકે અને તેમના સહયોગીઓ, તેમજ પ્રહાર સંગઠન, શૌર્ય સેના, આઝાદ સમાજ પાર્ટી અને કર્ણાટકના બેલગામના અનેક હોદ્દેદારો નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની ખાસ ઉપસ્થિતિમાં શિવસેનામાં વિધિવત જોડાયા હતા.

આ પક્ષપ્રવેશ ધારાસભ્ય તથા પૂર્વ પ્રધાન બચ્ચુ કડુના નેતૃત્વમાં યોજાયો હતો. આ પક્ષપ્રવેશથી દરિયાપુર નગર પરિષદમાં કૉંગ્રેસને મોટો રાજકીય ઝટકો લાગ્યો છે. જ્યારે વિદર્ભમાં શિવસેનાની સંગઠનાત્મક તાકાત વધુ મજબૂત બની છે.

પક્ષપ્રવેશ સમારોહમાં બોલતા એકનાથ શિંદેએ નવા હોદ્દેદારો અને કાર્યકરોનું સ્વાગત કર્યું હતું અને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, 'દરિયાપુરના વિકાસ માટે ફંડ ઓછું પડવા દેવામાં નહીં આવે. નાગરિકોની પાયાની સુવિધાઓ અને વિકાસકાર્યો માટે મહાયુતિ સરકારનો સંપૂર્ણ સાથ રહેશે.' ■

### વિરાર-દહાણુ રોડ ચાર લેન પ્રોજેક્ટઃ

# મુશ્કેલ વિસ્તારોમાં ૫૦ ટન સામગ્રી પહોંચાડવા રેલવેની ખાસ 'રો-રો ટ્રોલી' પહેલ

મુંબઈ: વિરાર-દહાણુ રોડ વચ્ચે રેલવેની ચાર લેનના નિર્માણ કાર્યને આગળ વધારવા માટે ભારતીય રેલવેએ મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિમાં નવી ટેક્નિકનો ઉપયોગ શરૂ કર્યો છે. જ્યાં યોગ્ય રસ્તો ઉપલબ્ધ નથી અને દલદલી જમીન તથા નદી વિસ્તારને કારણે સામાન્ય વાહનો દ્વારા બાંધકામ સામગ્રી પહોંચાડવી મુશ્કેલ છે, ત્યાં પહેલીવાર રો-રો (રોલ -ઓન રોલ -ઓફ) ટ્રોલી સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેના માધ્યમથી એક વખતમાં આશરે ૫૦ ટન સુધીની બાંધકામ સામગ્રી પુલ નિર્માણ સ્થળ સુધી પહોંચાડવામાં આવી રહી છે. આ સિસ્ટમના કારણે દલદલી જમીન પર અલગથી એપ્રોચ રોડ બનાવવાની જરૂરિયાત ટળી છે. સાથે જ નદીના કિનારા સુધી પહોંચવા માટે રસ્તો બનાવવાની જરૂરિયાત પણ રહી નથી.

રો-રો ટ્રોલી સિસ્ટમનો ઉપયોગ બ્રિજ નંબર ૯૨ની ઉત્તર બાજુ આવેલા વઢીવ આઇલેન્ડ વિસ્તાર અને બ્રિજ નંબર ૯૩ના દક્ષિણ ભાગમાં કરવામાં આવી રહ્યો છે. આ વિસ્તારોમાં જમીન દલદલી હોવાથી સામાન્ય રસ્તો બનાવીને ભારે બાંધકામ સામગ્રી પહોંચાડવી મુશ્કેલ હતી. નદીના કિનારા સુધી પહોંચવાનો માર્ગ તૈયાર કરવો પર્યાવરણ અને સલામતીની દૃષ્ટિએ પણ પડકારજનક હતો.

રેલવેના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઉપયોગમાં લેવાતી રો-રો ટ્રોલીની થિયોરેટિકલ ક્ષમતા ૭૦ મેટ્રિક ટન છે, જ્યારે તેની કાર્યક્ષમ ક્ષમતા આશરે ૫૦ મેટ્રિક ટન છે. ટ્રોલીની લંબાઈ આશરે ૮ મીટર અને પહોળાઈ ૩ મીટર છે. આ ટ્રોલીની મદદથી જરૂરી કોન્ક્રિટ, માટી અને અન્ય બાંધકામ સામગ્રી હાલના ડી પુલ પરથી સીધી નિર્માણ સ્થળ સુધી પહોંચાડવામાં આવી રહી છે. આથી મુશ્કેલ વિસ્તારમાં પણ બાંધકામ સામગ્રીની સપ્લાય સતત જાળવી શકાય છે.

આ વ્યવસ્થાનો સૌથી મોટો ફાયદો એ છે કે દલદલી જમીન પર ભારે વાહનોની અવરજવર માટે અલગથી એપ્રોચ રોડ બનાવવાની જરૂર પડી નથી. સામાન્ય રીતે આવા વિસ્તારોમાં બાંધકામ સામગ્રી પહોંચાડવા માટે રસ્તો તૈયાર કરવો પડે છે, પરંતુ રેલવે આધારિત રો-રો સિસ્ટમના કારણે આ પ્રક્રિયા વિના પણ સામગ્રી પહોંચાડવામાં મદદ મળી છે અને આસપાસના પર્યાવરણ પર થતી સંભવિત અસર ઘટાડવામાં મદદ મળી છે. સાથે જ નદી વિસ્તારમાં કામ દરમિયાન સલામતી જાળવવામાં પણ આ વ્યવસ્થા ઉપયોગી બની રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, રેલ આધારિત આ લોજિસ્ટિક્સ વ્યવસ્થાના કારણે દુર્ગમ વિસ્તારમાં પણ બાંધકામ સામગ્રીની સપ્લાય સતત ચાલુ રાખી શકાય છે. રસ્તાની અછત અથવા દલદલવાળી જમીનને કારણે કામ અટકી ન જાય તે માટે આ પદ્ધતિ મહત્ત્વપૂર્ણ બની છે.

વિરાર-દહાણુ રોડ ચાર લેનનું કામ પૂર્ણ કરવા પુલના નિર્માણ માટે ભારે સામગ્રી સમયસર સ્થળ સુધી પહોંચાડવી જરૂરી છે. રો-રો સિસ્ટમથી આ પ્રક્રિયા વધુ સરળ અને વ્યવસ્થિત બની છે.આ વ્યવસ્થામાં સામગ્રીને ટ્રોલી પર લોડ કરવામાં આવે છે અને ત્યારબાદ રેલ માર્ગનો ઉપયોગ કરીને તેને જરૂરી સ્થળ સુધી પહોંચાડવામાં આવે છે.

ભારતીય રેલવે દ્વારા મુશ્કેલ ભૌગોલિક વિસ્તારોમાં આ પ્રકારની લોજિસ્ટિક્સ વ્યવસ્થાનો ઉપયોગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાં નવી ટેક્નોલોજીના ઉપયોગનું ઉદાહરણ બની રહ્યો છે.

# અમરાવતી હૉસ્ટેલમાં ભૂતનો ફફડાટ, ૬૦૦થી વધુ વિદ્યાર્થીએ હૉસ્ટેલ છોડી

અમરાવતીઃ મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં આવેલી સરકારી હૉસ્ટેલ 'ભૂતિયા હૉસ્ટેલ' હોવાની અફવાએ વિદ્યાર્થીઓમાં ભારે ભયના માહોલનું નિર્માણ થયું છે. હૉસ્ટેલમાં ઝાંઝર રણકવાનો અવાજ, હસવાનો અવાજ અને કોઈના રડવા જેવા અવાજો સંભળાતા હોવાની કેટલીક વિદ્યાર્થિનીઓની ફરિયાદ બાદ વાત ઝડપથી ફેલાઈ હતી. જોતજોતામાં હોસ્ટેલમાં ભૂત-પ્રેત હોવાની ચર્ચાએ એટલું જોર પકડ્યું કે ૨૬૩ વિદ્યાર્થી અને ૩૪૫ વિદ્યાર્થિની સહિત કુલ ૬૦૮ વિદ્યાર્થી હૉસ્ટેલ છોડીને પોતાના ઘરે પરત ફર્યા હતા.

મળતી માહિતી મુજબ હૉસ્ટેલમાં રહેતી કેટલીક વિદ્યાર્થિનીઓએ રાત્રિના સમયે અસામાન્ય અવાજો સંભળાતા હોવાની ફરિયાદ કરી હતી. તેમાં ખાસ કરીને ઝાંઝર રણકવાનો અવાજ, હાસ્ય અને રડવા જેવા અવાજો સંભળાતા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. એક વિદ્યાર્થિનીની ફરિયાદ બીજી સુધી અને ત્યાંથી અન્ય વિદ્યાર્થીઓ તથા વાલીઓ સુધી પહોંચતા હૉસ્ટેલમાં ડરનું વાતાવરણ ઊભું થયું હતું. અફવાઓ વધતાં કેટલાક વિદ્યાર્થીઓએ હૉસ્ટેલમાં કોઈ અદૃશ્ય શક્તિ અથવા ભૂત હોવાની વાતો શરૂ કરી હતી.

હૉસ્ટેલના હેડમાસ્ટર સંજય ચૌધરીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થિનીઓની ફરિયાદને ગંભીરતાથી લઈને તેમને હૉસ્પિટલમાં લઈ જવામાં આવી હતી અને મનોરોગ નિષ્ણાત દ્વારા તેમની તપાસ કરાવવામાં આવી હતી. તપાસ બાદ ડોક્ટરે કેટલાક લક્ષણો ગંભીર હિસ્ટેરિયા જેવી સ્થિતિ સાથે સંકળાયેલા હોઈ શકે હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓને કાઉન્સેલિંગ આપવામાં આવી રહ્યું છે અને તેમને સમજાવીને ભયમાંથી બહાર લાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સંજય ચૌધરીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ ફરી સ્થાપિત થાય અને તેમનો અભ્યાસ ખોરવાય નહીં તે માટે હોસ્ટેલ મેનેજમેન્ટ જરૂરી પગલાં લઈ રહ્યું છે. વાલીઓમાં પણ ફેલાયેલા ભયને દૂર કરવા માટે તેમને સમગ્ર સ્થિતિ અંગે સમજાવવામાં આવી રહી છે.

સ્થાનિક આરોગ્ય અધિકારી અભિષેક નાયડુએ વિદ્યાર્થીઓ અને વાલીઓને આ ઘટનાને ભૂત-પ્રેત કે કોઈ અલૌકિક ઘટના સાથે ન જોડવા અપીલ કરી છે. તેમણે જણાવ્યું હતું કે આ મામલો માનસિક સ્વાસ્થ્ય સાથે સંબંધિત હોઈ શકે છે અને તેમાં ગભરાવાની કોઈ જરૂર નથી. તેમણે લોકોને અફવાઓ ન ફેલાવવા તથા બાળકો અને તેમના વાલીઓને ન ગભરાવાની અપીલ કરી હતી.

વિદ્યાર્થીઓમાં ફેલાયેલા ભયને દૂર કરવા માટે મહારાષ્ટ્ર અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ પણ આગળ આવી છે. અંધશ્રદ્ધા અને હાનિકારક અંધવિશ્વાસ સામે કામ કરતી આ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ભયભીત વિદ્યાર્થીઓને કાઉન્સેલિંગ અને સમજાવટ કરવામાં આવી રહી છે.

વહીવટી તંત્રનું કહેવું છે કે વિદ્યાર્થીઓમાં વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવા તથા તેમની શિક્ષણપ્રક્રિયામાં કોઈ વિક્ષેપ ન પડે તે માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. હાલ સમગ્ર ઘટનામાં સૌથી મોટો પડકાર વિદ્યાર્થીઓના મનમાંથી 'ભૂતિયા હૉસ્ટેલ'નો ભય દૂર કરવાનો છે. તંત્ર અને નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને સમજાવવામાં આવી રહ્યા છે કે અફવા અને ભયને કારણે સ્થિતિ વધુ ગંભીર ન બને.

આ ઘટનામાં કુલ ૬૦૮ વિદ્યાર્થી હૉસ્ટેલ છોડીને ઘરે પરત ફર્યા છે, જેમાં ૨૬૩ છોકરાઓ અને ૩૪૫ છોકરીઓનો સમાવેશ થાય છે. હૉસ્ટેલમાં સંભળાતા હોવાના દાવા કરાયેલા ઝાંઝરના અવાજ, હાસ્ય અને રડવાના અવાજને કારણે શરૂ થયેલી ચર્ચાએ આખરે મોટા પાયે ડરનો માહોલ ઊભો કર્યો છે. જોકે, તંત્ર અને આરોગ્ય અધિકારીઓએ સ્પષ્ટપણે લોકોને અંધશ્રદ્ધા અને અફવાઓ પર વિશ્વાસ ન કરવાની અપીલ કરી છે.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઉના નિવાસી હાલ ડોમ્બિવલી શાહ હિંમતલાલ અભેચંદના સુપુત્ર ભુપતભાઇના ધર્મપત્ની દક્ષાબેન (ઉં. વ. ૬૩) તે પ્રશમેષ્ઠિ મ. સા. ના સંસારી માતુશ્રી. નંદીયશવિજયજી મ. સા., નરેશભાઇ, મનિષભાઇના ભાભી. રંજનબેન, ભરતભાઇ, જયશ્રીબેન હીરેનકુમારના ભાભી. સરોજબેન તલકચંદ તારાચંદ મહુવાળાની દીકરી. તા. ૧૩-૮-૨૬ને ગુરુવારે અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ખારા નિવાસી હાલ બોરીવલી છાયા સુભાષ દેવચંદ મોતીચંદ દોશીના સુપુત્ર જીજ્ઞેશ (ઉં. વ. ૩૬) તૃષાલીના પતિ. બીજલ નિકુંજકુમાર શાહના ભાઇ. નરેન્દ્ર, વિજય, અશ્વિન તથા હંસા રમેશકુમાર શાહના ભત્રીજા. દિનેશભાઇ વૃજલાલ શાહ (અગિયાળી)ના જમાઇ. વિનયચંદ્ર રાજપાલ ઝવેરી (પાલિતાણા)ના ભાણેજ તા. ૧૩-૮-૨૬ ગુરુવારના અવસાન પામેલ છે. ભાવયાત્રા તા. ૧૫-૮-૨૬ શનિવારે બપોરે ૨થી ૪. ઠે. સોની બેન્કવેટ હોલ, સોનીવાડી, શિંપોલી એકસ લેન, એસ.વી.રોડ. બોરીવલી (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુરના દિવ્યા પ્રવિણ ગોગરી (ઉં.વ. ૭૨) તા. ૧૩-૮-૨૦૨૬નાં નિધન પામ્યા છે. મણીબાઇ લખમશીના પુત્રવધૂ. પ્રવિણના પત્ની. ડો. પ્રીતેશના માતાજી. મોટા આસંબીયાના દેવકાબેન શામજી ભાણજીની સુપુત્રી. દમયંતી, કાંતીલાલ, રાજેન, ભાનુના બહેન. પ્રાર્થના : શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ.ટી. રોડ, ડાયમંડ ટોકીઝ સામે, બોરીવલી (વેસ્ટ), સમય : ૩ થી ૪.૩૦. ડો. પ્રીતેશ પ્રવિણ ગોગરી, એ/૧૦૦૧, શાંતિનાથ દર્શન, નવનીત હાઇટેકની બાજુમાં, દહીંસર (ઇ.).

દેશલપુર (કંઠી)ના માતુશ્રી મણીબેન શામજી વીરા (ઉં.વ. ૯૬) તા. ૧૩-૮-૨૬ના દેહ પરીવર્તન કરેલ છે. સ્વ. શામજી રામજી નરશીના ધર્મપત્ની. ધીરજ તથા નવિનના માતુશ્રી. મુંદ્રાના ભાણબાઇ ભાણજી જીવરાજના સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : મણીબેન શામજી વીરા, તેજરાજ એપાર્ટમેન્ટ, ત્રીજે માળે, પરૂળેકર માર્ગ, શિવાજી પાર્ક, મું. ૪૦૦૦૨૮.

પત્રીના હરિલાલ ભીમશી સાવલા (ઉં.વ. ૭૮) ૧૧-૮ના પત્રી મધે અવસાન પામ્યા છે. ગંગાબેન ભીમશી કેશવજીના સુપુત્ર. સ્વ. મંજુલાબેનના પતિ. ચિરાગ, ધ્વનીના પિતા. પ્રેમજી, નાનજી, નવિન, ચુનીલાલ, પુનડી જવેરબેન સુરેશ કાનજી, પ્રીતી પ્રવિણ નાનજીના ભાઈ. બારોઈ સાકરબેન લાલજી દેવજી કેનીયાના જમાઈ. પ્રા. રોટરી ક્લબ ઓફ ડોંબિવલી : સુવિધીનાથ દેરાસરની બાજુમાં, ડોંબિવલી (ઇ). ટા. ૩ થી ૪.૩૦.

ગુંદાલાના રતીલાલ રામજી રાંભીયા (ઉં.વ. ૮૩) બુધવાર, તા. ૧૨-૮-૨૬ના દેહ પરિવર્તન કરેલ છે. મઠાંબાઈ રામજીના પુત્ર. ભાનુમતિના પતિ. ભાવેશ, ભાવિનના પિતા. દેવજી(બાબુભાઈ), હરખચંદના ભાઈ. પાનબાઈ ગાંગજી (મઠુભાઈ)ના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી (દેહદાન કરેલ છે) ઠે. ભાનુમતિ રાંભીયા, ૭૦૫, કલ્પતરૂ કલાસીક, ચીંચોલી બંદર રોડ, મલાડ (વેસ્ટ).

ભુજપુરના શ્રી વેરશીભાઈ દેઢિયા (ઉં.વ. ૧૦૦) તા. ૧૨-૮-૨૬ના અવસાન પામેલ છે. ખેતબાઈ હધુ વેલજીના પુત્ર. હેમલતા (મકાંબેન)ના પતિ. મનસુખ, મહેન્દ્ર, જયા, મંજુ, રસિલાના પિતા. મઠાબેન ના ભાઇ. ગેલડા હિરબાઈ કેશવજીના જમાઈ. ભક્તિધારા : શ્રી માટુંગા કચ્છી શ્વે.મૂ. જૈન સંઘની નારાણજી શામજી વાડી, ૧લે માળે, માટુંગા (સે.રે.) ટા. ૧૦.૩૦ થી ૧૨.

ગઢશીશાના પ્રેમીલા મેઘજી દેઢિયા (ઉં.વ. ૭૨) તા. ૧૨-૮-૨૬ના અવસાન પામેલ છે. લીલબાઈ રતનશી ખીમજીના પુત્રવધૂ. સ્વ. મેઘજીના ધર્મપત્ની. જયશ્રી, કમલના માતુશ્રી. સણોસરાના પુરબાઈ હીરજી ખેરાજ નાગડાના સુપુત્રી. પ્રવીણ, ધીરજ, સાકરબેન શાંતિલાલ, લતા મહેન્દ્ર, વિમળા ખુશાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જયેશ ગાલા, એ-૧૨, પ્રેરણા આશીષ, સંગીતા વાડી, શીવમંદીર રોડ, ડોંબિવલી (ઈ).

કોટડી (મહા.)ના બાંઈયાબાઈ શામજી ગાલા (ઉં.વ. ૮૬) તા. ૧૩-૮-૨૬ના અવસાન પામ્યા છે. વેજબાઈ મેઘજી કુંવરજીના પુત્રવધૂ. શામજીના ધર્મપત્ની. હર્ષદ, વાસંતી, ઉષા, પ્રીતી, રંજનના માતુશ્રી. દેઢીઆના મુલબાઈ ભાણજી ઘેલાના સુપુત્રી. લખમશી, રવજી, પ્રતાપ, મણીબેન નાગજી, વિજ્યા જેઠાલાલના બેન. ત્વચાદાન કરેલ છે. શેત્રુંજય ભાવયાત્રા : ટા. ૩ થી ૫. ઠે. શ્રી અચલગચ્છ જૈન ભવન, ૧૦૦ ફીટ રોડ, વસઈ (વે.)

**વિશા પોરવાડ જૈન**

વડતાલ નિવાસી હાલ બોરીવલી, મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ (ઉં.વ. ૮૨) તે ભારતીબેનના પતિ. હેમાંગ તથા પૂજ્ય ઉપશમ રેખા શ્રીજી મ.સા.ના પિતાશ્રી. સ્વ. હસુમતીબેન, સ્વ. શર્મિષ્ઠાબેન તથા પૂ. આચાર્ય ભગવંત જીનેશરત્ન મ. સા તથા પૂ. પ્રશમ રેખાશ્રીજી મ. સા.ના સંસારીભાઈ. સાન્વી, ધ્રુવી, ઋત્વીના દાદા. સ્વ. મહાસુખલાલ ચુનીલાલ ભણસાલીના જમાઈ. ૧૩/૮/૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૮૦૨, પુષ્પાંજલિ ૧, જાંબલી ગલ્લી બોરીવલી વેસ્ટ.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર નિવાસી હાલ બોરીવલી, દેવેન્દ્ર વિઠ્ઠલદાસ બાબરીયા (ઉં.વ. ૯૨) તા. ૧૨-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. સુરેશાબેનના પતિ. મોતીબેન દલસુખભાઈ મસાલિયાના જમાઈ. રાજેશ નિશિતા સ્મિતાના પિતાશ્રી. સ્વ. કૈલેશકુમાર, ચેતનકુમાર, મનીષાના સસરા. રીચી પાર્થ હર્ષના દાદા. શિખા-પ્રિયાંકકુમાર, ભાવિ-રિષભકુમાર, આયુષી-જૈનમકુમાર, સિદ્ધિના નાના. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ગુર્જર જૈન**

ગામ ખેડોઈ ચોખરા હાલે ગોરેગાવ, સ્વ. હરખમણીબેન નાનાલાલ હાથીચંદ શાહના સુપુત્ર ભુપેન્દ્ર નાનાલાલ શાહ (ઉં.વ. ૭૦) બુધવાર, તા. ૧૨-૮-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે રશ્મિકાબેનના પતિ. ગૌરવ તથા ઉર્વશીના પિતાશ્રી. વિભા તથા જય શાહના સસરા. પ્રવીણભાઇ, હંસાબેન ધીરજલાલ શાહ, સ્વ. કિર્તીભાઈ, સ્વ. રાજેન્દ્રભાઇ અને દેવેન્દ્રભાઈના ભાઈ. સ્વ. કંચનબેન પ્રાગજીભાઈ મોનજી શાહના જમાઈ. પ્રાર્થનાસભા ૧૪/૮/૨૬ના શુક્રવાર, ૪ - ૫.૩૦. પ્રબોધન બેંકવેટ, પ્રબોધન ક્રિડા ભવન, સિદ્ધાર્થનગર રોડ, સિદ્ધાર્થનગર, ગોરેગાંવ વેસ્ટ.

## હિન્દુ મરણ

સિહોરવાળા હાલ કાંદીવલી, સ્વ. તારાબેન મનસુખલાલ અમૃતલાલ ભુતાના પુત્ર હસમુખભાઈ (ઉં.વ. ૭૩) તા. ૧૩/૮/૨૬ને ગુરુવાર શ્રીજીચરણ પામ્યા છે. તે જયશ્રીના પતિ. ભાવિન, ગૌરાંગ, વૈશાલીના પિતા. આશિતા, ધારા તથા તેજસભાઈ ગોરડિયાના સસરા. ભદ્રાબેન વિનોદરાય મેહતા, રમેશભાઈ, હર્ષાબેન હસમુખભાઈ દોશી તથા જ્યોતિબેન શૈલેષભાઈ વોરાના ભાઈ. કરિયાણાવાળા જયંતિલાલ જગજીવનદાસ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૫/૮/૨૬ શનિવાર સાંજે ૪ થી ૬. બાલાશ્રમ, અતુલ ટાવરની બાજુમાં, મથુરસદાસ રોડ, કાંદીવલી વેસ્ટ.

**મચ્છુ કઠિયા સઈ સુથાર જ્ઞાતી મુંબઈ**

મૂળ ગામ જેતપુર નિવાસી હાલ કલ્યાણ, સ્વ. મનસુખલાલ નારાયણદાસ ધામેચાના ધર્મપત્ની ગં.સ્વ. દમયંતીબેન (ઉં.વ. ૮૦) તા. ૧૩-૮-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે નીતિનભાઈ, યોગેશભાઈ અને નીશાબેન મનીષકુમાર સાંચલાના માતૃશ્રી. હીનાબેન, નેહાબેનના સાસુ. ભૌમિકના દાદી. સ્વ. રતિભાઈના ભાઈના પત્ની. સ્વ. વિનુભાઈ, સ્વ. શાંતુભાઇ અને કિરીટભાઈના ભાભી. પ્રાર્થનાસભા તા. ૧૫/૮/૨૬ના બપોરે ૩.૦૦ થી ૫.૦૦. ક્ષત્રિય ધનગર સમાજ હોલ, અન્નપૂર્ણા હોટલની સામે, અહિલ્યાબાઈ ચોક, કલ્યાણ (પ).

**હાલાઈ લોહાણા**

મુળ ગામ ભાથાણાવાળા હાલ કાંદિવલી, કુ. રિદ્ધિ દિવ્યેશ ઠક્કર (ઉં.વ. ૨૪) તે દિવ્યેશ પુરુષોત્તમદાસ ઠક્કર (નથવાણી) અને સ્વ. ચેતનાબેનની દીકરી. મીતનીબેન, ભૂમિ મીત ઠક્કરની નણંદ, પ્રતિભાબેન પુરુષોત્તદાસ નથવાણી, હરિદાસભાઈ અને મથુરાદાસભાઈ લાલજીના પૌત્રી. નિશા મયુરભાઈ વોરાની ભત્રીજી. ગં.સ્વ. ભારતી વિનોદભાઈ આડઠક્કરના દોહિત્રી. તા. ૧૨-૮-૨૬ના બુધવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૫/૮/૨૬ને શનિવારના સાંજે ૪.૦૦ થી ૬.૦૦. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, કાંદિવલી (મોટો ઉપાશ્રય), ૫માં માળે, એસ. વી. રોડ, સેન્ટ્રલ બેંકની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

**વૈશ્ય વાણીયા**

અમરેલી નિવાસી, હાલ બોરીવલી વાળા નવીનચંદ્ર પુરુષોત્તમદાસ મહેતાના પત્ની અ.સૌ. હંસાબેન ૧૨-૮-૨૬ના શ્રીજી ચરણ પામ્યા છે. જયશ્રી પુલીન શાહ, મનિષા મેહુલ મહેતાના મમ્મી. પિયર પક્ષે ચાવંડના સ્વ. લાભુબેન પિતામબરદાસ કાણકીયાના પુત્રી. સ્વ. જયશ્રીબેન વસંતભાઈ કાણકીયા, સ્વ. ઉષાબેન બિપીનભાઈ કાણકીયાના ભાભી તથા સ્વ. જયાબેન મહેતા, સ્વ. પુષ્પાબેન મોદીના બેન. સૌ. કૃતી કરણ શાહ, જય અને હર્ષ મહેતાના નાની. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ટોકરશી ત્રીકમદાસ ગણાત્રા ગામ જખૌવાળા હાલ તિલક નગર ચેમ્બુરના સુપુત્ર સ્વ. શીરીષ (ભાઇલાલ) ગણાત્રાની સુપુત્રી પૂનમ (ઉં. વ. ૪૪) તા. ૧૨-૮-૨૬ બુધવારના રામશરણ પામેલ છે. તે સ્વ. રાઘવજી વેલજી દૈયા ગામ મોટીભાડઇવાળાની દોહિત્રી. ગં. સ્વ. તારાબેન શીરીષ ગણાત્રાની પુત્રી. નૂતન તથા નેહાની બહેન. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૧૬-૮-૨૬ બાલકનીજીબારી રાજાવાડી ગાર્ડનની બાજુમાં વિદ્યાવિહાર (ઇસ્ટ) મધ્યે સવારના ૧૦થી ૧૨. લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓએ તેજ દિવસે આવી જવું.

**મોઢ વણિક**

સ્વ. દિપક રતિલાલ દોશી રાણપુરના રહેવાસી હાલ મુલુંડ તા. ૧૪-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે અરુણાબેનના ધર્મપત્ની. અમીષા-રેશમા-પિનાંકના પપ્પા. મેહુલ-જય-મિતાલીના સસરા. જયાબેન જશવંતરાય મણિયારના જમાઇ. સ્વ. ભારતીબેન, પંકજભાઇ, શિરીષભાઇ, નીલાબેનના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૧૬-૮-૨૬ના સાંજે ૪થી ૫.૩૦. ઠે. હોલ નં.૨, ઠઠાઇ ભાટીયા સેવા ફંડ, શંકર લેન, નમહા હોસ્પિટલની સામે, કાંદિવલી.

**લાડ વણિક**

પ્રવીણચંદ્ર હીરાલાલ નાણાવટી (ઉં. વ. ૯૭) તા. ૧૪-૮-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. વિણા નાણાવટીના પતિ. નિરંજન, નિલાક્ષી, નિકીતાના કાકા. બેસણું તા. ૧૬-૮-૨૬ના રવિવારે સાંજે ૪.૩૦થી ૫.૩૦.ઠે. ૩૦૩, વિનસ, ૩૦મે માળે, કફ પરેડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૫. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે, દેહ દાન કરેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. અશોક હંસરાજ રૂપારેલ કચ્છ ગામ બીટા હાલ કાંદિવલી (ઉં. વ. ૭૧) તા. ૧૪-૮-૨૬ શુક્રવારના શ્રીરામશરણ પામેલ છે. તે મિતાબેનના પતિ. તે સ્વ. દમયંતીબેન વાઘજી રેલન, સ્વ. રતિલાલ, મૂળરાજ, સ્વ. વસંત, સ્વ. વિઠ્ઠલદાસના ભાઇ. વિનોદીની બેન જયંતિલાલ દૈયાના જમાઇ. તે કોમલબેનના પપ્પા. તે જીતેન, હિરેન, અતુલ, વિપુલ, મેહુલ, રાહુલના કાકા. પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

જસદણ નિવાસી હાલ કાંદિવલી ગં. સ્વ. સુનીતાબેન (ઉં. વ. ૮૨) તે સ્વ. વિરેન્દ્રભાઇ વિશરામ અંબાણીના ધર્મપત્ની. હિમાંશુના માતુશ્રી. અ. સૌ. સોનલના સાસુ. સ્વ. વાલજીભાઇ પદમશી કલ્યાણીના દીકરી. તથા સ્વ.મનસુખલાલ, સ્વ. કાંતિલાલ, સ્વ. શાંતિલાલ, સ્વ. રજનીકાંત, સ્વ. ભાનુબેન અને ગં. સ્વ. પ્રવિણાબેનના ભાભી. તા. ૧૦-૮-૨૬ સોમવારના દીને શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**મચ્છુ કાઠીયા મોઢ ચતુર્વેદી બ્રાહ્મણ**

લીંબડી નિવાસી હાલ મુંબઇ (દહીંસર) સ્વ. નટવરલાલ ગણપતરામ પંડયાના ધર્મપત્ની ગં. સ્વ. ચંદ્રિકા (ઉં. વ. ૮૭) તા. ૧૨-૮-૨૬ના સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ. કિરીટ, પ્રકાશ, હીનાના માતુશ્રી. પિયુષકુમાર મીનાક્ષી. પૂર્ણેશ્વરીના સાસુ. કાર્તિકના નાની. કૃતિકાના દાદી. બેસણું તા. ૧૫-૮-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. ૦૦૩, જય જ્યોતિ કો. ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી, ડી.એન. દુબે રોડ, રતન નગર, નિયર અખિલ ટાવર, દહીંસર (ઇસ્ટ).

## પાયદસ્ત

આરમઇતી રોહિન્ટન દારૂવાલા તે મરહુમ રોહીન્ટનના ધનીયાની. તે મરહુમો આલુ બીલ કાપડીયાના દીકરી. તે દાયીના વેસુના ને મરહુમ ખરુશેદ ના માતાજી. તે કૈઝાદ ને ગુલરુખના સાસુજી. તે નવઝર ને ફેની ને જીમીના બહેન. તે મરહુમો મહેરબઇ સોરાબજી દારુવાલાના વહુ. (ઉં. વ. ૮૪) રે. ઠે. વાડીયા બિલ્ડિંગ, મર્ઝબાન પારસી કોલોની, ભોંયતળિયે, રૂમ. નં.૧, ડો. એ. નાયર રોડ, મુંબઇ-૪૦૦૦૧૧. પાયદસ્ત : ૧૫-૮-૨૬ને દીને સવારે ૭.૪૫ વાગે ઉપરની ભાભા નં-૨માં ડુંગરવાડી. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૫-૮-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે સેથના અગિયારીમાં છે.

## પારસી મરણ

જેસમીન મર્ઝબાન મેને તે એરવદ મર્ઝબાનના ધનીયાની. તે મેહરુ ને મરહુમ કેરસી અમરોલીયાના દીકરી. તે યઝદાનદોક્ત, એરવદ સોહરાબજી ને એરવદ માનેકશાના માતાજી. તે શેરેવર ને મેરઝાદના સાસુજી. તે બરજીસના બહેન. તે ઝોરના મમઇજી. (ઉં. વ. ૫૬) રે. ઠે. મહેતા બિલ્ડિંગ, ખાન એસ્ટેટ, રૂમ.નં.૧, એમ. એમ. સી. રોડ,. માહીમ, મુંબઇ-૪૦૦૦૧૬. ઉઠમણાંની ક્રિયા : બપોરનું ઉઠમણું નથી. ચારમ તા. ૧૬-૮-૨૬ને દીને સવારે ૪.૩૦ વાગે બેનેટ નં.૫.મા.

હોમાય બેહરામ દલાલ તે મરહુમ બેહરામના ધન્યાની. તે મરહુમો દોલતબાનું રુસ્તમજી ખંબાતાના દીકરી. તે ઝુબીન, જેહાનારા ને રોકસેનના માતાજી. તે મેહરનાઝ તથા મરહુમો રુસી ને અરુનજીતના સાસુજી. તે અરનવાઝ ને મરહુમ એમીના બહેન. તે ઝઓશ, જેનો, રોહન ને રનજુનના ગ્રેન મધર. (ઉં. વ. ૯૦) રે. ઠે. જેમમીના ફલેટ નં.એ-૩, ૬૩૮ ખરેઘાટ રોડ, પારસી કોલોની, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૫-૮-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે હોડીવાલા બંગલીમાં.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

## સ્વતંત્રતા દિવસની ભેટ

# આજથી મધ્ય રેલવેમાં ૧૫ ડબ્બાની ૨૨ લોકલ વધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મધ્ય રેલવેના પ્રવાસીઓને સ્વતંત્રતા દિવસથી મોટી રાહત મળશે, કારણ કે શનિવાર- ૧૫ ઑગસ્ટથી મેન લાઈન પર દોડતી વધુ ૨૨ ટ્રેનમાં કોચની સંખ્યા ૧૨થી વધારીને ૧૫ કરવામાં આવશે. તેની સાથે જ ૧૫ ડબ્બાની લોકલની કુલ સંખ્યા વધીને ૫૪ થશે. સીએસએમટીથી કર્જત અને ખોપોલી વચ્ચેની આ સેવાઓનો સૌથી વધુ લાભ અંબરનાથ, બદલાપુર, કર્જત અને ખોપોલી તરફ રહેતા પ્રવાસીઓને મળશે.

દરેક લોકલમાં ત્રણ ડબ્બા વધારવામાં આવતા તેની પ્રવાસી વહન ક્ષમતામાં ૨૫ ટકાનો વધારો થશે. મધ્ય રેલવેના જણાવ્યા મુજબ, નવી ૧૫ ડબ્બાની સેવાઓમાં સવારે અને સાંજના પીક અવર્સની લોકલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં સવારે ૮.૨૭ વાગ્યે અંબરનાથથી સીએસએમટી જતી અને સવારે ૧૦ વાગ્યે ખોપોલીથી કર્જત જતી લોકલનો સમાવેશ થાય છે. સાંજના પીક અવર્સમાં સીએસએમટીથી અંબરનાથ જતી સાંજે ૭.૪૨ વાગ્યાની અને સીએસએમટીથી કર્જત જતી સાંજે ૭.૫૦ વાગ્યાની લોકલ ૧૫ ડબ્બાની બનશે.

ડાઉન દિશામાં દાદરથી સવારે ૭.૪૩ વાગ્યે ઉપડતી ખપોલી લોકલ, સીએસએમટીથી સવારે ૯.૫૭ અને બપોરે ૨.૪૫ વાગ્યે ઉપડતી કર્જત લોકલને ૧૫ ડબ્બાની કરવામાં આવશે. આ ઉપરાંત કરજતથી ખોપોલી વચ્ચેની ત્રણ લોકલ, સીએસએમટી-બદલાપુરની સાંજે ૪.૪૨ વાગ્યાની લોકલ, સીએસએમટી-અંબરનાથની સાંજે ૭.૪૨ વાગ્યાની અને સીએસએમટી-કરજતની સાંજે ૭.૫૦ વાગ્યાની લોકલ પણ અપગ્રેડ થશે. રાત્રે ૧૦.૫૭ વાગ્યાની સીએસએમટી-ખોપોલી અને રાત્રે ૧૨.૦૫ વાગ્યાની સીએસએમટી-અંબરનાથ લોકલ પણ ૧૫ ડબ્બાની બનશે અને બંનેને સ્લોથી ફાસ્ટ લોકલમાં ફેરવવામાં આવશે.

અપ દિશામાં પણ ખોપોલીથી સવારે ૪.૫૦ વાગ્યે દાદર જતી લોકલ, અંબરનાથથી સવારે ૮.૨૭ વાગ્યે સીએસએમટી જતી લોકલ, ખોપોલી-કર્જતની સવારે ૧૦, ૧૧.૨૦ અને બપોરે ૧૨.૪૦ વાગ્યાની લોકલને ૧૫ ડબ્બાની કરવામાં આવશે. આ ઉપરાંત, કર્જત-સીએસએમટીની બપોરે ૧૨.૨૩, સાંજે ૫.૩૩ અને રાત્રે ૧૦.૦૩ વાગ્યાની સેવાઓ, ખોપોલી-સીએસએમટીની બપોરે ૧.૪૮, બદલાપુર-સીએસએમટીની સાંજે ૬.૧૭ અને અંબરનાથ-દાદરની રાત્રે ૯.૦૭ વાગ્યાની લોકલ પણ અપગ્રેડ થશે.

આ ફેરફાર સાથે કેટલીક લોકલના ટર્મિનસમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. ખોપોલી-પરેલ લોકલ હવે સવારે ૪.૫૦ વાગ્યે ખપોલીથી દાદર સુધી દોડશે. જ્યારે પરેલ-ખોપોલી લોકલ હવે દાદર-ખોપોલી સેવા તરીકે સવારે ૭.૪૩ વાગ્યે દાદરથી ઉપડશે. સીએસએમટી-અંબરનાથ લોકલ હવે દાદર-અંબરનાથ ૧૫ ડબ્બાની લોકલ તરીકે રાત્રે ૧૧.૨૩ વાગ્યે દાદરથી ઉપડશે. મેન્ટેનન્સના કામને કારણે આ સેવા શનિવારે રદ રહેશે.

# બ્લિન્કિટ, ઝેપ્ટો અને ઈન્સ્ટામાર્ટ જેવા ઓનલાઈન પ્લેટફોર્મ સાથે સંકળાયેલા ૧૪ આઉટલેટ્સ પર એફડીએની કાર્યવાહી

મુંબઈ: મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)એ પોતાની રાજ્યવ્યાપી ઝુંબેશમાં ઓનલાઈન ફૂડ ડિલિવરી ઉદ્યોગ સાથે સંકળાયેલા યુનિટની તપાસની ઝુંબેશ આદરી હતી અને બ્લિન્કિટ, ઝેપ્ટો અને ઈન્સ્ટામાર્ટ જેવાં ઓનલાઈન પ્લેટફોર્મ સાથે સંકળાયેલા ૮૬ યુનિટની તપાસ કર્યા બાદ સલામતી અને સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ૧૪ યુનિટના લાઈસન્સ સસ્પેન્ડ કરી નાખતાં આગામી થોડા દિવસ આ પ્લેટફોર્મથી ખાદ્ય પદાર્થ મગાવનારાઓને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

એફડીએએ તપાસ દરમિયાન ૬૦ યુનિટને સુધારણા માટેની નોટિસ ફટકારી હતી, જ્યારે એક સ્થળે બિઝનેસ તાત્કાલિક બંધ કરવાનો આદેશ આપ્યો હતો. સસ્પેન્ડ કરાયેલા ૧૪ લાઇસન્સમાં બ્લિંકિટના પાંચ, ઝેપ્ટોના પાંચ અને ઈન્સ્ટામાર્ટ સાથે સંકળાયેલા બે યુનિટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભગવતી સ્ટોર્સ અને સ્વિન્સ્ટા એન્ટરપ્રાઇઝિસ પ્રાઇવેટ લિમિટેડ સાથે સંકળાયેલા એક-એક લાઇસન્સ પણ સસ્પેન્ડ કરાયા છે. તપાસમાં સ્ટોરેજ, તાપમાન નિયંત્રણ, સ્વચ્છતા, પેસ્ટ કંટ્રોલ, ફૂડ હેન્ડલર્સની વ્યક્તિગત સ્વચ્છતા, ફિફો-ફેફો (વહેલું તે પહેલું-વહેલા એક્સપાયર્ડને પહેલું આપવાનું) પદ્ધતિ, ફૂડ સેફ્ટી રેકોર્ડ્સ અને લાઇસન્સ ડિસ્પ્લે જેવા મુદ્દાઓની ચકાસણી કરવામાં આવી હતી.

પુણેના લોહેગાંવ વિસ્તારમાં ઝેપ્ટોના યુનિટમાં કેટલાક ખાદ્યપદાર્થો તેમની નિર્ધારિત 'યૂઝ બાય' (આ સમય પહેલાં વાપરી નાખવું) તારીખ બાદ પણ રાખવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. અહીં ફિફો-ફેફો પદ્ધતિનું પાલન ન થવું, અસ્વચ્છ સ્ટોરેજ, અપૂરતું પેસ્ટ કંટ્રોલ અને ફૂડ હેન્ડલર્સની વ્યક્તિગત સ્વચ્છતામાં ગંભીર ખામીઓ જોવા મળી હતી. પુણેના વાર્જે જકાત નાકા ખાતે સ્વિન્સ્ટા એન્ટરપ્રાઇઝિસના એકમમાં કૉક્રોચનો ઉપદ્રવ, ફ્રોઝન ફૂડ માટે કોલ્ડ ચેઇન જાળવવામાં ખામી, તાપમાન નિયંત્રણની સમસ્યા અને સ્વચ્છતા સંબંધિત ગંભીર બેદરકારી મળી હતી.

મુંબઈના મલાડ પશ્ચિમમાં બ્લિંકિટના યુનિટમાં ચિલર રૂમનું તાપમાન ૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે જરૂરી મર્યાદા કરતાં વધારે હતું. લગભગ ૪૦ ફૂડ હેન્ડલર્સની મેડિકલ તપાસ ન થઈ હોવાનું અને તેના રેકોર્ડ ઉપલબ્ધ ન હોવાનું પણ સામે આવ્યું. કેટલાક કર્મચારીઓ હેડગિયર, એપ્રન અને ગ્લોવ્સ વગર કામ કરતા હતા. ઘાટકોપરના બ્લિંકિટ યુનિટમાં ડ્રેનેજ અને કચરા નિકાલની અપૂરતી વ્યવસ્થા, ફ્રોઝન ફૂડના તાપમાન નિયંત્રણમાં ખામી, અસુરક્ષિત લાઇટિંગ અને ખરાબ હાઉસકીપિંગ જોવા મળ્યું. આ યુનિટને ૭૪માંથી ૩૪ એટલે કે ૪૬ ટકા સ્કોર મળ્યો હતો અને તેને નોન-કમ્પ્લાયન્ટ જાહેર કરાયો.

મુલુંડના ઝેપ્ટો યુનિટમાં કચરા નિકાલ, તાપમાન નિયંત્રણ, લાઇટિંગ અને અલગ સ્ટોરેજની વ્યવસ્થામાં ખામીઓ ઉપરાંત સ્વચ્છતાની સમસ્યા અને એફએસએસએઆઇ લાઈસન્સ યોગ્ય રીતે ડિસ્પ્લે ન કરાયું હોવાનું જાણવા મળ્યું. એકમને ૧૮૦માંથી ૮૧ એટલે કે ૪૫ ટકા સ્કોર મળ્યો હતો. ગોરેગાંવના ઝેપ્ટોના ગોલા યુનિટની પુનઃતપાસમાં તાપમાન નિયંત્રણ, લાઇટિંગ, ફૂડ સ્ટોરેજ, વ્યક્તિગત સ્વચ્છતા અને ક્લીનલિનેસમાં ખામીઓ જોવા મળી હતી. ૧૪૨માંથી ૯૮ એટલે કે ૭૦ ટકા સ્કોર છતાં તેને નોન-કમ્પ્લાયન્ટ ગણવામાં આવ્યું.

અંધેરીના ઈન્સ્ટામાર્ટ યુનિટમાં કેટલાક ફૂડ પેકેટ સીધા જમીન પર રાખવામાં આવ્યા હતા. અપૂરતી સ્ટોરેજ જગ્યા, ફૂડ અને પેકેજિંગ સામગ્રીની ભીડ, તાપમાન નિયંત્રણની ખામીઓ તથા લાઇટિંગ, સ્વચ્છતા અને વ્યક્તિગત હાઇજીનમાં બેદરકારી સામે આવી હતી. આ યુનિટને ૧૪૦માંથી ૭૬ એટલે કે ૫૫ ટકા સ્કોર મળ્યો હતો. એફડીએની તપાસમાં સ્ટોરેજ અને ફૂડ હેન્ડલિંગની સાથે ડિલિવરી વ્યવસ્થાને પણ આવરી લેવામાં આવી હતી. ■

## આશ્રમ શાળામાં આદિવાસી છોકરીઓનાં મૃત્યુ

# માનવ અધિકાર પંચે મહારાષ્ટ્ર સરકાર પાસેથી રિપોર્ટ માગ્યો

મુંબઈ: રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે આ અઠવાડિયાની શરૂઆતમાં ગઢચિરોલી જિલ્લામાં છાત્રાલયની જમીન પર સૂઈ ગયેલી ત્રણ અનુસૂચિત જનજાતિ શાળાની વિદ્યાર્થિનીઓનાં સાપ કરડવાથી થયેલાં મૃત્યુ બાદ મહારાષ્ટ્રના મુખ્ય સચિવને નોટિસ ફટકારી છે, એમ શુક્રવારે એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે.

મીડિયા રિપોર્ટ્સ જાતે ધ્યાનમાં લઈ પંચે આ ઘટનાને માનવ અધિકાર ઉલ્લંઘનનો ગંભીર મુદ્દો ગણાવી રાજ્ય સરકારને બે અઠવાડિયામાં વિગતવાર અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. હાલમાં સારવાર હેઠળ રહેલા અન્ય ત્રણ ઘાયલ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની સ્થિતિ અંગે માહિતીનો પણ એમાં સમાવેશ થાય છે. આશ્રમ શાળાના છાત્રાલયમાં છ છોકરીઓને તેમના રૂમમાં સાપ કરડી ગયો હતો. ખાટલાઓની તીવ્ર અછતને કારણે વિદ્યાર્થીઓને જમીન પર સૂવાની ફરજ પડી હતી. ત્રણ છોકરીઓ ઝેરથી મૃત્યુ પામી હતી, જ્યારે બાકીની ત્રણ છોકરીઓને સ્થાનિક હૉસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. મીડિયા રિપોર્ટ્સ ટાંકીને પંચે જણાવ્યું હતું કે હોસ્ટેલના એક રૂમમાં ૭૯ વિદ્યાર્થિનીઓએ રહેવું પડે છે. છેલ્લાં પચીસ વર્ષથી કાર્યરત આ હોસ્ટેલમાં મૂળભૂત સુવિધાઓનો અભાવ છે. નિવેદનમાં જણાવાયું છે કે દર વર્ષે જિલ્લામાં સર્પદંશના નોંધપાત્ર કેસ થાય છે. (પીટીઆઈ)■

# થાણેમાં મુંબઈની પાઈપલાઈનમાં ગળતર

મુંબઈ: થાણેના તીન હાથ નાકા વિસ્તારમાં ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર આવેલી ૩૦૦૦ મિમી વ્યાસ ધરાવતી મુંબઈ-થ્રી પાણીની પાઇપલાઇનમાં મોટા પાયે ગળતર જોવા મળ્યું છે. આ પાઇપલાઇન ભૂગર્ભમાં છે અને રક્ષણાત્મક આવરણમાં બંધાયેલી છે. પાઇપલાઇન આશરે ૩ થી ૪ મીટરની ઊંડાઈએ હોવાથી લીકેજ સુધી પહોંચવું અને તેને ઠીક કરવું એ પડકાર હોવાનું પાલિકા તરફથી જણાવવામાં આવ્યું હતું.

ગળતરની માહિતી મળતાં, મુંબઈ મહાનગરપાલિકાના કર્મચારીઓએ તાત્કાલિક ધોરણે સમારકામ શરૂ કર્યું. ગળતર શોધવા અને જરૂરી સમારકામ કરવા માટે પાઇપલાઇન સુધી પહોંચવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

આ ૩૦૦૦ મિમી વ્યાસ ધરાવતી એક મહત્વપૂર્ણ પાણીની પાઇપલાઇન હોવાથી, લીકેજના કારણે મુંબઈ વિસ્તારમાં પાણી પુરવઠા પર અસર થવાની શક્યતા છે. સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા માટે સ્થળ પર કામ કરી રહ્યા છે, અને શક્ય તેટલી ઝડપથી સમારકામ પૂર્ણ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ■

# મુંબઈમાં પાણીની ચિંતા ટળવાની તૈયારી: જથ્થો વધીને ૯૦ ટકા થયો

મુંબઈ: સતત ચોમાસાના વરસાદને પગલે મુંબઈના પાણીના જથ્થામાં વધારો થયો છે, ગુરુવારે સવાર સુધીમાં શહેરને પાણી પૂરુ પાડતાં સાત તળાવોમાં વપરાશમાં લઈ શકાય એવા પાણીનો સંગ્રહ ક્ષમતાના ૯૦.૯૬ ટકા સુધી પહોંચી ગયો છે.

હાઇડ્રોલિક એન્જિનિયર વિભાગના અહેવાલ અનુસાર કુલ ઉપયોગી સંગ્રહ ક્ષમતા ૧૪ લાખ ૪૭ હજાર ૩૬૩ મિલિયન લિટર સામે ઉપયોગી પાણીનો જથ્થો ૧૩ લાખ ૧૬ હજાર ૫૭૮ મિલિયન લિટર થઈ ગયો છે. પાણીનો જથ્થો એક દિવસ અગાઉ નોંધાયેલા ૯૦.૨૬ ટકાથી વધીને ૨૪ કલાકમાં ૦.૭૦ ટકાનો વધારો દર્શાવે છે.

મુખ્ય જળાશયોમાં ઉપલા વૈતરણામાં ૮૨.૩૨ ટકા ઉપયોગી સંગ્રહ હતો, જ્યારે મોડક સાગરમાં છલોછલ - ૧૦૦ ટકા પાણી હતું. તાનસામાં ૯૯.૨૬ ટકા અને મધ્ય વૈતરણામાં ૯૪.૬૯ ટકા પાણી હતું. બાકીનાં જળાશયોમાં ભાતસામાં ૮૮.૯૪ ટકા સંગ્રહ હતો, જ્યારે વિહાર અને તુલસી બંનેમાં ૧૦૦ ટકા પાણી હતું.

અહેવાલમાં છેલ્લા ૨૪ કલાકમાં અનેક કેચમેન્ટ વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. ઉપરના વૈતરણામાં ૩૦ મિમી, મોડક સાગરમાં ૧૯ મિમી, તાનસામાં ૨૫ મિમી અને મધ્ય વૈતરણામાં ૧૧ મિમી વરસાદ નોંધાયો છે. ભાતસામાં ૨૪ મિમી, વિહારમાં ૩૧ મિમી અને તુલસીમાં ૨૩ મિમી વરસાદ નોંધાયો છે. અહેવાલમાં એ પણ નોંધવામાં આવ્યું છે કે જુલાઈની શરૂઆતમાં વિહાર, તુલસી, તાનસા અને મોડક સાગર ડેમ ઓવરફ્લો થવા લાગ્યા હતા. મુંબઈમાં ચાલુ ચોમાસાની ઋતુ દરમિયાન સતત વરસાદ પડી રહ્યો હોવાથી સંગ્રહમાં વધારો થયો છે. ■

# ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે મુલુંડ જમીનના પાંચ વર્ષના લીઝને બીએમસીની મંજૂરી

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની સુધારણા સમિતિએ શુક્રવારે મુલુંડ ડમ્પિંગ ગ્રાઉન્ડ ખાતેની લગભગ ૧૫ એકર રિક્લેઈડ જમીન ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટને પાંચ વર્ષ માટે લીઝ પર આપવાના પ્રસ્તાવને મંજૂરી આપી. આ લીઝથી મહાનગરપાલિકાને અંદાજે ૧૦૩.૪૭ કરોડ રૂપિયાની આવક થવાની અપેક્ષા છે.

આ જમીનનો ઉપયોગ ડીઆરપી માટે કાસ્ટિંગ યાર્ડ, પ્રિકાસ્ટ મેન્યુફેક્ચરિંગ યુનિટ અને રેડી-મિક્સ કૉંક્રિટ પ્લાન્ટ સ્થાપવા માટે કરવામાં આવશે. શિવસેના (યુબીટી) અને કૉંગ્રેસના કોર્પોરેટરોએ આ દરખાસ્તનો વિરોધ કર્યો હતો, મુલુંડના ભાજપના કોર્પોરેટર પ્રકાશ ગંગાધરેએ તેનો બચાવ કરતા કહ્યું હતું કે આ જમીન પ્રોજેક્ટના લાભ માટે આપવામાં આવી રહી છે.

ભાજપના કોર્પોરેટર અનીશ મકવાણેએ જણાવ્યું હતું કે જમીન ફાળવતી વખતે યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું હતું. સુધારણા સમિતિના અધ્યક્ષ સંધ્યા દોશીએ જણાવ્યું હતું કે પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવે તે પહેલાં તમામ સભ્યોને પોતાના વિચારો રજૂ કરવાની મંજૂરી આપવામાં આવી હતી.

આ દરખાસ્ત હેઠળ, નવભારત મેગા ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડને પાંચ વર્ષ માટે ૬૦,૭૦૩ ચોરસ મીટર જમીન લીઝ પર આપવામાં આવશે. જે સ્થળે બાયોમાઇનિંગ ચાલી રહ્યું છે, ત્યાં અંદાજે ૨.૫ થી ૩ લાખ મેટ્રિક ટન જૂનો કચરો હોવાનો અંદાજ છે, જેને જમીન સોંપતા પહેલા દૂર કરવામાં આવશે. બીએમસી એ દર મહિને ચોરસ મીટર દીઠ રૂ. ૨૫૨ ભાડું નક્કી કર્યું છે, જેમાં વાર્ષિક ૬ ટકાનો વધારો થશે. આનાથી પાંચ વર્ષમાં અંદાજે રૂ. ૧૦૩.૪૭ કરોડની આવક થશે.

ડેવલપર કચરા નિકાલ પાછળ રૂ. ૨૦.૦૪ કરોડ ખર્ચશે, જે ભાડા સામે એડજસ્ટ કરવામાં આવશે. બીએમસીને નેટ ભાડા પેટે રૂ. ૮૩.૪૪ કરોડ મળવાની ધારણા છે, જે જીએસટી સહિત કુલ ચુકવણી આશરે રૂ. ૧૦૦ કરોડ થશે. ■

# સ્વતંત્રતા દિને પંડાલની પરવાનગીની જંજાળમાંથી પાલિકાએ આપી આઝાદી

## ગણેશોત્સવ અને નવરાત્રોત્સવ માટે શરૂ કરી ઓનલાઈન સિંગલ વિન્ડો સિસ્ટમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં ધૂમધામથી ઉજવાતા ગણેશોત્સવને ધ્યાનમાં રાખીને મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી)એ સાર્વજનિક ગણેશોત્સવ મંડળોના માથાનો દુ:ખાવો બનતી પંડાલની જંજાળ દૂર કરવા આ વર્ષે ઓનલાઈન સિંગલ વિન્ડો સિસ્ટમ શરૂ કરી છે. આ વ્યવસ્થા હેઠળ મંડળો પંડાલ માટે જરૂરી પાલિકાની પરવાનગી તેમજ સ્થાનિક અને ટ્રાફિક પોલીસનું નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) મેળવવા માટે એક જ ડિજિટલ પ્રક્રિયા હેઠળ અરજી કરી શકશે. ઓનલાઈન અરજીઓ ૧૪ ઓગસ્ટથી ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી સ્વીકારવામાં આવશે અને મંજૂર પરવાનગી ૨૬ સપ્ટેમ્બર સુધી માન્ય રહેશે.

મંડળોએ બીએમસીની 'ફોર સિટિઝન્સ પંડાલ (ગણેશોત્સવ)' સુવિધા મારફતે અરજી કરવાની રહેશે. અરજીની વોર્ડ સ્તરે ચકાસણી બાદ સ્થાનિક અને ટ્રાફિક પોલીસની એનઓસીની પ્રક્રિયા ઓનલાઈન થશે. પ્રથમ વખત અરજી કરનારા અને જાહેર અથવા ખાનગી જમીન પર પંડાલ ઊભો કરનારા મંડળોએ ઝોનલ ડેપ્યુટી કમિશનરની મંજૂરી લેવાની રહેશે. અરજી મંજૂર થયા બાદ ૧૦૦ રૂપિયાની ફી ભરવાની રહેશે, ત્યારબાદ વોર્ડ ઓફિસ પરવાનગી આપશે.

પાંચ વર્ષની પરવાનગી ધરાવતા મંડળો માટે ઓનલાઈન રિન્યુઅલની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રિન્યુઅલ પહેલાં વોર્ડ ઓફિસ દ્વારા પંડાલના સ્થળની ફિઝિકલ ચકાસણી કરવામાં આવશે, જેમાં મંજૂર પરવાનગીમાં દર્શાવાયેલા સ્થળ અને વિસ્તાર સાથે હાલની સ્થિતિ મેળ ખાય છે કે નહીં તેની પણ તપાસ થશે. ૨૦૨૫માં એક વર્ષની પરવાનગી મેળવનારા મંડળો પાસે ૨૦૨૬ માટે એક વર્ષની પરવાનગી રિન્યુ કરાવવાનો અથવા ૨૦૨૬થી ૨૦૩૦ સુધીની પાંચ વર્ષની પરવાનગી માટે અરજી કરવાનો પણ વિકલ્પ રહેશે. ■

# બાલિશ વર્તન બદલ રાહુલ ગાંધી માફી માગે: ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ઇટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીનું અપમાન કરવાનો આરોપ મૂકી તેમને માફી માગવા જણાવ્યું હતું,

મધ્ય મહારાષ્ટ્રના જાલનામાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ફડણવીસે જણાવ્યું હતું કે 'રાહુલ ગાંધીનું બાલિશ વર્તન કોઈપણ પદને શોભે એવું નથી. તેમણે માત્ર દેશના વડા પ્રધાનનું અપમાન કર્યું નથી, પરંતુ ઇટલીની સરકારનાં મહિલા વડાંનું અપમાન કરવાની બાલિશતા દેખાડી છે. દેશના કોઈ નેતાએ આ હદે બાલિશ વર્તન નથી કર્યું. સામાન્ય નેતાઓ પણ આવી રીતે વર્તન નથી કરતા. રાહુલ ગાંધી અને કૉંગ્રેસના નેતા સંદીપ દીક્ષિતે તેમની ટિપ્પણી બદલ દેશની માફી માગવી જોઈએ.

ભાજપે ગુરુવારે રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કરી તેમના પર અસંસ્કારી અને અભદ્ર ભાષાનો ઉપયોગ કરવાનો અને વિપક્ષના નેતા પદની ગરિમા ઘટાડવાનો આરોપ મૂક્યો હતો. (પીટીઆઈ)■

# બેથી ચાર દિવસમાં ખેડૂતોના ખાતામાં પૈસા આવશે: કૃષિ પ્રધાન

મુંબઈ: રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલ પુણ્યશ્લોક અહિલ્યાદેવી હોલકર ખેડૂત લોન માફી યોજના અંગે રાજ્યના કૃષિ પ્રધાન દત્તાત્રેય ભરણેએ મોટું નિવેદન આપ્યું છે. તેમણે માહિતી આપી કે આગામી બે થી ચાર દિવસમાં ખેડૂતોના ખાતામાં પાંચથી દસ હજાર કરોડ રૂપિયા જમા થશે.

દરમિયાન, 'એગ્રીસ્ટેક' સિસ્ટમ દ્વારા દેવામાફીની યાદીઓની ચકાસણી કરવાનું કામ પ્રગતિ હેઠળ છે. હવે સરકાર પાસે નાણાં ઉપલબ્ધ છે. તેથી, જેમ જેમ યાદી અપડેટ થશે તેમ તેમ ખાતામાં પૈસા જમા થશે. દેવામાફીથી ખેડૂતોને રૂ. ૪૦,૫૮૫ કરોડની રકમનો લાભ મળશે, એવી માહિતી કૃષિપ્રધાન અને વાશિમના પાલકપ્રધાન દત્તાત્રેય ભરણેએ આપી હતી.

શહેરી વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટેના કૂવા અને અન્ય યોજનાઓનો લાભ મળી રહ્યો ન હોવાનું ધ્યાનમાં આવતાં કૃષિપ્રધાને આ અંગે જાણ ન હોવાની કબૂલાત કરી હતી. સાથે જ, ટૂંક સમયમાં શહેરી વિસ્તારના ખેડૂતોને પણ તમામ યોજનાઓનો લાભ આપવા માટે જોગવાઈ કરવાનું આશ્વાસન ભરણેએ આપ્યું હતું. રાજ્યના જે ખેડૂતોનાં નામ સાત-બારા ઉતારા પર નથી અથવા અન્ય અધિકાર પત્રકોમાં જેમનાં નામની નોંધ નથી, તેવા તમામ ખેડૂતોને સરકારી રેકોર્ડ પર લાવવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળે દ્વારા લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી રાજ્યના આશરે ૨ લાખ ૩૧ હજાર ખેડૂતો માટે 'એગ્રીસ્ટેક' મેળવવાનો માર્ગ મોકળો થશે અને તેમને દેવામાફી તેમજ અન્ય સરકારી યોજનાઓનો લાભ મળવો સરળ બનશે. ■

# પૉન્ઝી-એમએલએમ સ્કીમ્સ મારફત સેંકડો રોકાણકારો સાથે 30 કરોડથી વધુની ઠગાઇ

## કંપનીના સંચાલક સહિત ચારની ધરપકડ: બે કાર, ૧૨ લાખની રોકડ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પૉન્ઝી-એમએલએમ સ્કીમ્સ મારફત સેંકડો રોકાણકારો સાથે ૩૦ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી આચરવા બદલ મુંબઇ પોલીસના ઇકોનોમિક ઇન્ટેલિજન્સ યુનિટે (એઆઇયુ) કંપનીના સંચાલક સહિત ચાર જણની ધરપકડ કરી હતી. આરોપીઓ રાજ્યના વિવિધ જિલ્લામાં સેમિનાર આયોજિત કરીને લોકોને રોકાણ યોજના સંબંધી માહિતી આપતા હતા અને જાહેરાત આપી લોકોને યોજનામાં રોકાણ પર સારા વળતરની લાલચ આપતા હતા.

પોલીસે ધરપકડ કરેલા ચારેય જણમાં એઆઇ ઓરિજિન/ડિજિટલ ઓરિજિન કંપનીના અધ્યક્ષ અને કાર્યકારી સંચાલક શ્રીકૃષ્ણ પાંડુરંગ ચવાણ, કાર્યકારી સંચાલક અંકુશ શાંતારામ પાર્ટે, એજન્ટ સુદેશ મોહિતે અને સંચાલક સુભાષ પંદેરેનો સમાવેશ છે. પોલીસે ચારેયના નિવાસસ્થાનની તેમ જ કંપનીના વસઇ અને ગોરેગામના કાર્યાલય અને એજન્ટની મલાડમાં આવેલી ઓફિસમાં તપાસ કરી હતી. તેમના નિવાસસ્થાનેથી ૧૨ લાખ રૂપિયા, નવ બૅંક ખાતાંની પાસબૂક, બીએમડબ્લ્યુ સહિત બે કાર, સાત લેપટોપ-ડેસ્કટોપ જપ્ત કરાયાં હતાં.

પૉન્ઝી-એમએલએમ સ્કીમ્સ દ્વારા છેતરપિંડી રોકવા માટે મુંબઈ પોલીસ દળમાં એપ્રિલ, ૨૦૨૫માં ઇકોનોમિક ઇન્ટેલિજન્સ યુનિટની સ્થાપના કરવામાં આવી હતી. આ યુનિટને માહિતી મળી હતી કે એઆઇ ઓરિજિન/ડિજિટલ ઓરિજિનના સંચાલક વ્હૉટ્સઍપ ગ્રૂપ દ્વારા, મહારાષ્ટ્રના વિવિધ જિલ્લામાં સેમિનાર યોજીને લોકોને રોકાણ યોજનાઓ સંબંધી માહિતી આપે છે અને જાહેરાત દ્વારા યોજનામાં રોકાણ પર સારા વળતરની લાલચ આપી તેમની પાસેથી રૂપિયા સ્વીકારે છે. આ માહિતી મળ્યા બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી.

પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે આરબીઆઇ તેમ જ સેબી પાસેથી જરૂરી લાઇસન્સ કે નોંધણી વિના કંપનીના સંચાલક, એજન્ટ તથા અન્યોએ રોકાણ યોજનાઓ મારફત મુંબઈ સહિત રાજ્યના વિવિધ જિલ્લાના લોકોને સારા વળતરની લાલચ આપીને તેમની પાસેથી ૩૦ કરોડથી વધુ રૂપિયા સ્વીકાર્યા છે. ઉપરાંત થાણે, પાલઘર, પિંપરી-ચિંચવડ, સાંગલી, સાતારા, કોલ્હાપુર અને સોલાપુરમાં તેઓ કંપનીની બ્રાન્ચ શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છે, જ્યારે કર્ણાટક અને ગોવામાં એજન્ટો મારફત કામકાજ ચાલી રહ્યું છે. દરમિયાન ૧૨ ઑગસ્ટ, ૨૦૨૬ના રોજ કંપનીના પદાધિકારીઓ તથા અન્યો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને ગુરુવારે શ્રીકૃષ્ણ ચવાણ, અંકુશ પાર્ટે અને સુદેશ મોહિતેની, જ્યારે શુક્રવારે સુભાષ પંદેરેની ધરપકડ કરવામાં આવી હતી. ■

# મુંબઈ લોકલમાં જોવા મળશે હાઈ-ટેક ટીસી

## ટિકિટ ચેકિંગ વખતે બોડી કૅમેરા અને સ્પેશિયલ જેકેટ પરિધાન કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: લોકલ ટ્રેનમાં ફરજ બજાવી રહેલા ટીસી (ટિકિટ ચેકર) સાથે પ્રવાસીઓ દ્વારા કરવામાં આવતા ગેરવર્તન અને આક્ષેપો પાછળની સચ્ચાઈ સામે લાવવાના હેતુથી પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝને ટીસીને હાઈ ટેક બનાવવાનો નિર્ણય લીધો છે. અત્યારે તો પાઈલોટ પ્રોજેક્ટ તરીકે શરૂ કરવામાં આવશે જેમાં ટીસીને ખાસ ડિઝાઇન કરવામાં આવેલું સ્પેશિયલ જેકેટ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમ જ બોડી કૅમેરા પણ આપવામાં આવશે.

પ્રાથમિક તબક્કામાં આવા ૧૫ બોડી કૅમેરા અને ૩૦ જેકેટ ઉપયોગમાં લેવામાં આવશે.

બોડી કૅમેરા ટીસીની જેકેટના આગળના ભાગમાં લગાવવામાં આવશે. ટિકિટ ચેકિંગ દરમિયાન મુસાફર અને ટીસી વચ્ચે થતી વાતચીત તથા સામે બનતી ઘટનાનું રેકોર્ડિંગ થશે. કૅમેરામાં મેમરી કાર્ડ આધારિત રેકોર્ડિંગ સિસ્ટમ અને માઇક્રોફોન હશે, જેથી વાતચીત અને ઘટનાનો ઓડિયો-વીડિયો રેકોર્ડ રહી શકે. કોઈ વિવાદ થાય તો કોણે શું કહ્યું અને ઘટના કેવી રીતે બની તેની તપાસ માટે આ રેકોર્ડિંગ ઉપયોગી બની શકે છે.

પશ્ચિમ રેલવેની આ પહેલનો હેતુ માત્ર બિનટિકિટ મુસાફરો સામે કાર્યવાહી કરવાનો નથી, પરંતુ ટીસી અને મુસાફરો બંને માટે ટિકિટ ચેકિંગ પ્રક્રિયાને વધુ જવાબદાર અને પારદર્શક બનાવવાનો છે. છેલ્લા કેટલાક સમયથી ટીસી અને મુસાફરો વચ્ચે બોલાચાલી, ઝઘડા અને મારામારીના કિસ્સા સામે આવ્યા છે, જેના વીડિયો સોશ્યલ મીડિયા પર પણ વાઇરલ થયા છે. હવે આવી ઘટનાઓનો અધિકૃત રેકોર્ડ ઉપલબ્ધ રહેશે. ખાસ કરીને એસી લોકલ ટ્રેનોમાં આ પાયલટ પ્રોજેક્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

ટીસીને બોડી કૅમેરા સાથે ખાસ જેકેટ પણ આપવામાં આવશે. તેમાં એચએચટી, ઈએફટી મશીન, આઈડી કાર્ડ, નેમ બેજ અને અન્ય જરૂરી ટિકિટ ચેકિંગ સાધનો રાખવા માટે અલગ-અલગ ખિસ્સા અને કમ્પાર્ટમેન્ટ હશે. ઝડપથી સૂકાઈ જાય તેવા માઇક્રો ફાઇબર કપડાથી તૈયાર થતા આ જેકેટથી ટીસીની ઓળખ પણ સ્પષ્ટ થશે અને ફરજ દરમિયાન જરૂરી સાધનો સાથે રાખવામાં સરળતા રહેશે.

આ પહેલ પશ્ચિમ રેલવેના 'નમસ્તે અભિયાન' હેઠળ શરૂ કરવામાં આવી રહી છે. રેકોર્ડ થયેલા વીડિયો અને ડેટાની સમયાંતરે તપાસ કરવામાં આવશે, જેથી વિવાદની સ્થિતિમાં ઘટનાની સાચી હકીકત સામે આવી શકે. પશ્ચિમ રેલવેને આશા છે કે બોડી કૅમેરાથી ટીસીની સુરક્ષા વધશે અને ટિકિટ ચેકિંગ દરમિયાન થતા ઝઘડાઓ પર નિયંત્રણ આવશે. એટલે હવે લોકલમાં ટીસી સાથે ઝઘડો કરતા પહેલા સાવધાન રહેવું પડશે ઘટનાની વાતચીત અને સમગ્ર ઘટનાક્રમ કૅમેરામાં રેકોર્ડ થઈ શકે છે. ■

# થાણેમાં ચાલનો એક ભાગ તૂટી પડતાં બે ઘાયલ

થાણે: થાણેમાં શુક્રવારે વહેલી સવારે ૨૫ વર્ષ જૂની ચાલીની એક રૂમનો ભાગ તૂટી પડતાં બે લોકો ઘાયલ થયા હોવાનું પાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું. આ ઘટના માનપાડાના બ્રહ્માંડ વિસ્તારમાં આવેલી રામચંદ્ર નગર ચાલીમાં રાતે આશરે ૨:૪૫ વાગ્યે બની હતી. ચાલીની એક રૂમનો એક ભાગ તૂટી પડ્યો હતો અને તેની સાથે ઈમારતની નીચેની જમીન પણ બેસી ગઈ હતી, એમ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના ક્ષેત્રીય આપત્તિ વ્યવસ્થાપન સેલના વડા યાસીન તડવીએ જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે, આ ઘટનામાં બે રહેવાસીઓના પગમાં ઈજાઓ થઈ હતી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ચાલીના બાકીના હિસ્સાને જોખમી ગણવામાં આવ્યો હોવાથી, ચાલીના રહેવાશીઓને અસ્થાયી રૂપે અન્ય સ્થળે ખસી જવાની સલાહ આપવામાં આવી હતી. ■

# આજે ભારત-શ્રીલંકા ટેસ્ટમાં ટૉસ સમયસર થશે?

## બન્ને દેશ માટે ડબ્લ્યૂટીસીની ફાઇનલનો દાવો જીવંત રાખવા ૨-૦થી જીતવું જરૂરી

ગૉલ: અહીં આજે ભારત અને શ્રીલંકા વચ્ચે સિરીઝની પ્રથમ ટેસ્ટ શરૂ કરવા પૂરી તૈયારીઓ થઈ ચૂકી છે, પરંતુ ગૉલથી મળતા સમાચાર સારા નથી, કારણકે ચોમાસાની ઋતુ ચાલે છે અને વરસાદ પડવાની સંભાવના છે એટલે સવારે ૧૦.૦૦ વાગ્યે મૅચ શરૂ થાય એ પહેલાં ૯.૩૦ વાગ્યે ટૉસ થશે કે કેમ એમાં જ શંકા છે.

શ્રીલંકાની વેધશાળા અનુસાર આજના પ્રથમ દિવસે વરસાદ વિઘ્ન ઊભા કરી શકે. ઉલ્લેખનીય છે કે ભારતની આ ૬૦૦મી ટેસ્ટ છે જેમાં મેઘરાજા અંતરાયો ઊભા નહીં કરે એવી ભારતીય ક્રિકેટપ્રેમીઓને આશા છે.

ભારત માટે ૬૦૦મી ટેસ્ટ ઐતિહાસિક હોવાથી શુભમન ગિલ ઍન્ડ કંપની એમાં વિજય મેળવીને આ ટેસ્ટને યાદગાર બનાવવા માગે છે. ભારતની ટેસ્ટ ટીમ શ્રીલંકામાં સિરીઝ રમવા આવી હોય એવું નવ વર્ષે બન્યું છે. જોકે વરસાદની સંભાવનાને લીધે ખેલાડીઓ અને લોકોના ઉત્સાહના રંગમાં ભંગ પડી શકે.



શુભમન ગિલ ભારતનો અને ધનંજય ડિસિલ્વા શ્રીલંકાનો કૅપ્ટન છે. (બીસીસીઆઇ)

### બુધવાર સુધીની આગાહી શું બતાવે છે?

આગાહી મુજબ ગૉલમાં સવારે વાદળો છવાયેલા રહેશે અને પવન પણ ફૂંકાશે. આજે સવારે વરસાદ પડવાની ૯૦ ટકા સંભાવના છે તેમ જ આકાશમાં વાદળો છવાયેલા રહેશે એવી ૯૨ ટકા શક્યતા છે એવું વેધશાળાનું માનવું છે. છેક ત્યાં સુધી કહેવાયું છે કે ૫.૬ મિલીમીટર વરસાદ પડી શકે એમ છે. આગાહી આજ સુધી સીમિત નથી. આવતી કાલે તેમ જ છેક બુધવાર સુધીની આગાહી કરાઈ છે અને છેક એ દિવસ સુધી વરસાદ પડવાની સંભાવના છે. વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)માં ભારત ૪૮.૧૫ પૉઇન્ટની ટકાવારી સાથે પાંચમા સ્થાને અને શ્રીલંકા ૪૧.૬૭ પૉઇન્ટ સાથે છઠ્ઠા નંબરે છે. ડબ્લ્યૂટીસીની ફાઇનલ માટેનો દાવો જીવંત રાખવા બન્ને દેશને ૨-૦ના માર્જિનથી જીતવું પડશે.

### બન્ને દેશની હેડ-ટુ-હેડ સ્થિતિ

બન્ને દેશ વચ્ચે કુલ ૪૬ ટેસ્ટ રમાઈ છે જેમાંથી બાવીસ ભારતે અને માત્ર સાત શ્રીલંકાએ જીતી છે. ૧૭ ટેસ્ટ ડ્રૉમાં ગઈ છે. શ્રીલંકાએ સાતેય જીત ઘરઆંગણે મેળવી છે. જોકે શ્રીલંકામાં ભારત નવ ટેસ્ટ જીત્યું છે. ■

# આજથી હૉકીનો વર્લ્ડ કપ

## ખેલાડીઓ ભારતને આઝાદી દિનની ભેટ આપશે? ભારત-પાકિસ્તાન મૅચ ૧૯મી ઑગસ્ટે

ઍમ્સ્ટલવીન (નેધરલૅન્ડ્સ): ભારત આજે (બપોરે ૪.૩૦ વાગ્યાથી) હૉકીના એફઆઇએચ વર્લ્ડ કપમાં ઝુકાવશે. આજની (આઝાદી દિનની) ભારતની પ્રથમ મૅચ વેલ્સ સામે રમાશે જેમાં ભારતીય ટીમનું નેતૃત્વ હરમનપ્રીત સિંહ સંભાળશે. આ વર્લ્ડ કપની મૅચો બેલ્જિયમ અને નેધરલૅન્ડ્સમાં રમાશે.

૩૦મી ઑગસ્ટ સુધી ચાલનારા આ વિશ્વ કપમાં કુલ ૧૬ દેશ ભાગ લઈ રહ્યા છે. છેલ્લે ભારત ૫૧ વર્ષ પહેલાં વર્લ્ડ કપ જીત્યું હતું. આ વખતના વિશ્વ કપમાં ભારતના ગ્રૂપ-ડીમાં વેલ્સ ઉપરાંત ઇંગ્લૅન્ડ અને પાકિસ્તાનનો સમાવેશ છે.

ગ્રૂપ-ડીમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની હૉકી મૅચ ૧૯મી ઑગસ્ટે ભારતીય સમય અનુસાર સાંજે ૬.૩૦ વાગ્યાથી રમાશે. એ પહેલાં, ભારતની ઇંગ્લૅન્ડ સામેની ૧૭મી ઑગસ્ટની મૅચ રમાઈ ગઈ હશે.

ચારેય ગ્રૂપના દેશો આ મુજબ છે: ગ્રૂપ-એ: (૧) નેધરલૅન્ડ્સ, આર્જેન્ટિના, ન્યૂ ઝીલૅન્ડ, જાપાન (૨) ગ્રૂપ-બી: બેલ્જિયમ, જર્મની, ફ્રાન્સ, મલયેશિયા (૩) ગ્રૂપ-સી: ઑસ્ટ્રેલિયા, સ્પેન, આયરલૅન્ડ, સાઉથ આફ્રિકા (૪) ગ્રૂપ-ડી: ભારત, પાકિસ્તાન, ઇંગ્લૅન્ડ, વેલ્સ. ■

# તેન્ઝિદ ઑસ્ટ્રેલિયામાં ટેસ્ટ સદી ફટકારનાર પ્રથમ બાંગ્લાદેશી

ડાર્વિન: બાંગ્લાદેશ ૨૩ વર્ષ બાદ પહેલી વખત (૨૦૦૩ પછી પ્રથમ વાર) ઑસ્ટ્રેલિયાની ધરતી પર ટેસ્ટ મૅચ રમી રહ્યું છે અને એમાં બાંગ્લાદેશના ઓપનર તેન્ઝિદ હસન (૧૦૧ રન, ૧૯૭ બૉલ, ૩૦૮ બૉલ, એક છગ્ગો, આઠ ચોગ્ગા)એ ઇતિહાસ રચ્યો હતો. તેન્ઝિદ ઑસ્ટ્રેલિયાની ધરતી પર ટેસ્ટ સદી ફટકારનાર પ્રથમ બાંગ્લાદેશી ખેલાડી બન્યો હતો. શ્રેણીની આ પ્રથમ ટેસ્ટમાં ઑસ્ટ્રેલિયાના ૧૯૮ રનના જવાબમાં બાંગ્લાદેશે શુક્રવારના બીજા દિવસે છ વિકેટે ૩૫૧ રન બનાવીને ૧૫૩ રનની સરસાઈ મેળવી હતી. ઑસ્ટ્રેલિયાના મુખ્ય બોલર્સ (મિચલ સ્ટાર્ક, જૉશ હૅઝલવૂડ, કૅમેરન ગ્રીન, પૅટ કમિન્સ, નૅથન લાયન) સહિત કુલ સાત બોલરની હાજરીમાં લેફ્ટ-હૅન્ડ ઓપનર તેન્ઝિદ કરીઅરની બીજી જ ટેસ્ટમાં આ સદી ફટકારીને ક્રિકેટ જગતમાં ચમકી ગયો છે. ■

# જેમિમા ઈજાને લીધે એશિયા કપ અને એશિયન ગેમ્સની બહાર

ભારતને ગયા વર્ષે વન-ડેના વર્લ્ડ કપની ઐતિહાસિક ટ્રૉફી અપાવવામાં મોટું યોગદાન આપનાર બૅટર જેમિમા રૉડ્રિગ્સને પગમાં ગંભીર ઈજા થઈ હોવાથી તે આગામી એશિયા કપમાં તેમ જ એશિયન ગેમ્સમાં નહીં રમી શકે. જેમિમાને ઇંગ્લૅન્ડની 'ધ હન્ડ્રેડ' ટૂર્નામેન્ટ દરમ્યાન ઈજા થઈ હતી. સિલેક્ટરોએ પચીસ વર્ષીય જેમિમાના સ્થાને પ્રતીકા રાવલને ૨૮મી ઑગસ્ટે દુબઈમાં શરૂ થનારા એશિયા કપ માટેની ટીમમાં સમાવવામાં આવી છે. એશિયન ગેમ્સ ૧૯મી સપ્ટેમ્બરથી જાપાનમાં યોજાવાની છે. ■

# આજે ભારતની ૬૦૦મી ટેસ્ટ: જાણી લો, ૫૯૯ ટેસ્ટમાં કોણે-કોણે રોમાંચક વિક્રમો રચ્યા છે

ગૉલ: શ્રીલંકા આજે (સવારે ૧૦.૦૦ વાગ્યાથી) ૩૩૦મી ટેસ્ટ મૅચ રમશે, પણ ભારતની ટેસ્ટનો આંકડો અદ્ભુત છે, કારણકે ટેસ્ટના ૧૪૯ વર્ષના ઇતિહાસમાં ભારત ૬૦૦ ટેસ્ટ રમનાર ત્રીજો દેશ બનશે. અત્યાર સુધીમાં ભારતની ૫૯૯ ટેસ્ટ રમાઈ છે. સૌથી વધુ ટેસ્ટ રમનારા પ્રથમ બે દેશમાં ઇંગ્લૅન્ડ (૧,૦૯૭ ટેસ્ટ) અને ઑસ્ટ્રેલિયા (૮૮૩ ટેસ્ટ)નો સમાવેશ છે.

ટેસ્ટ-ક્રિકેટની પ્રથમ મૅચ માર્ચ ૧૮૭૭માં ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ વચ્ચે રમાઈ હતી જેમાં ઑસ્ટ્રેલિયાનો ૪૫ રનથી વિજય થયો હતો. ભારતની પ્રથમ ટેસ્ટ જૂન ૧૯૩૨માં લૉર્ડ્સમાં ઇંગ્લૅન્ડ સામે રમાઈ હતી જેમાં ઇંગ્લૅન્ડનો ૧૫૮ રનથી વિજય થયો હતો. ભારત ૫૯૯ ટેસ્ટમાંથી ૧૮૬ ટેસ્ટ જીત્યું છે, ૧૮૮ હાર્યું છે અને ૨૨૪ ટેસ્ટ ડ્રૉમાં પરિણમી છે. ભારતની એક ટેસ્ટ ટાઇ થઈ છે. ભારતની છેલ્લામાં છેલ્લી ટેસ્ટ જૂન, ૨૦૨૬માં ન્યૂ ચંડીગઢમાં અફઘાનિસ્તાન સામે રમાઈ હતી જેમાં ભારતનો એક દાવ અને ૩૦૦ રનથી વિજય થયો હતો. ■

### ૫૯૯ ટેસ્ટમાં ભારતીયોના વિવિધ વિક્રમો

- સૌથી વધુ ટેસ્ટ: સચિન (૨૦૦)
- સૌથી વધુ રન: સચિન (૧૫,૯૨૧)
- હાઇએસ્ટ સ્કોર: સેહવાગ (૩૧૯)
- બેસ્ટ બૅટિંગ ઍવરેજ: સચિન (૫૩.૭૮)
- બેસ્ટ બૅટિંગ સ્ટ્રાઇક-રેટ: સેહવાગ (૮૨.૧૮)
- સૌથી વધુ ટ્રિપલ સેન્ચુરી: સેહવાગ (બે)
- સૌથી વધુ ૨૫૦-પ્લસ: સેહવાગ (ચાર)
- સૌથી વધુ ૨૦૦-પ્લસ: કોહલી (સાત)
- સૌથી વધુ ૧૫૦-પ્લસ: સચિન (૨૦)
- સૌથી વધુ સેન્ચુરી: સચિન (૫૧)
- સૌથી વધુ હાફ સેન્ચુરી: સચિન (૬૮)
- સૌથી વધુ બૉલ રમનાર: દ્રવિડ (૩૧,૧૮૪)
- સૌથી વધુ મિનિટ સુધી બૅટિંગ: દ્રવિડ (૪૪,૦૩૭)
- સૌથી વધુ શૂન્ય: ઇશાંત (૩૪)
- સૌથી વધુ વિકેટ: કુંબલે (૬૧૯)
- સૌથી વધુ બૉલ ફેંક્યા: કુંબલે (૪૦,૮૫૦)
- સૌથી વધુ મેઇડન ઓવર: કુંબલે (૧,૫૭૬)
- બેસ્ટ બોલિંગ ઍવરેજ: બુમરાહ (૧૯.૭૯)
- બેસ્ટ બોલિંગ સ્ટ્રાઇક રેટ: બુમરાહ (૪૨.૮૦)
- સૌથી વધુ વખત પાંચ વિકેટ: અશ્વિન (૩૭)
- સૌથી વધુ વખત દસ વિકેટ: કુંબલે/અશ્વિન (૧૦)
- સૌથી વધુ કૅચ (ફીલ્ડર): દ્રવિડ (૨૦૯)
- સૌથી વધુ શિકાર (વિકેટકીપર): ધોની (૨૯૪)
- સૌથી વધુ કૅચ (વિકેટકીપર): ધોની (૨૫૬)
- સૌથી વધુ સ્ટમ્પિંગ: કિરમાણી/ધોની: ૩૮
- કૅપ્ટન તરીકે સૌથી વધુ ટેસ્ટ: કોહલી (૬૮)
- કૅપ્ટન તરીકે સૌથી વધુ જીત: કોહલી (૪૦)
- સૌથી વધુ મૅન ઑફ ધ મૅચ: સચિન (૧૪)
- સૌથી વધુ મૅન ઑફ ધ સિરીઝ: અશ્વિન (૧૧)
- હાઇએસ્ટ ભાગીદારી: માંકડ/રૉય (૪૧૩)
- ભાગીદારીમાં સૌથી વધુ રન: સચિન/દ્રવિડ (૬,૯૨૦)
- ભાગીદારીમાં સૌથી વધુ સેન્ચુરી: સચિન/દ્રવિડ (૨૦)
- સૌથી વધુ ટૉપ સ્કોર: સચિન (૭૮)
- ટીમના રનમાં સૌથી વધુ ટકાવારી: ગાવસકર (૧૬.૫૫)

# લક્ષ્મણને કદાચ બીસીસીઆઇનો ડિરેક્ટર બનાવાશે

બેંગ્લૂરુ: ભારતના ભૂતપૂર્વ મિડલ-ઑર્ડર બૅટ્સમૅન અને બેંગ્લૂરુમાં બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના સેન્ટર ઑફ એક્સેલન્સ (સીઓઇ)ના ચીફ તરીકે ઘણાં વર્ષથી અખત્યાર સંભાળતા વીવીએસ લક્ષ્મણને ભારતીય ક્રિકેટમાં વધુ મોટી જવાબદારી સોંપવામાં આવશે એવી સંભાવના છે. સપ્ટેમ્બરમાં બીસીસીઆઇ અમુક મહત્ત્વના હોદ્દાઓમાં ફેરફાર કરશે એવી શક્યતા વચ્ચે લક્ષ્મણના નામે ચર્ચા શરૂ થઈ છે. ઉલ્લેખનીય છે કે ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ-વિનિંગ ૨૮૧ રનની ઇનિંગ્સને લીધે લક્ષ્મણનું નામ દેશના બૅટિંગ-લેજન્ડ્સમાં ગણાય છે.

એક તરફ સપ્ટેમ્બરમાં ચીફ સિલેક્ટરના સ્થાને અજિત આગરકરની મુદત પૂરી થશે અને ટીમ ઇન્ડિયાના કોચિંગ-સ્ટાફમાં પણ મોટા બદલાવ લાવવામાં આવશે એ જોતાં ક્રિકેટ બોર્ડના કેટલાક સૂત્રોએ એક જાણીતી ભારતીય વેબસાઇટને સંકેત આપ્યો છે કે વીવીએસ લક્ષ્મણને કદાચ બીસીસીઆઇમાં ડિરેક્ટર ઑફ ક્રિકેટનો દરજ્જો આપવામાં આવશે. એક તરફ એવી પણ ચર્ચા છે કે અજિત આગરકરની મુદત ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ સુધી લંબાવવામાં આવશે.

બીસીસીઆઇ આ હોદ્દા પરની વ્યક્તિને કઈ જવાબદારી સોંપશે એ તો આવનારો સમય જ બતાવશે, પરંતુ ભારતમાં ક્રિકેટને લગતા જે પણ કામકાજ હશે એમાં લક્ષ્મણ કેન્દ્રસ્થાને રહેશે. તેણે સિનિયર ક્રિકેટ ટીમ, કોચિંગ-સ્ટાફ, સિલેક્ટરો, સીઓઇ તેમ જ ભારતીય ખેલાડીઓને લગતી વિવિધ બાબતો વચ્ચે સંકલનની ભૂમિકા ભજવવાની રહેશે. આ નિયુક્તિ સાથે ક્રિકેટની નવી ટૅલન્ટ શોધવી, ખેલાડીઓના વિકાસ વિશે નિર્ણયો લેવા તેમ જ મોટા નિર્ણયો લેવા એ તમામ બાબતો સંકળાયેલી રહેશે. હાલમાં લક્ષ્મણ બેંગ્લૂરુની સીઓઇમાં આમાંનું મોટા ભાગનું કામ સંભાળી જ રહ્યો છે. ૨૦૨૪માં ટી-૨૦ વર્લ્ડ કપના ચૅમ્પિયનપદ બાદ રાહુલ દ્રવિડે કોચિંગની જવાબદારી છોડી ત્યારે લક્ષ્મણે સીઓઇમાં જ રહેવાનું પસંદ કર્યું હતું. જોકે બે વર્ષમાં ભારતીય ક્રિકેટના વિકાસ કાર્યમાં લક્ષ્મણની મહત્ત્વની ભૂમિકા રહી છે. ■

## વેપાર વાણિજ્ય

# ભૂરાજકીય અનિશ્ચિતતા વચ્ચે શેરબજારમાં નરમાઇ; નિફ્ટી ચોથા દિવસે પણ ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સપ્તાહના છેલ્લા દિવસે શુક્રવારે પણ ક્રૂડના ભાવમાં વધારો અને અમેરિકા-ઈરાન વચ્ચેના મડાગાંઠ યથાવત્ રહેવાને કારણે બજારના બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં પીછેહઠ ચાલુ રહી હતી. સેન્સેક્સ દિવસ દરમિયાન ૩૯૫.૫૯ પોઈન્ટ અથવા ૦.૫૦ ટકા ઘટીને ૭૭,૬૮૪.૩૭ને અથડાઇ અંતે ૭૦.૭૧ પોઈન્ટ અથવા ૦.૦૯ ટકા ઘટીને ૭૮,૦૦૯.૨૫ પર સ્થિર થયો હતો.જ્યારે નિફ્ટી ૨૯.૮૫ પોઈન્ટ અથવા ૦.૧૨ ટકા ઘટીને ૨૪,૩૬૬ પર બંધ થયો હતો.

એશિયન પેઇન્ટ, ઇન્ટરગ્લોબ એવિયેશન, એનટીપીસી, પાવરગ્રીડ, સ્ટેટ બેન્ક અને એચસીએલ ટેક સેન્સેક્સના ટોપ લુઝસ૪ શેરોમાં સામેલ હતા. જ્યારે ભારતી એરટેલ, અદાણી પોર્ટ, આઇસીઆઇસીઆઇ બેન્ક અને ટાઇટન ટોચના વધનારા શેરોની યાદીમાં હતાં. સ્કાયવેઝ એરનો રૂ. ૫૮૨.૮૦ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૪ ઓગસ્ટે ખુલશે અને ૨૭ ઓગસ્ટે બંધ થશે. શેરની ફાળવણી ૨૮ ઓગસ્ટે થશે અને એનએસઈ તથા બીએસઇ પર લિસ્ટિંગ પહેલી સપ્ટેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૩૧થી રૂ.૧૩૮ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૧૦૦ શેર છે.

સનશાઇન પિક્ચર્સ લિમિટેડનો આઈપીઓ મંગળવાર, ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે. પ્રત્યેક રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઇક્વિટી શેર માટે રૂ. ૩૪૨થી રૂ. ૩૬૦નો પ્રાઇસ બેન્ડ નક્કી કરવામાં આવી છે. ફ્લોર પ્રાઇસ ઇક્વિટી શેરની ફેસ વેલ્યુ કરતાં ૩૪.૨૦ગણી અને કેપ પ્રાઇસ ઇક્વિટી શેરની ફેસ વેલ્યુ કરતાં ૩૬.૦૦ગણી છે. બિડ ગુરુવાર, ૨૦ ઓગસ્ટે બંધ થશે. એન્કર ઇન્વેસ્ટર બિડીંગ તારીખ સોમવાર, ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ છે. બિડ્સ ઓછામાં ઓછા ૪૧ ઇક્વિટી શેર માટે કરી શકાશે.

રાઠી સ્ટીલ એન્ડ પાવરની કુલ આવક નાણાકીય વર્ષના પહેલા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૨૪.૬૩ ટકા વધીને રૂ. ૧૯૩.૬૭ કરોડ થઈ, ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૮૪.૫૬ ટકા વધીને રૂ. ૩.૪૮ કરોડ રહ્યો છે. એબીટા ૨૪.૮૩ ટકા વધીને રૂ. ૭.૭૭ કરોડ નોંધાયો છે. લીપ ઇન્ડિયાના ભાવ શુક્રવારે ૪.૪૦ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૧૬૬ના ભાવે લિસ્ટેડ થયા હતા. ખઝાંચી જ્વેલર્સે નાણાકીય વર્ષના પહેલા ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૪૫.૨૦ ટકાના વધારા સાથે રૂ. ૫૮૬.૩૩ કરોડની કુલ આવક ૮૯.૦૨ ટકાના વધારા સાથે રૂ. ૩૯.૯૮ કરોડનો એબિટા અને ૮૩.૬૬ ટકાના વધારા સાથે રૂ. ૨૭.૮૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

મુથુત ફિનકોર્પ અને સ્વતંત્રતા માઇક્રોફિન બંનેએ રૂ. ૩૦૦૦ કરોડના વ્યક્તિગત આઇપીઓ માટે દસ્તાવેજ ફાઇલ કરાવ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૨૭ના પહેલા ત્રિમાસિક સમયગાળામાં પ્રવેગ લિમિટેડની કુલ આવક ૧૫.૯૨ ટકા વધીને રૂ. ૪૬.૨૧ કરોડ થઈ છે. એબીટા રૂ. ૩.૯૦ કરોડનો નોંધાયો છે, જ્યારે કોન્સોલિડેટેડ ધોરણે રૂ. ૧૩.૨૩ કરોડનું ચોખ્ખું નુકસાન રહ્યું છે. આરડી ઇન્ડસ્ટ્રીઝના શેર બુધવારે ૩૮.૮૬ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૭૩.૬૦ની સપાટીએ લિસ્ટેડ થયા હતા. કેઆરએન હીટ એક્સચેન્જર એન્ડ રેફ્રિજરેશન લિમિટેડે પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં વાર્ષિક ધોરણે ૫૯.૦૭ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૮૧.૯૭ કરોડની આવક, ૨૪.૬૭ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૨૪.૬૭ કરોડનો એબિટા અને ૧૯૦.૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૮.૬૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

નેટકો ફાર્માએ પ્રથમ ક્વાર્ટરમાં ૫૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૨૦૬.૫૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. દેવ ઇન્ફોર્મેશન ટેકનોલોજી લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ક્વાર્ટરમાં ૨.૭૩ ટકાના વધારા સાથે રૂ. ૪૪.૬૪ કરોડની કુલ આવક, રૂ. ૩.૯૯ કરોડનો એબિટા અને રૂ. ૨.૧૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ચોખ્ખા નફાનું માર્જિન ૪.૭૨ ટકા રહ્યું છે. ટેકનોક્રાફ્ટ વેન્ચર્સના શેર શુક્રવારે ઇશ્યૂ ભાવ સામે ૩૪.૪૩ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૨૮૫ના ભાવે લિસ્ટેડ થયા હતા અને ૫૭.૮૩ ટકા સુધી આગળ વધ્યા હતા.

સંજીવની પેરેન્ટરલ લિમિટેડે પ્રથમ ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૩૩.૮૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૩૯.૯૦ મિલિયનની કુલ આવક, ૬૧.૦૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪૩.૨૧ મિલિયનનો એબિટા અને ૪૩.૯૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૪.૯૧ મિલિયનના ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કંપનીએ તમામ મુદ્દા પર તાત્કાલિક સુધારાત્મક પગલાં પૂર્ણ કર્યા હોવાથી એફએસએસએઆઇએ પાલઘર પ્લાન્ટનું લાઇસન્સ ૪૮ કલાકમાં પુનઃસ્થાપિત કર્યું હોવાનું છેડા સ્પેશિયાલિટીઝ ફૂડ્સે જાહેર કર્યું છે. ઓરબિંદો ફાર્માની અનુષાંગિક કંપની યુજીઆ ફાર્મા સ્પેશિલિટીને યુએસએફડીએ તરફથી ચેતવણી પત્ર મળ્યો છે. બજાજ હિન્દુસ્તાન સુગર લિમિટેડે પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૧૮૪.૭૦ કરોડની સંયુક્ત ચોખ્ખી ખોટ નોંધાવી છે, જે ગયા વર્ષે રૂ. ૧૭૪ કરોડ હતી. વ્યાપક બજારમાં પણ વેચવાલીનું દબાણ રહ્યું હોવાથી મુખ્ય ઇક્વિટી બેન્ચમાર્ક સૂચકાંકો કરતાં આ સેગમેન્ટના શેરઆંકો નબળું પ્રદર્શન કર્યું હતું. નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૫૩ ટકા ઘટીને ૬૩,૭૮૨.૧૫ પર બંધ થયો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૬૯ ટકા ઘટીને ૧૯,૭૩૮.૫૫ પોઇન્ટના સ્તરે બંધ થયો હતો.

તાંબુ, જસત અને એલ્યુમિનિયમ જેવા મુખ્ય ખનિજોના ભાવમાં ગ્લોબલ કોમોડિટી બજારમાં ઘટ્યા હોવાથી મેટલ શેરોમાં પીછેહઠ જોવા મળી હતી. વધુમાં, શુક્રવારે જાહેર કરાયેલા સરકારી આંકડા દર્શાવે છે કે જૂનમાં જથ્થાબંધ ફુગાવો ૯.૮૭ ટકાથી થોડો ઘટીને જુલાઈમાં ૯.૭૮ ટકા થયો હતો, જ્યારે પ્રાથમિક વસ્તુઓ અને ઉત્પાદિત ઉત્પાદનોના ભાવમાં વધારો થયો હતો. એક્સચેન્જ ડેટા અનુસાર, ગુરુવારે, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૫૧૦.૬૯ કરોડના શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૪,૩૫૩.૦૯ કરોડના શેર ખરીદ્યા હતા.

વૈશ્વિક સ્તરે, એશિયન સૂચકાંકો મિશ્ર બંધ થયા હતા, જાપાનનો નિક્કી ૦.૭૫ ટકા વધ્યો, ચીનનો શાંઘાઈ સ્થિર રહ્યો હતો, દક્ષિણ કોરિયાનો કોસ્પી ૨.૩૬ ટકા વધ્યો હતો અને હોંગકોંગનો હેંગ સેંગ ૧.૧૭ ટકા ઘટ્યો હતો. શુક્રવારે એનએસઇ પર ૩,૪૬૧ જેટલા શેરોમાં વેપાર થયો હતો. તેમાંથી ૧,૮૫૫ શેર ઘટ્યા હતા અને ૧,૪૭૯ શેરોમાં તેજી રહી હતી, જ્યારે ૧૨૭ શેરોમાં કોઈ ફેરફાર થયો નહોતો. કુલ ૧૧૧ શેરો તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૭૬ શેરો તેમના એક વર્ષના નીચલા સ્તરને સ્પર્શ્યા હતા. આ ઉપરાંત, શુક્રવારે ૧૧૫ શેરો તેમની ઉપલી સર્કિટ મર્યાદાને સ્પર્શ્યા હતા, અને ૮૭ તેમના નીચલા સર્કિટ બેન્ડને સ્પર્શ્યા હતા. વોલેટિલિટી ગેજ, ઇન્ડિયા વીઆઇએક્સ, ૦.૮૫ ટકા ઘટીને ૧૧.૩૨ સ્તર પર રહ્યો હતો. ■

# સોનામાં રૂ. ૭૦૮ની અને ચાંદીમાં રૂ. ૩૮૬ની પીછેહઠ

મુંબઈ: અમેરિકાનાં જુલાઈ મહિનાના ફુગાવામાં બજારની અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ થતાં આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા નબળી પડતાં સોનાના ભાવ બે મહિનાની ટોચે પહોંચ્યા બાદ ગઈકાલે નફારૂપી વેચવાલી જોવા મળ્યા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હતા, જ્યારે ચાંદીમાં ધીમો સુધારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુઓમાં સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં સાધારણ પીછેહઠ જોવા મળી હતી, જેમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૦૫થી ૭૦૮ અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૩૮૬ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી સામે નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૩૮૬ના ઘટાડા સાથે રૂ. ૨,૩૩,૮૪૨ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે આજે સોનામાં રોકાણલક્ષી માગનો અભાવ અને જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૭૦૫ ઘટીને રૂ. ૧,૫૧,૭૫૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૦૮ ઘટીને રૂ. ૧,૫૨,૩૬૩ના મથાળે રહ્યા હતા.

ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે નફારૂપી વેચવાલીના દબાણ હેઠળ ભાવમાં ૧.૩ ટકાનો ઘટાડો આવ્યા બાદ આજે લંડન ખાતે હાજરમાં સત્રના આરંભે ભાવ સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૪૩૫૧.૪૫ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા ઘટીને ૪૪૦૭.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૬૪.૬૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે સપ્તાહ દરમિયાન સોનાના વૈશ્વિક ભાવ બે મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યા બાદ ગઈકાલે ભાવમાં ઘટાડો આવ્યો હોવા છતાં સાપ્તાહિક ધોરણે ભાવમાં વૃદ્ધિ જોવા મળે તેવી શક્યતા બાયબીટનાં ચીફ માર્કેટ એનાલિસ્ટ હૅન તૅને વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે હાલમાં બજાર વર્તુળોની નજર ક્રૂડતેલના ભાવ પર મંડાયેલી છે તેમ જ આગામી સપ્તાહે અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની જાહેર થનારી મિનિટ્સ પર પણ બજારની મીટ છે. મિનિટ્સના સંકેતો અને ક્રૂડતેલના ભાવની વધઘટને કારણે સોના અને ચાંદીના ભાવમાં ચંચળતા જોવા મળી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં અમેરિકાનાં જુલાઈ મહિનાના પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં સ્થિર વલણ જોવા મળ્યું હોવાથી ગઈકાલે સીએમઈ ફેડ વૉચ ટૂલ બજાર વર્તુળો આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૩૧ ટકા શક્યતા બજાર વર્તુળો મૂકી રહ્યા હતા, જે અગાઉ ૪૪ ટકા શક્યતા વ્યક્ત થઈ રહી હતી. વધુમાં તાજેતરમાં સોનાના વૈશ્વિક ભાવ વધી આવતા સ્થાનિક સ્તરે પણ ભાવમાં તેજીનું વલણ રહેતાં માગ નબળી પડતાં ભારત ખાતે ડીલરો દ્વારા ઑફર કરવામાં આવતા સોનાના ભાવ પરનાં ડિસ્કાઉન્ટમાં વધારો થયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# પશ્ચિમ એશિયાની નિકાસમાં ૮.૬૨ ટકાનો વધારો

નવી દિલ્હી: વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતાનો માહોલ રહ્યો હોવા છતાં ગત જુલાઈ મહિનામાં દેશની પશ્ચિમ એશિયા ખાતેની નિકાસ જુલાઈ, ૨૦૨૫ના ૫.૨ અબજ ડૉલર સામે ૮.૬૨ ટકા વધીને ૫.૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું વાણિજ્ય સચિવ રાજેશ અગરવાલે જણાવ્યું હતું.

અમેરિકા અને ઈરાન વચ્ચેનાં વિવાદ બાદ ગત માર્ચ મહિનામાં પશ્ચિમ એશિયા ખાતેની નિકાસમાં ઘટાડો થયો હતો, પરંતુ ત્યાર બાદ એપ્રિલથી જૂન દરમિયાન સુધારાતરફી વલણ રહ્યું હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે પશ્ચિમ એશિયામાં નિકાસ વેપાર રાબેતા મુજબ થઈ રહ્યા છે. વાણિજ્ય મંત્રાલયની આંકડાકીય માહિતી અનુસાર ગત જુલાઈ મહિનામાં યુએઈ ખાતેની નિકાસ ૧૦.૧૫ ટકા વધીને ૩.૩ અબજ ડૉલરના સ્તરે રહી હતી, પરંતુ સઉદી અરેબિયા ખાતેના શિપમેન્ટ ૨.૭૩ ટકા ઘટીને ૭૬.૩૭ કરોડ ડૉલરની સપાટીએ રહ્યા હતા. તેમ જ ગત જુલાઈ મહિનામાં યુએઈ અને સઉદી અરેબિયાથી આયાતમાં ઘટાડો થયો હતો. ■

# ડૉલર સામે રૂપિયામાં ત્રણ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે સાધારણ ત્રણ પૈસાના સુધારા સાથે ૯૫.૪૨ના મખાળે બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં જળવાઈ રહેલી વેચવાલી અને ક્રૂડતેલના ભાવમાં વધારો જોવા મળ્યો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૪૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫.૩૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૪૪ અને ઉપરમાં ૯૫.૩૮ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે સાધારણ ત્રણ પૈસાના સુધારા સાથે ૯૫.૪૨ના મથાળે રહ્યા હતા. નોંધનીય બાબત એ છે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા નબળો પડ્યો હતો.

એકંદરે આજે ડૉલર સામે રૂપિયો સાધારણ નરમાઈ સાથે સાંકડી વધઘટે અથડાઈ ગયો હોવાનું એલકેપી સિક્યોરિટીઝનાં કૉમૉડિટી અને કરન્સી વિભાગનાં વાઈસ પ્રેસિડૅન્ટ જતીન ત્રિવેદીએ જણાવતા ઉમેર્યું હતું કે ગત જુલાઈ મહિનામાં ક્રૂડતેલના ભાવમાં ૨૫ ટકાનો ઉછાળો આવ્યો હોવાથી તેમ જ ડૉલર ઈન્ડેક્સ ૧૦૦ની સપાટી આસપાસ રહેતો હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, હાલની સ્થિતિને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૫.૧૦થી ૯૫.૮૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૦૮ ટકા ઘટીને ૯૯.૭૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, પરંતુ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૯૯ ટકા વધીને બેરલદીઠ ૮૭.૯૩ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી અને સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૭૦.૭૧ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૨૯.૨૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હતો. ■

સ્પોર્ટ્સમૅન

સાશા
feedback@
bombaysamachar.com

# ટેસ્ટ કરતાં ૯૪ વર્ષ નાના વન-ડે ફૉર્મેટની મજા જ કંઈક જુદી છે!

**પાંચ-દિવસીય મૅચની ગુણવત્તા અદ્વિતીય છે અને ટી-૨૦ વધુ મનોરંજક છે, પરંતુ ૫૦-૫૦ ઓવરની મૅચમાં ક્રિકેટપ્રેમીઓને બધો ખજાનો મળી રહે**



વન-ડેમાં હાઇએસ્ટ ૫૪ સેન્ચુરી વિરાટ કોહલીએ ફટકારી છે.



વન-ડેમાં સૌથી વધુ ૩૬૯ સિક્સરનો અને હાઇએસ્ટ ૨૬૪ રનનો વિશ્વવિક્રમ રોહિત શર્માના નામે છે.



વન-ડે ક્રિકેટમાં સૌથી વધુ ૪૬૩ મૅચ રમવા ઉપરાંત સૌથી વધુ ૧૮,૪૨૬ રન પણ સચિન તેન્ડુલકરના નામે છે.

**તાજેતરમાં** ૫,૦૦૦મી વન-ડે આંતરરાષ્ટ્રીય મૅચ રમાઈ ગઈ એ અવસરે તેમ જ સાઉથ આફ્રિકાના ફીલ્ડિંગ-લેજન્ડ જૉન્ટી રહોડ્સે વન-ડે ફૉર્મેટના ભાવિ વિશે ચિંતા વ્યક્ત કરી એ બદલ આજે આ લેખમાં ખાસ કરીને ૫૦-૫૦ ઓવરના આ ફૉર્મેટને કેન્દ્રમાં રાખીને જ ચર્ચા કરીશું. ૧૯૭૧ની સાલમાં પા...પા...પગલી માંડીને મર્યાદિત ઓવર્સની ક્રિકેટની પ્રણેતા બનેલી તથા ટેસ્ટ-ક્રિકેટથી ૯૪ વર્ષ નાની વન-ડે ક્રિકેટની ગતિ એવી રહી કે એણે પંચાવન વર્ષમાં ૧૪૯ વર્ષ જૂના પાંચ-દિવસીય ફૉર્મેટ પર પ્રભુત્વ જમાવી લીધું. ૧૮૭૭ની ૧૫મી માર્ચે મેલબર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ વચ્ચે ટેસ્ટ-ક્રિકેટના ઇતિહાસની પ્રથમ મૅચ રમાઈ હતી જે ડેવ ગ્રેગરીની કૅપ્ટન્સીમાં ઑસ્ટ્રેલિયાએ ૪૫ રનથી જીતી લીધી હતી. ત્યાર પછી નવ દાયકા બાદ (૧૯૭૧ની પાંચમી જાન્યુઆરીએ) મેલબર્નમાં જ સૌપ્રથમ વન-ડે મૅચ રમાઈ હતી.

**સૌપ્રથમ વન-ડે રદ થયેલી ઍશિઝ ટેસ્ટના સ્થાને રમાઈ**

નવાઈની વાત એ છે કે ૧૯૭૧માં સૌપ્રથમ વન-ડે મૅચ રદ થયેલી ઍશિઝ ટેસ્ટની જગ્યાએ રમાઈ હતી. અચાનક યોજવામાં આવેલી એ પહેલી વન-ડે ઇન્ટરનૅશનલ મૅચ ૪૦-૪૦ ઓવરની હતી અને એમાં પણ ઑસ્ટ્રેલિયાએ ઇંગ્લૅન્ડને હરાવ્યું હતું. બિલ લૉરીના સુકાનમાં ઑસ્ટ્રેલિયાએ ૪૨ બૉલ બાકી રાખીને પાંચ વિકેટે વિજય મેળવ્યો હતો. વન-ડે ફૉર્મેટની ત્યારે આકસ્મિક શરૂઆત થઈ હતી, પરંતુ ત્યાર પછીની સ્ટોરી વિસ્ફોટક રહી. ૧૯૭૫માં વન-ડેનો પ્રથમ વિશ્વ કપ રમાયો હતો અને ૨૮ વર્ષ બાદ (૧૯૯૯માં) વન-ડે ક્રિકેટમાં રમાયેલી મૅચોની તેમ જ પરિણામોની સંખ્યા ટેસ્ટ-ક્રિકેટની સરખામણીમાં ખૂબ આગળ નીકળી ગઈ હતી. બીજી રીતે કહીએ તો વન-ડે ઇન્ટરનૅશનલ ક્રિકેટનો જન્મ થયો ત્યારે ઉંમરમાં વન-ડે ફૉર્મેટ કરતાં ૯૪ વર્ષ મોટી ટેસ્ટ-ક્રિકેટને વન-ડેએ મૅચોની સંખ્યા તથા રિઝલ્ટની દૃષ્ટિએ ઘણી પાછળ મૂકી દીધી હતી.

**ક્રિકેટના નવા શૉટ્સ વન-ડેની જ દેન**

મર્યાદિત ઓવર્સની ક્રિકેટે પાંચ દિવસની લાંબી ટેસ્ટ-ક્રિકેટને આ રમતની ગતિ, રણનીતિ તથા પ્રેક્ષકો-દર્શકોની અપેક્ષા, ત્રણેય બાબતમાં ક્રિકેટના પારંપારિક પરિપ્રેક્ષ્યને પૂર્ણપણે બદલી નાખ્યું હતું. શરૂઆતના સમયમાં જ્યારે ૫૦ ઓવરમાં ૨૧૦ રનનો ટીમ-સ્કોર સારો મનાતો હતો એમાં સમય જતાં ફેરફાર જોવા મળ્યો હતો અને ૨૫૫-૨૬૦નું ટોટલ સામાન્ય ગણાવા લાગ્યું હતું. આ ફૉર્મેટમાં ધીમે-ધીમે ચોગ્ગા-છગ્ગાની વર્ષા એટલી વધવા લાગી હતી કે ૧૯૮૦નો દાયકો આવ્યો ત્યાં સુધીમાં વન-ડે અને પાંચ-દિવસીય ટેસ્ટ-મૅચ વચ્ચે જમીન-આસમાનનો જે ફરક દેખાવા લાગ્યો એ ક્રિકેટના આ જ શૉટ્સની મહેરબાનીને કારણે હતો.

**ગયા અઠવાડિયે રમાઈ ૫,૦૦૦મી વન-ડે**

એ જ વન-ડે ફૉર્મેટ આજે ટી-૨૦ ફૉર્મેટ સામે થાકી ગયેલું જોવા મળી રહ્યું છે. જોકે ક્રિકેટના મહત્તમ ચમકદાર આંકડા આ ફૉર્મેટ (વન-ડે)માં જ જોવા મળી રહ્યા છે. ૨૦૨૬ની સાતમી ઑગસ્ટે ૫,૦૦૦મી વન-ડે રમાઈ. નવાઈની વાત એ છે કે આ મૅચ રમવાનો અવસર વન-ડે ક્રિકેટના કોઈ મુખ્ય રાષ્ટ્રોને નહીં, પણ થોડા વર્ષોથી જ આ ફૉર્મેટમાં પ્રવેશેલા બે દેશને મળ્યો હતો. સ્કૉટલૅન્ડના ડન્ડી શહેરમાં કૅનેડા સામે રમાયેલી એ મૅચ સ્કૉટલૅન્ડે મૅચની અંતિમ ઓવરમાં નવ રનથી જીતી લીધી હતી. આજે ૫૦-૫૦ ઓવરની વન-ડે અને છ બૉલની ઓવર સામાન્ય ગણાય છે, પણ ૧૯૭૧માં રમાયેલી સૌપ્રથમ વન-ડે ૪૦-૪૦ ઓવરની હતી અને ત્યારે બોલરે એક ઓવરમાં આઠ બૉલ ફેંકવાના હતા.

**કોઈક ૩૫-૩૫ ઓવરની તો કોઈક...**

૧૯૭૫ અને ૧૯૭૯માં રમાયેલી બન્ને વન-ડે વર્લ્ડ કપમાં ૬૦-૬૦ ઓવરની મૅચ રમાઈ હતી. બીજું આશ્ચર્ય એ વાતનું છે કે ત્યારે અલગ-અલગ દેશોમાં અલગ-અલગ ઓવરની સંખ્યાવાળી વન-ડે રમાતી હતી. ન્યૂ ઝીલૅન્ડમાં ૩૫-૩૫ ઓવરની, વેસ્ટ ઇન્ડિઝમાં ૪૫-૪૫ ઓવરની તેમ જ પાકિસ્તાનમાં અલગ-અલગ સમયે ૩૫-૩૫, ૪૦-૪૦ કે ૫૦-૫૦ ઓવરની વન-ડે રમાતી હતી. જોકે પછીથી વન-ડે મૅચ માટે ૫૦-૫૦ ઓવરનું એકસરખું ફૉર્મેટ નક્કી કરવામાં આવ્યું હતું. ૧૯૭૮માં ૫૦-૫૦ ઓવરની પ્રથમ વન-ડે વેસ્ટ ઇન્ડિઝમાં રમાઈ હતી અને પછીથી ઑસ્ટ્રેલિયા તથા ન્યૂ ઝીલૅન્ડે પણ એ જ ફૉર્મેટ અપનાવ્યું હતું. જોકે ૫૦-૫૦ ઓવરનું ફૉર્મેટ જે પ્રથમ વર્લ્ડ કપમાં અપનાવાયું એ વર્લ્ડ કપ ૧૯૮૭માં ભારતમાં રમાયો હતો. ૧૯૯૬ બાદ આખી દુનિયામાં ૫૦-૫૦ ઓવરનું ફૉર્મેટ લાગુ થઈ ગયું હતું.

**રંગીન જર્સીએ વન-ડેને સંગીન બનાવી**

વન-ડે ફૉર્મેટ પંચાવન વર્ષનું થયું અને એની અવધિમાં એવી કોઈ વાત નથી જેમાં બદલાવ ન જોવા મળ્યો હોય. મૅચની ઓવરની સંખ્યા હોય, ઓવરમાં બૉલની સંખ્યા હોય કે ખેલાડીઓની જર્સીના રંગ અને પૅટર્નની વાત હોય. ૧૯૭૮-’૭૯ની સીઝનમાં પહેલી વખત બન્ને હરીફ ટીમો રંગીન જર્સી પહેરીને મેદાન પર ઊતરી હતી. ઑસ્ટ્રેલિયાના ખેલાડીઓએ પીળી જર્સી અને વેસ્ટ ઇન્ડિઝના પ્લેયર્સે ગુલાબી જર્સી પહેરી હતી. વર્લ્ડ ઇલેવનના ખેલાડીઓને બ્લૂ રંગની જર્સી મળી હતી. ત્યાર બાદ એક દિવસીય મૅચ માટેના સમયમાં પણ ફેરફાર આવ્યો હતો. અગાઉ મૅચ હંમેશાં દિવસના પ્રકાશમાં જ રમાતી હતી, પણ પછીથી ડે-નાઇટ મૅચનો ટ્રેન્ડ શરૂ થયો હતો જેમાં અડધી મૅચ ફ્લડલાઇટ્સમાં રમાતી હતી. રાત્રે લાલ બૉલ સ્પષ્ટ દેખાય નહીં એટલે પહેલી વખત સફેદ બૉલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**ઓહ નો! દસેય ફીલ્ડર બાઉન્ડરીની આસપાસ!**

૧૯૯૨નો વર્લ્ડ કપ પહેલી વખત આઇસીસી ટૂર્નામેન્ટ તરીકે રમાયો હતો જેમાં રંગીન જર્સી, ડે-નાઇટ મૅચ તેમ જ સફેદ બૉલ આ ત્રણેય અપનાવવામાં આવ્યા હતા. વન-ડેમાં નિયમો પણ ઘણી વખત બદલાયા છે. બોલિંગમાં તો ફેરફાર જોવા મળ્યા જ છે, બૅટિંગમાં અમુક પ્રકારના નવા શૉટ વન-ડે ફૉર્મેટની જ દેન છે. ૧૯૭૯માં ઇંગ્લૅન્ડના કૅપ્ટન માઇક બ્રિયરલીએ મૅચના અંતિમ બૉલ પહેલાં વિકેટકીપર સહિત તમામ ૧૦ ફીલ્ડરને બાઉન્ડરી લાઇન પર ગોઠવી દીધા હતા કે જેથી બૅટ્સમૅન ચોગ્ગો કે છગ્ગો ન ફટકારી શકે. એને પગલે ફીલ્ડિંગમાં અમુક પ્રકારના નિયંત્રણો આવ્યા અને ૧૯૯૨માં પહેલી વખત એનો અમલ થયો હતો. ૨૦૦૫માં પહેલી વખત ક્રિકેટમાં પાવરપ્લેની શરૂઆત થઈ હતી. જોકે સૌથી વધુ નવા નિયમો વરસાદથી પ્રભાવિત થતી મૅચોને કારણે બદલાયા હતા. શરૂઆતમાં તો દરેક દેશ પોતાની મરજી મુજબ નિયમ બનાવતો હતો. ક્યારેક મૅચનું પરિણામ રન-રેટને આધારે આવતું હતું તો ક્યારેક પ્રથમ ૪૫ ઓવરને આધારે ફેંસલો થતો હતો. ૧૯૯૧માં શારજાહ કપમાં નબળા પ્રકાશને લીધે સ્થિતિ એવી સર્જાઈ કે ખેલાડીઓ તેમ જ કૅપ્ટનોને ખબર નહોતી કે મૅચનું પરિણામ કેવી રીતે નક્કી કરી શકાશે! ત્યાર બાદ આઇસીસીએ તમામ દેશો માટે એકસમાન નિયમની પ્રક્રિયા શરૂ કરી અને ૧૯૯૭માં પહેલી વખત ડકવર્થ/લુઇસ નિયમ લાગુ થયો હતો.


**ભારતીયોએ વન-ડેમાં વટ પાડ્યો**

આજે જ્યારે ટી-૨૦ની આતશબાજીની અસર ટેસ્ટ તથા વન-ડે મૅચમાં જોવા મળે છે એમ અગાઉ વન-ડેની ઇફેક્ટ ટેસ્ટ-ક્રિકેટ પર જોવા મળતી હતી. શરૂઆતની ૧,૦૦૦ વન-ડે મૅચમાં પ્રથમ ઇનિંગ્સમાં સરેરાશ ૨૧૩.૯ રન બનતા હતા, પણ છેલ્લી ૧,૦૦૦ વન-ડેમાં એ ઍવરેજ વધીને ૨૫૦ રનની થઈ ગઈ છે. છેલ્લી ૧,૦૦૦ વન-ડે મૅચમાં ૩૨૧ વખત ૩૦૦થી વધુ ટીમ-ટોટલ જોવા મળ્યા છે તેમ જ ૪૬ વખત ૩૫૦-પ્લસ સ્કોર નોંધાયા છે. હવે ટીમો ૩૦૦ રનના લક્ષ્યનો પીછો કરતા પણ અચકાતી નથી અને ઘણા કિસ્સામાં મેળવીને રહે છે. આ પંચાવન વર્ષમાં વ્યક્તિગત રીતે જોઈએ તો સચિન તેન્ડુલકરના આ ફૉર્મેટમાં સૌથી વધુ ૧૮૪૨૬ રન છે, જ્યારે સૌથી વધુ ૫૪ સેન્ચુરી વિરાટ કોહલીના નામે છે. ટેસ્ટ-ફૉર્મેટમાં સૌથી વધુ ૮૦૦ વિકેટ લેનાર મુથૈયા મુરલીધરનની ૫૩૪ વિકેટ વન-ડેમાં પણ હાઇએસ્ટ છે. વન-ડે ફૉર્મેટમાં સૌથી મોટો વ્યક્તિગત સ્કોર રોહિત શર્મા (૨૬૪)ના નામે છે અને સૌથી વધુ સિક્સર (૩૬૯) પણ રોહિતના જ નામે છે. ફાસ્ટેસ્ટ સેન્ચુરીનો વર્લ્ડ રેકૉર્ડ એબી ડિવિલિયર્સ (૩૧ બૉલમાં)ના નામે છે. ટેસ્ટ-ફૉર્મેટને ક્રિકેટમાં સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે અને ટી-૨૦ ફૉર્મેટ ટેક્નિક કરતાં વધુ મનોરંજક માનવામાં આવે છે. જોકે વન-ડે ફૉર્મેટમાં આ બન્ને જોવા મળે છે. આશા રાખીએ, પંચાવન વર્ષનું વન-ડે ફૉર્મેટ આવનારા દાયકાઓ સુધી ક્રિકેટરસિકોને મોજ કરાવતું રહે. ■


અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@
bombaysamachar.com

# સ્ટોરસેઝૂન્ડેટ બ્રિજ પર પોપ-અપ કાફે ને નોર્વેજિયન બ્રાઉન ચીઝની યાદમાં...







**ઓલમોસ્ટ** બે અઠવાડિયાં પહેલાં અમારું નાનકડું ગ્રૂપ ઓસ્લો એરપોર્ટથી નીકળેલું ત્યારે નોર્વેના અનુભવો માટે અમારું મન એકદમ તૈયાર હતું. અમે કોઈ પણ જાતની અપેક્ષા વિના જાણે આ સમય દરમ્યાન નોર્વેને હવાલે થઈ ગયેલાં નોર્વેએ અમને જલસા કરાવી જ દીધેલા. ખાસ તો એક પછી એક ફ્યોર્ડ પર ફેરીમાં કાર પાર્ક કરીને એક ટાપુથી બીજા ટાપુ પર વસેલાં ગામોમાં કુદરતને માણવા સાથે અમે સ્થાનિક અનુભવોથી પણ ધરાઈ ગયાં હતાં. હવે એક છેલ્લો સ્ટ્રેચ હતો. અને ત્યાં અમારે થોડાં ફ્યોર્ડના સ્ટ્રેચ પછી નેશનલ હાઇવે લઈને અડધા દિવસમાં ઓસ્લો પહોંચવાનું હતું. બાકી બચેલા છેલ્લા બે દિવસ ઓસ્લોને આપવા માટે અમે એકદમ સજ્જ હતાં. હવે સ્કેન્ડિનેવિયન કંટ્રી સાઇડની એટલી આદત પડી ગઈ હતી કે હવે ત્યાંથી બ્રેક લેવા માટે પણ અમે શહેરમાં રહેવા તૈયાર હતાં. જોકે છેક ટ્રોન્ડહાઇમથી ઓસ્લો પહોંચવા માટે રસ્તો ઘણો લાંબો હતો અને નોર્વે જાણે વધુ એક મજેદાર અનુભવ સાથે અમારી રાહ જોઈ રહ્યું હતું.



સવારે ટ્રોન્ડહાઇમથી નીકળ્યા પહેલાં ફ્યોર્ડ પાસે યોગ કર્યા. ઘરે નાસ્તો બનાવ્યો. બાલ્કનીમાં બેસીને થોડું વાંચ્યું. સવાર બરાબર વેકેશનની હોય તેવું લાગ્યું. આ એર-બી-એન્ડબીનાં ઓનર ખુદ રજાઓ પર ગયેલાં. એવામાં અમને તેમના રોજિંદા વપરાશમાં આવતી કિચનની ચીજો જોઈને તેમની લાઇફની કલ્પના કરવા મળી જતી હતી. ખાસ કરીને તેમની પાસે ડિશવોશરમાં એકદમ મહાકાય સાત જીમ વોટરબોટલ હતી. કોઈ માણસ રોજેરોજ જીમ જતી વખતે અલગ બોટલનું શું કરતું હશે તે પ્રશ્ન થતો હતો, પણ દુનિયામાં બધાંની જિંદગીમાં પોતાની કોઈ ને કોઈ ક્વર્કી આદતો હોતી જ હોય છે. ત્યાંથી નીકળ્યાં પછી આ ટ્રિપ પૂરતો ફેરીમાં ફ્યોર્ડ કુદાવવાનો છેલ્લો મોકો માણ્યો. એ રસ્તામાં ક્યાંક ખ્યાતનામ એટલાન્ટિક ઓશન રોડ પણ આવી ગયો. અત્યંત નાટકીય વળાંકોવાળા દરિયા સાથે ચાલતા આ રોડ પર સૌથી આકર્ષક દૃશ્ય એક વળાંકવાળા બ્રિજનું છે.



આ સ્ટોરસેઝૂન્ડેટ બ્રિજ દૂરથી જ પોતે કેટલો ખાસ છે તે બતાવવા લાગ્યો હતો. આ બ્રિજ હુસ્ટાડવિકા અને એવરોય ગામને જોડતો હતો. તે અમને દૂરથી જ દેખાવા લાગ્યો. અને મજાની વાત એ હતી કે તેને સારી રીતે જોઈ શકાય, તસવીરો લઈ શકાય તેના માટે પૂરતી જોગવાઈ હતી. અમને વધુ મજા તો તેના પરથી નીકળવામાં આવી. ખાસ તો ઢાળ ચઢવા અને ઊતરવામાં નાનકડા રોલરકોસ્ટરની ઝલક હતી. અમે બીજી સાઇડ પર આવ્યાં. અહીંનું રોડસાઇડ રેસ્ટિંગ સ્ટોપ પણ એટલું જ ખ્યાતનામ છે. ત્યાં એક પોપ-અપ કાફે પણ હતું. અમે તો બાથરૂમ બ્રેક માટે ત્યાં ઊભા રહેલાં, પણ કોને ખબર હતી કે અમારા આગલા અડધા કલાકમાં કેરટ કેક, વોલ્સ અને ખાસ બ્રાઉન નોર્વેજિયન ચીઝની હાઇલાઇટ આવી જવાની હતી.

બોય્ઝ બાથરૂમથી આવે ત્યાં સુધીમાં આનલ અને હું કાફે જોહાનાની થોડી હેન્ડી ક્રાફ્ટની ચીજો પર નજર નાખી રહ્યાં હતાં. એક અત્યંત આકર્ષક કપલ કાફેના થડે બેઠુંબેઠું વાતો કરી રહ્યું હતું. નક્કી કાફે તેમનું જ હોઈ શકે. એક નાનકડા બ્લેક-એન્ડ-વ્હાઇટ ફોટો નીચે એક પ્રિન્ટેડ ફ્રેમમાં જોહાનાની જિંદગીની વાર્તા હતી. નોર્વે આખું સદીઓથી જોહાના જેવી નોર્વેજિયન મહિલાઓથી ભરેલું હતું, જેમને ફિશરમેનની પત્ની બનીને સંઘર્ષનું જીવન વિતાવવું પડેલું. આ કાફે એ મજબૂત મહિલાઓને ડેડિકેટેડ હતું અને આજે જોહાનાનાં ગ્રેટ ગ્રાન્ડ ચિલ્ડ્રન આ કાફે ચલાવીને જોહાનાને યાદ કરી રહ્યાં હતાં. હવે જોહાના અને તેના જેવી નોર્વેજિયન મહિલાઓ માટે અમે ત્યાં થોડું રોકાઈ ગયાં અને ત્યાંનાં ઓનર સાથે વાતો કરવાનો મોકો મળી ગયો. એટલું જ નહીં, થોડી મિનિટોમાં નવાં ઇન્સ્ટાગ્રામ ફ્રેન્ડ્સ પણ મળી ગયાં. એ લોકો આ કાફે માત્ર સમરમાં બે મહિના જ ચલાવતાં. બાકી તેમનું રુટિન તો ઓસ્લોમાં જ હતું. તેમની સાથે ગપ્પાં મારવામાં અમારું વોફલ આવ્યું. અને તેમણે કહ્યું, તેના પર ચીઝ સાથે ખાવ, મજા આવશે.

ત્યાં સુધી અમે હજી ખરું નોર્વેજિયન ચીઝ કોઈ રીતે ચૂકી ગયેલાં. આ બ્રાઉન કેરેમલાઇઝ્ડ ચીઝ કોઈ પેંડા જેવું જ લાગતું હતું. તે દિવસે ચીઝ પહેલી વાર ચાખ્યું, તેનો ફોટો પાડી તેને માર્કેટથી શોધીને અમે તેને મોટા સ્ટોકમાં ઘરે પણ લઈ આવ્યાં. તે પછીના બ્રેકફાસ્ટમાં હૉટલમાં પણ અમને તે ચીઝ મળી ગયું. ત્યાં સુધી અમે દરેક ઠેકાણે એપાર્ટમેન્ટ્સમાં જાતે બ્રેકફાસ્ટ લાવતાં હતાં, પણ આ ચીઝ ધ્યાનમાં જ નહોતું આવ્યું. હવે જાણે અમારી જિંદગી બદલાઈ ગઈ હતી. બ્રુનઓસ્ટ એટલે કે બ્રાઉન ચીઝ તરીકે ઓળખાતી આ વાનગી દુનિયાભરમાં ચેડ્ડર કે ફેટા કે મોઝરેલા જેટલી કેમ લોકપ્રિય નથી તે પ્રશ્ન જરૂર થયો. તે પછી આ ચીઝના પ્રકારને પ્રખ્યાત બનાવવાની જાણે અમે અંગત જવાબદારી લઈ લીધી હોય તેવું લાગવા માંડેલું. હજી આજે પણ અમે ઘરે એ ચીઝને નોર્વેથી ઓર્ડર કરીને રાખીએ છીએ, ક્યારેક તે સ્પેશિયાલિટી માર્કેટમાં અહીં મળી જાય છે. તે દુનિયાભરમાં ફ્રેન્ચ, ઇટાલિયન, કે ઇંગ્લિશ ચીઝની જેમ ઉપલબ્ધ નથી એ એક કારણ હોઈ શકે.

આ ચીઝની વાતો અને યાદોમાં તે પછીનો કલાક મુશ્કેલીથી નીકળ્યો. અમે હાઇવે જતાં રસ્તામાં જ સુપરમાર્કેટ શોધી અને ચીઝનો બ્લોક ખરીદ્યો. આ ચીઝ હવે કાયમ માટે અમારી નોર્વેની યાદો સાથે જોડાઈ ગયું છે. બાકીની દુનિયા ભલે નોર્વે સાથે નોર્ધન લાઇટ્સ અને ફ્યોર્ડ્સને યાદ કરે, હું તો નોર્વેને પહેલાં તેના બ્રાઉન ચીઝ માટે યાદ કરું છું. તે ચીઝની કંપની સાથે કારમાં સાંજ પડતાં અમે ઓસ્લો પહોંચી ચૂક્યાં હતાં. ■

## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@
bombaysamachar.com

# ઉપવાસના સંકલ્પ સામે ગાંઠિયાનું યુદ્ધ...




મિત્રોમાં ત્રણ દિવસ અગાઉથી ચુનિયાએ જાણ કરી દીધી હતી કે શ્રાવણ માસ શરૂ થાય એટલે વાતાવરણમાં ભક્તિનો માહોલ જ જોઈએ. આ શ્રાવણમાં હું ઉપવાસ કરીશ.

આ જાહેરાત સામાન્ય જાહેરાત નથી હોતી. એમાં એવો આત્મવિશ્વાસ હોય જાણે સંસદમાં કોઈ ઐતિહાસિક બિલ પસાર થયું હોય.

સવારે ઊઠીને નાહીધોઈને તેણે ગંભીર ચહેરે કહ્યું, 'આ વખતે શ્રાવણના બધા દિવસ ઉપવાસ. એકદમ પાકો સંકલ્પ.'

ઘરના લોકોએ પણ તેને એવી નજરે જોયો જાણે ઘરમાં કોઈ સંતનો જન્મ થયો હોય.

મમ્મીએ પૂછ્યું, 'ચા ચાલશે?'

'ના.'

'દૂધ?'

'હા, દૂધ ચાલશે.'

'ફળ?'

'હા.'

'સાબુદાણા?'

'હા.'

'બટાકા?'

'ચાલે.'

'શિંગદાણા?'

'ચાલે.'

આ સાંભળીને મને લાગ્યું કે આ ઉપવાસ કરતાં વધુ તો ખાદ્યપદાર્થોની કાનૂની છટણી ચાલી રહી છે, પણ સંકલ્પ મજબૂત હતો.

સવારે ચુનિયાએ મોબાઇલમાં ભગવાનનો ફોટો મૂક્યો અને સ્ટેટસ પણ મૂક્યું.

'શ્રાવણનો પહેલો દિવસ ઉપવાસ. હર હર મહાદેવ.'

સ્ટેટસ મૂક્યા પછી તેને એટલો સંતોષ થયો કે જાણે અડધો ઉપવાસ તો એ જ ક્ષણે થઈ ગયો હોય.

બપોર સુધી બધું બરાબર ચાલ્યું. ફળ ખાધાં, દૂધ પીધું અને વચ્ચે બે-ત્રણ વખત ઘડિયાળ જોઈ. સાંજે પાંચ વાગ્યે તેના ચહેરા પર આધ્યાત્મિક તેજ કરતાં થોડું વધારે ભૂખનું તેજ દેખાવા લાગ્યું.

ત્યાં જ ઘરમાંથી અવાજ આવ્યો, 'અરે, ગરમ ગાંઠિયા આવ્યા છે!'

આ ચાર શબ્દો શ્રાવણના ઉપવાસી માટે માત્ર સમાચાર નથી. એ તો તેની આધ્યાત્મિક પરીક્ષાની અંતિમ ઘંટડી છે.

ચુનિયાએ પોતાને સમજાવ્યું, 'હું ઉપવાસમાં છું. ગાંઠિયા મારા માટે નથી.'

પણ ગાંઠિયાની સુગંધે જાણે જવાબ આપ્યો, 'અમે તારા માટે જ આવ્યા છીએ.'

ગરમ ગાંઠિયા હોય અને ઘર આખું એની સુગંધથી ભરાઈ જાય ત્યારે મનુષ્યનું મન અને સંકલ્પ વચ્ચે જે સંવાદ થાય છે, તે કોઈ શાસ્ત્રમાં લખાયેલો નથી.

મન કહે, 'એકાદ ગાંઠિયો ખાઈ લઈએ.'

બુદ્ધિ કહે, 'ના! સંકલ્પ કર્યો છે.'

મન કહે, 'પણ આ તો ગરમ છે.'

બુદ્ધિ કહે, 'ગરમ હોય તો શું થયું?'

મન કહે, 'ઉપરથી મરચાં પણ છે.'

બુદ્ધિ થોડા સમય માટે ચૂપ.

પછી મન ફરી કહે, 'એક ખાઈએ તો કોઈને ખબર નહીં પડે.'

બુદ્ધિ કહે, 'ભગવાનને તો ખબર પડશે.'

મન તરત જવાબ આપે, 'ભગવાન તો દયાળુ છે.'

આ તબક્કે ઉપવાસનો પ્રશ્ન ધાર્મિક ન રહે, કાનૂની બની જાય, જો માત્ર એક ગાંઠિયો ખાઈએ તો તેને ઉપવાસભંગ ગણાય કે 'ચાખવું' ગણાય?'

ચુનિયાએ આખરે રસોડામાં જઈને ગાંઠિયાની પ્લેટને દૂરથી જોઈ.

ઘરના એક સભ્યે પૂછ્યું, 'લેશો?'

'ના.'

'એક.'

'ના, ઉપવાસ છે.'

'ગરમ છે.'

'એટલે જ તો ના!'

આ જવાબમાં સંકલ્પ કરતાં વધારે સંઘર્ષ હતો.

થોડી વાર પછી કોઈએ કહ્યું, 'ચાલો, ગાંઠિયા નહીં ખાવા હોય તો ઓછામાં ઓછું સૂંઘી લો.'

ચુનિયાએ તેને એવી નજરે જોયો કે જાણે તેને ઉપવાસની મજાક ઉડાવવાનો આરોપ લાગ્યો હોય, પણ પછી સાચી મુશ્કેલી અહીંથી શરૂ થઈ.

'ગાંઠિયા ખાઈ ન શકાય, પરંતુ તેમની ચર્ચા તો થઈ શકે ને!'

'આ ગાંઠિયા ક્યાંથી આવ્યા?'

'ફલાણા ભાઈની દુકાનથી.'

'મરચા બરાબર છે?'

'હા, એકદમ.'

'કરકરા છે?'

'ખૂબ.'

આ વાતચીતમાં ચુનિયાનું યોગદાન ઘટતું ગયું. શરૂઆતમાં તે હું નથી ખાતો કહેતો હતો. પછી માત્ર 'હં' કહેવા લાગ્યો.

અંતે તેણે પ્લેટને ફરી એકવાર જોઈ.

એક હિંગ અને મરીથી ભરપૂર ગાંઠિયો જાણે ખાસ તેની તરફ જોઈ રહ્યો હતો. તે ક્ષણે ચુનિયાને લાગ્યું કે આ માત્ર ગાંઠિયો નથી. આ તો તેના સંકલ્પનો પ્રતિસ્પર્ધી છે.

તેણે આંખો બંધ કરી અને ભગવાન શિવને યાદ કર્યા.

'હે ભોળાનાથ, મને શક્તિ આપો.'

એ જ સમયે પાછળથી અવાજ આવ્યો

'ચટણી પણ છે!'

મિત્રે આંખો ખોલી.

હવે આ આધ્યાત્મિક પરીક્ષા નહોતી રહી. આ તો ખુલ્લો પડકાર હતો.

થોડી વાર પછી તેણે આખરે નિર્ણય કર્યો...

'હું ગાંઠિયા નહીં ખાઉં. પણ બાજુમાં બેસીને તમે લોકો ખાઓ એ જોઈશ.'

ઘરના લોકોએ કહ્યું, 'એમાં શું ફાયદો?'

ચુનિયો બોલ્યો, 'મનને સમજાવું છું.'

મન અંદરથી બોલ્યું, 'મને સમજાવવાની જરૂર નથી. મને ગાંઠિયા જોઈએ.'

ઉપવાસની સૌથી રસપ્રદ વાત એ છે કે તમે આખો દિવસ ખાવાનું ટાળો છો, પણ ખાવાના વિચારો સાથે તમારો સંબંધ અચાનક વધુ ગાઢ બની જાય છે.

સામાન્ય દિવસે માણસ નાસ્તો કરે અને ભૂલી જાય. ઉપવાસના દિવસે માણસ નાસ્તો ન કરે અને આખો દિવસ નાસ્તા વિશે વિચારે.

સામાન્ય દિવસે રસોડામાંથી આવતી સુગંધ માત્ર સુગંધ હોય છે. ઉપવાસના દિવસે એ સુગંધનું પોતાનું વ્યક્તિત્વ હોય છે.

સામાન્ય દિવસે ગાંઠિયા માત્ર ગાંઠિયા હોય છે. ઉપવાસના દિવસે તે ગરમ, કરકરા, મસાલેદાર અને જીવનના તમામ સુખોનું પ્રતિનિધિત્વ કરતા લાગે છે.અને સૌથી મોટી મુશ્કેલી એ છે કે ઉપવાસ કરનારને ઘરના લોકો ખૂબ પ્રેમથી ખવડાવવા લાગે છે.

'આ ખાઈ લો.'

'આ ઉપવાસમાં ચાલે છે.'

'આ તો ફરાળી છે.'

'આમાં અનાજ નથી.'

આ રીતે ઉપવાસ કરનારના આગળ આખી ફરાળી દુનિયા પાથરી દેવામાં આવે છે.

અંતે ગાંઠિયાએ ચુનિયાને હરાવી દીધો. કુટુંબીનો માન રાખવા એણે ગાંઠીયા ખાધા નહીં, આરોગ્યા.

બીજા દિવસે સવારે તેનું સ્ટેટસ બદલાઈ ગયું.

સંકલ્પ આજથી યથાવત્ છે.

મને સમજાયું કે શ્રાવણમાં ઉપવાસ કરવો સહેલો છે, પણ ઘરમાં ગરમ ગાંઠિયા આવે ત્યારે સંકલ્પને યથાવત્ રાખવો એ જ સાચી સાધના છે.

ભગવાન કદાચ ભક્તિની કસોટી મંદિરમાં નહીં, પણ ક્યારેક રસોડામાં રાખે છે.

અને એ કસોટીમાં ઘંટ નથી વાગતો... ગાંઠિયાની સુગંધ આવે છે! ■

**વિચારવાયુ**

*સારા ગાંઠિયા ખાવા હોય તો સૌરાષ્ટ્રમાં આવવું પડે, પરંતુ હા 'શોભાના ગાંઠિયા' ગમે ત્યાં મળે.*

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@
bombaysamachar.com

# સ્થાપત્યમાં વિરોધી પરિબળો વચ્ચેનું સંતુલન

*સ્થાપત્યમાં ઘણા બધા પરિબળો એક સાથે અસર કરતા હોય છે. આવા સંજોગોમાં આ બધા પરિબળો વચ્ચે સંતુલન સ્થાપવા સાથે એક ચોક્કસ સર્જનાત્મક વિચારને પણ અમલમાં મૂકવાનો હોય છે. આ એક જટિલ કાર્ય છે. છતાં પણ કેટલાક સર્જનાત્મક સ્થપતિ પોતાની સર્જનાત્મકતાને ચરમબિંદુ સુધી લઈ જઈ આ કાર્ય પાર પાડે છે. અહીં આ વાત સમજાવવા ચાર ઉદાહરણો પ્રસ્તુત થયા છે.*

### નેશનલ મ્યુઝિયમ - કતાર



સ્થાપત્યની રચનામાં આકારોનું આગવું મહત્ત્વ છે. દરેક આકાર કંઈક કહી જાય છે. જ્યાં ચોરસ ચોકસાઈની વાત કરે તો લંબચોરસ કોઈ એક દિશાને પ્રાધાન્ય આપે. ત્રિકોણ આકાર ઊર્જાના જોશને આલેખે તો વર્તુળ સૌમ્યતાની સ્થાપના કરે. કયો આકાર કયા કારણસર ક્યાં વાપરવો જોઈએ તે એક સંવેદનશીલ બાબત છે. પણ આમાં અગત્યની વાત એ છે કે જો એકનો એક આકાર વારંવાર વપરાય તો તેનાથી કંટાળાજનક સ્થિતિ ઊભી થઈ શકે. આવા સંજોગોમાં વારંવાર વપરાતા આકારની ગોઠવણી એવી હોવી જોઈએ કે જેનાથી આવી કંટાળાજનક સ્થિતિ ન ઉદ્ભવતા રસપ્રદ પરિસ્થિતિ સર્જાય. સ્થપતિ જીન નોવેલ દ્વારા સન ૨૦૧૯માં રચાયેલ કતારના દોહાનું નેશનલ મ્યુઝિયમ - રાષ્ટ્રીય સ્મારક આ પ્રકારનો પ્રયત્ન છે. અહીં માત્ર વર્તુળમય સપાટીઓનો ઉપયોગ કરી રચના નિર્ધારિત કરાઇ છે. આ વર્તુળના માપ પણ એટલા બધા ભિન્ન નથી. તેની રચનાની સામગ્રી પણ સમાન છે. તેથી રસપ્રદતા સ્થાપવા આ વર્તુળમય સપાટીઓની ગોઠવણ સાવ જ ભિન્ન રીતે કરાઇ છે. આ ગોઠવણમાં એક રીતે જોતા વર્તુળ ક્યાંય સ્થાપિત થતું નથી. ગોઠવણ એવી છે કે વર્તુળ સિવાયની કોઈપણ સપાટીઓમાંથી તેવી રચના થઈ શકે. આનાથી ગોઠવવામાં જે સ્વતંત્રતા મળી છે તેનો સ્થાપતિએ પૂરેપૂરો ઉપયોગ કરેલો છે. જે તે કાર્ય હેતુ માટે જે વિવિધ પ્રકારનું સ્થાન-નિર્ધારણ જરૂરી બને તે આ પ્રકારની ગોઠવણથી સંભવિત થયું છે. આ પ્રકારની ગોઠવણથી જરૂરી વિવિધતા શક્ય બની છે.


આ એક એવી રચના છે કે જેમાં મૂળ તત્ત્વ અને તેની ગોઠવણ બે સાવ ભિન્ન ભિન્ન વિધાન આપે છે. વર્તુળ જે વાત કહે છે તેનાથી સાવ અલગ વાત તે વર્તુળોની ગોઠવણ થકી વ્યક્ત થાય છે. વર્તુળમાં જે નિયમ છે તે તેની ગોઠવણમાં નથી. વર્તુળમાં જે મૃદુતા વર્તાય તેની સામે ગોઠવણમાં ક્યાંક આક્રમકતા દેખાય છે. વર્તુળો વચ્ચેની સામ્યતા અને તેની ગોઠવણ વચ્ચેની ભિન્નતાથી એક વિશેષ પ્રકારનું સંતુલન ઊભું થાય છે. આ સંતુલન આ મકાનની એક વિશેષતા છે. એક જ પ્રકારનો નિર્ણય લીધા પછી તેમાં વિવિધતા લાવી રસપ્રદ સર્જન કરવાનો આ એક આગવો અને સફળ પ્રયત્ન છે.

### મેટ્રોપોલ પેરાશોલ - સ્પેન



મશરૂમ આકારનું સન ૨૦૧૧માં બનાવાય લાકડાનું આ વિશાળકાય બાંધકામ છે. લાકડાના બાંધકામની પ્રત્યેક પૂર્વધારણાઓનું ખંડન કરી પ્રાચીન નગરની મધ્યમાં પબ્લિક પ્લાઝા તરીકે બનાવાય, આ બાંધકામનો શરૂઆતમાં તો વિરોધ થયો હતો, પણ સમય જતા વિશ્વભરમાં તેની સ્વીકૃતિ પ્રસરી ગઈ. ૧૫૦ મી લાંબુ, ૭૦ મી પહોળું તથા ૨૬ મી જેટલા વિસ્તારમાં મુખ્યત્વે લાકડામાંથી બનાવાયેલ આ મકાને સામગ્રી તરીકે લાકડાની બધી જ સીમાઓ પાર કરી એક નવી જ સર્જનાત્મકતાની જાણે શરૂઆત કરી છે.

વિશ્વમાં ઘણા ઓછા મકાનો એવા હોય છે કે જે તે શહેરની ઓળખ સમાન બની જાય. તે મકાનની ગેરહાજરીમાં કદાચ તે શહેર કે નગરની ઓળખ જ ન સ્થપાય. આ એક આ પ્રકારનું મકાન છે. લાકડાના પાટીયાઓને ચોક્કસ માપના અંતરે એકબીજામાં ફસાવીને જે આકારમાં મુકતા લાવવામાં આવી છે તે અભૂતપૂર્વ છે. આમ તો બાંધકામ ભૌમિતિક કહી શકાય તેવું છે પણ તેનાથી ઉદ્ભવતી અનુભૂતિ કાવ્યમય છે. લાકડાની મર્યાદાઓનો સંપૂર્ણતામાં છેદ ઉડાડી દઈ જાણે માટીમાંથી કંડારી કાઢ્યું હોય એ રીતનું આ મકાન હળવાશની સાથે દ્રઢતા સ્થાપિત કરે છે. તે વિશાળ હોવા સાથે માનવીય પ્રમાણમાપ પણ જાળવી રાખે છે. તે શિલ્પમય હોવા સાથે ઉપયોગિતા પણ જાળવી રાખે છે. તે દેખાવમાં મૃદુ છે પણ તેની સ્થાપના મજબૂત જણાય છે. એમ કહી શકાય કે જમીનમાંથી ઊગી નીકળેલું આ મકાન સમાજે તેટલી જ સહજતાથી સ્વીકારી લીધું છે. ■




**મુજે તો કલસે ઈનકી જલન હો રહી હૈ. બીવી હો તો આપકી જૈસી. બૂરા મત માનના ક્યોંકી મેરી અભી તક શાદી નહીં હુઈ હૈ. ભાભીજી નહીં આઈ?**

**અચાનક** સનત હસી પડ્યો. તેણે હસતાં હસતાં જ કહ્યું, 'નવાઈ લાગે છે કે તમને પ્લેટફોર્મ ટિકિટ યાદ આવી પણ જર્ની ટિકિટ લેવાનું ન સૂઝ્યું. વાહ ખરા છો તમે.'

'અરે યાર તમેય શું પૂરું સાંભળ્યા વગર ડહોળો છો. મારે ક્યાં દિલ્હી આવવાનું હતું તે ટિકિટ લઉં. આ તો મારે ભાગવું પડ્યું છે. ટ્રેનમાં ચડ્યા વગર છૂટકો ન હતો.'

'ઓહ! સોરી મને જસ્ટ વિચાર આવ્યો એટલે મેં કહી નાખ્યું. કમ સે કમ વચ્ચે બોલવાનો મોકો તો મળ્યો. ચાલો પછી શું થયું ?'

'હું એક સીટ પર બેસી ગઈ. મારે ક્યાં જવું, શું કરવું તે વિચારવા લાગી અને અચાનક મારી આંખો ફાટી રહી. મારી સામેથી જ સંજયનો નાનો મામો પસાર થઈ ગયો. મારા સદ્ભાગ્ય ગણો કે એની ભૂલ તેણે મારી સામે જોયું નહીં. મેં ઝડપથી બેગ ખોલી અને મારી ચુની મોં ઉપર બાંધી લીધી જેથી ચહેરો દૂરથી ઓળખાય નહીં. એ લોકોએ કદાચ મને રેલવે સ્ટેશન આવતા જોઈ હશે. વળી સંજયનો મામો અહીં છે એનો અર્થ એવો થતો હતો કે એ લોકો પ્લાન બનાવીને નીકળ્યા છે. સંજયનો મામો અહીં બીજા કોઈ કારણસર હોય તેવું આશ્વાસન લેવું મૂર્ખાઈ હતી. મને એક જ વાત સમજાતી ન હતી કે એ લોકોનો હવે ઈરાદો શું હશે ? એમની મૂળ લડાઈ મિલકત માટે હતી. જો એ લોકો મને મારી નાખે તો એમને કંઈ મળવાનું ન હતું. એ લોકો બળજબરીથી મારી પાસેથી લખાવી લે એવો વિચાર હોઈ શકે તેવી શક્યતા હતી. જો એ લોકો મને ઉપાડી જાય તો મારા શા હાલ થાય તે વિચાર મને ધ્રુજાવી જતો હતો અને હવે એ લોકો રેલવે સ્ટેશન પર આવી ગયા હતા. હજુ અજવાળું હતું. પાલનપુરનું રેલવે સ્ટેશન સાવ નાનુંય નથી. સેંકડો માણસોની અવરજવર થતી રહે છે. તેમ છતાં હવે મારે બહાર નીકળવું જોખમ ભરેલું હતું. હું મનોમન અમદાવાદ ચાલ્યા જવાની ગણતરીઓ કરતી અંધારું થવાની વાટ જોતી બેસી રહી. એક વિચાર એવોય આવ્યો કે બસ સ્ટેશન જઈ અમદાવાદ જતી એસટીની બસમાં બેસી જાઉં. અમદાવાદ પહોંચી જાઉં એટલે બાકીનું જોયું જશે. પણ એ બધા વિચાર આવીને ચાલ્યા જતા હતા. એ બધામાં કોઈને કોઈ જોખમ દેખાતું હતું. આવી માનસિક સ્થિતિમાં વધુ વખત બેસી રહેવું અઘરું હોય છે. હું ત્યાંથી ઊઠી અને બહાર નીકળવાના મેઈન ગેટ તરફ આગળ વધી. મેં ચહેરા પર ચુની કદી બાંધી નથી. આજની છોકરીઓ જેવી રીતે મોં ઉપર બુકાની બાંધે છે તેવી રીતે મને ફાવે તેમ ન હતું. મેં ફરી એક મૂર્ખાઈ કરી. મોં ઉપર બાંધેલી ચુની કાઢી નાખી. જાણે આવી કોઈ તકની વાટ જોતી હોય તેમ મુસીબત એકાએક મારી સામે ધસી આવી. જેવી હું બહાર આવી કે મને એ લોકો દેખાયા જેમના માત્ર પગ મેં જોયા હતા. બપોરે મારા ઘરમાં પ્રવેશતી વખતે દાદર પરથી મેં જે બૂટ અને જીન્સ જોયા હતા તેને હું ભૂલી શકું તેમ નથી. એ લોકોનું ધ્યાન મારા તરફ ન હતું. હું એમને દેખાઈ જાઉં તેવી પૂરી શક્યતા હતી. હવે શું કરવું ? એ વખતે લાઉડ સ્પીકર પરથી કોઈ ટ્રેન આવી રહ્યાની જાહેરાત થતી હતી. મને સમજાતું ન હતું કે કઈ ટ્રેન આવી રહી છે. હું એકાએક પાછી પ્લેટફોર્મ તરફ ભાગી. ટ્રેન પ્લેટફોર્મ પર પહોંચી આવી હતી. ટ્રેનની વાટ જોઈ રહેલા લોકો આમતેમ દોડવા લાગ્યા. બરાબર એજ સમયે મારા આગલા ભવનો વેરી સંજયનો મામો એકદમ મારી સામે આવીને ઊભો રહી ગયો. માત્ર એક ક્ષણ અમારી આંખો મળી અને મેં દોટ મૂકી. મેં ટ્રેન તરફ દોટ મૂકી અને સંજયના મામાએ કેદાર નામની જોરથી બૂમ મારીને તે બહાર તરફ દોડ્યો. પ્લેટફોર્મ ઉપર લોકોની અવરજવર હતી. હું કઈ તરફ દોડી, કઈ બોગીમાં ચડી તેનું મને ભાન ન હતું. મારું એક જ લક્ષ્ય હતું, કોઈ પણ રીતે એ લોકોના હાથમાં નથી આવવું. બોગીમાં જઈ હું સીધી ટૉઇલેટમાં ઘુસી ગઈ. મને ખબર હતી કે કદાચ એકાદ કલાક પણ જો હું અંદર ઊભી રહીશ તોય કોઈને ખબર નહીં પડે. તમને કેમ સમજાવું કે ઊભેલી ટ્રેનના ટૉઇલેટમાં મેં કેવી રીતે વીસ મિનિટ પસાર કરી છે. ટ્રેન ઉપડી ત્યારેય મને ખબર ન હતી કે આ ટ્રેન દિલ્હી જઈ રહી છે, જ્યાં સુધી આબુ રોડ આવ્યું ત્યાં સુધી હું બોગી બદલતી રહી. મેં એ જાણી લીધું કે આ ટ્રેન દિલ્હી જઈ રહી છે. પ્રશ્ન મારી ટિકિટનો હતો. ખબર નહીં એકાએક એવું લાગ્યું કે હવે હું સલામત છું. દિલ્હી પહોંચી ગયા પછી બધું મેનેજ થઈ શકવાનું હતું. પણ તેમ છતાં મને એકાદ બે દિવસ એવી જગ્યાની જરૂર હતી જે ટોટલી સેફ હોય અને મારા નશીબ કેટલા સારા કે તમે મળી ગયા.'

'આ મારી કરમ કહાની છે સાહેબ ! બોલો હવે તો ખુશ ? સાલ્લું આવતા બે મહિના સુધી મૌન રાખવું પડે એટલું બોલાવ્યું છે તમે.'

સનત સોનલ સામે જોઈ રહ્યો. પછી તેણે સોનલના હાથ ઉપર પોતાનો હાથ મૂકતાં ધીમેથી કહ્યું, 'સોનલ આઈ એમ પ્રાઉડ ઓફ યુ. યુ આર એ બ્રેવ ગર્લ. આઈ હેવ નો મોર વર્ડ ફોર યુ.'

એકાએક સોનલે સનતના માથા પાછળ હાથ નાખ્યો અને તેને નમાવી સનતના ગાલ ઉપર ચુંબન ચોડી દેતાં કહ્યું. 'ઈટસ ફ્રોમ સોનલ ઝવેરી ! યુ આર રિયલી અ જેન્ટલમેન. નાઉ આઈ ગો ટુ સ્લીપ. પ્લીઝ ડોન્ટ ડિસ્ટર્બ મી.'

જાણે સનતને ઓળખતી જ ન હોય તેમ સોનલ પડખું ફરીને સૂઈ ગઈ.

* * *

સનતે આંખો ચોળી. થોડીવાર તેને સમજાયું નહીં કે તે ક્યાં છે. બહાર ચહલ પહલ થઈ રહી હોય તેવા અવાજ આવતા હતા. બાજુમાં સોનલ એક પગ ઘૂંટણથી વાળીને ગાઢ નિંદરમાં સૂતી હતી. તેનો ગાઉન ઉપર ચડી ગયો હતો. તેને સોનલની ગોરી પીંડી ઉપર આંગળી ફેરવવાનું મન થયું. તેને યાદ આવ્યું કે રાતે અચાનક સોનલે પોતાના ગાલ પર ચુંબન કરી લીધું હતું અને તેનો રોમાંચ વ્યક્ત કરવાની તક આપ્યા વગર તે તરત જ પડખું ફરીને સૂઈ ગઈ હતી. સનત સોનલને જોતો રહ્યો. તેને થયું આ છોકરી અજાણ્યા યુવાન સાથે કઈ હિંમતથી રાત રોકાઈ હશે? તેને મારા સ્વભાવનો અંદાજ આવી ગયો હશે કે જે થયું તે માત્ર એક યોગાનુયોગ છે? સનત આ છોકરીની સચ્ચાઈને કારણે જ તારી અંદરનો પુરુષ શાંત રહ્યો એવું નથી બન્યું?

પોતાની સામે જ ઊભા થયેલા પ્રશ્ન વિશે ઘડીભર સનત વિચારતો રહી ગયો. એને અચાનક સોનલ ઉપર વહાલ ઊભરાયું. તેણે સોનલના માથા ઉપર હાથ ફેરવ્યો.. ઊંઘમાં બબડતી હોય તેમ સોનલ બોલી, 'પ્લીઝ યાર સૂવા દયો ને!' ઘડિયાળ જોતાં જ તેને ફાળ પડી. સાડા દસ વાગતા હતા. ઓહ માય ગોડ ! દોઢ કલાક તો અહીં જ મોડું થઈ ગયું છે. કંપનીએ ખાસ પોતાને પસંદ કરીને મોકલ્યો છે. જો અહીં ગેરહાજર કે બેદરકાર રહેશે તો શક્ય છે કે પોતાનો રિપોર્ટ ખરાબ થાય. તે અહિંયા એક જવાબદાર કર્મચારીની હેસિયતથી આવ્યો છે. તેણે સોનલના શરીર ઉપર એક નજર નાખી અને ટુવાલ લઈ સીધો બાથરૂમમાં ચાલ્યો ગયો. બાથરૂમમાં એક જુદા પ્રકારની સુગંધ આવતી હતી. રાતે સોનલે કોઈ સ્પ્રે કર્યું હોવું જોઈએ. તેણે ઊંડો શ્વાસ લીધો અને શોવર ચાલુ કર્યું. તેના શરીર ઉપર ઠંડા પાણીની ધારાઓ પડતી રહી. આમ તો કદાચ તેને તે વખતે સોનલના વિચારો આવ્યા હોત. પણ સેશન ભરવાની ચિંતામાં સોનલ ભૂલાઈ ગઈ. તે નાહીને બહાર આવ્યો ત્યારે તેની આંખમાં ભરાઈ રહેલી રાત નીકળી ગઈ હતી. સોનલ પડખું ફરીને સૂતી હતી. વળી તે ગાઢ નિંદરમાં હતી તે છતાં તેને સોનલની હાજરીમાં કપડાં પહેરતાં જરા સંકોચ થયો. તેણે પોતાની ડાયરી લીધી અને ઝડપથી રૂમ બહાર નીકળી ગયો.

સનત બેઝમેન્ટમાં પહોંચ્યો ત્યારે ત્યાં ટી બ્રેક ચાલતો હતો. સનતને જોઈ બે ત્રણ જણ તેની નજીક આવ્યા. ચાલીસ પાર કરી ગયેલા અનુપ દેવકર નામના એક જણે ચાની ચુસ્કી ભરતા કહ્યું, 'ભૈયા લગતા હૈ રાતભર સોએ નહીં હો. અરે ભાભીજી કો અકેલા છોડકર નહીં આયે હોતે તો ભી ચલતા.' ત્રીસેક વર્ષના એક યુવાને સનતના ખભા ઉપર હાથ મૂકતા કહ્યું. 'મુજે તો કલસે ઈનકી જલન હો રહી હૈ. બીવી હો તો આપકી જૈસી. બૂરા મત માનના ક્યોંકી મેરી અભી તક શાદી નહીં હુઈ હૈ. ભાભીજી નહીં આઈ?' કોઈને પણ ગમી જાય, મીઠી મૂંઝવણ થાય તેવી રોમાંચક વાત હતી, પણ સનત માટે જુદી જાતની મૂંઝવણ થઈ પડી. તે બેઉ સામે જરા હસતાં બોલ્યો. 'વો અભી સો રહી હૈ.'

'ઓહ! યાને મેરા અંદાજા સહી થા.' કહીને દેવકર જોરથી હસી પડ્યો.

સનતને ન છૂટકે હસવામાં સામેલ થવું પડ્યું. તેને ચાની સખત જરૂર હતી વળી ભૂખ પણ લાગી હતી. અહીં તે મોડો આવ્યો હતો. બ્રેકફાસ્ટનો સમય આઠ વાગ્યાનો હતો. હવે બપોરે લંચ ટાઈમ સિવાય ખાવાનું મળવાનું ન હતું. તેણે ચાથી પતાવ્યું. તેને અચાનક સોનલનો વિચાર આવ્યો. એ જાગશે તો ચા કે કૉફી એને કોણ આપવા જશે. કદાચ તે હોટેલની બહાર ન પણ જાય. તે આવા વિચારોમાં ગૂંચવાયેલો હતો અને ફોન આવ્યો. નંબર અજાણ્યા હતા. તે હલ્લો બોલે તે પહેલા જ સામેથી કહેવાયું,

'સાંભળો હું નાહવા જાઉં છું. રૂમ બંધ કરું છું. ઉપર આવવાના નથી ને? અને પ્લીઝ ડિસ્ટર્બ ન થતા. હું નહાઈને બહાર જઈશ. મારે થોડું કામ છે. તમે મને અહીં તો પહોંચાડી હવેનું મારે વિચારવું પડશે ને ! મને આવતા મોડું થાય તો તમે ચિંતા ન કરતા. મારી રાહ જોજો. જરૂર પડ્યે હું તમને ફોન કરીશ, તમે ન કરતા. મારો ફોન બંધ આવે તો વારંવાર ટ્રાય પણ ન કરતા. મારી કસોટીનો સમય શરૂ થઈ ગયો છે સમજાય છે ને ? તમારે અત્યારે ઉપર આવવું છે? યસ ઓર નો? તમારા જવાબ સાથે જ ફોન કટ કરીશ.'

એ સનત અવાજ કોઈ કાળે ભૂલી શકે તેમ નહોતો. તેણે સોનલની સૂચના પ્રમાણે નો કહ્યું તે સાથે જ સામેથી ફોન કટ થયો. સનતે ચાનો બીજો કપ ભર્યો. ટી બ્રેક પૂરો થયો એટલે બધા પાછા જ્યાં સેશન ચાલતું હતું તે તરફ જવા લાગ્યા. સનત ખુરશી પર બેસી ગયો. ગઈકાલના પ્રમાણમાં હાજરી ઓછી હતી. જોકે આમ તો આજના દિવસે ખાસ કંઈ નહોતું, તે છતાં સનત માટે આ પહેલીવારનું હતું એટલે તે ગંભીર હતો. એક ઉચ્ચ અધિકારી લાગતા વ્યક્તિએ માઈક હાથમાં લીધું અને કંપનીના આગામી પ્રોજેક્ટસ અને તેની વિશેષતાઓ વિશે બોલવા માંડ્યું. અંગ્રેજીમાં અપાતું ભાષણ સનતને પૂરું સમજાતું ન હતું. તેના ચિત્તમાં સોનલની વાર્તા ઘુમરાતી હતી. તેને ન સમજાય તેવો એક અફસોસ થતો હતો કે બસ હવે થોડા કલાક પછી સોનલ તેનાથી છૂટી પડી જશે. આ સફરમાં જે બન્યું તે અકલ્પનીય હતું. ફિલ્મોમાં જ બને એવું તેની વાસ્તવિક જિંદગીમાં બન્યું. (ક્રમશઃ)■

એક નજર ઈધર ભી

કામિની શ્રોફ
feedback@
bombaysamachar.com

# લો... નેધરલેન્ડ્સમાં સ્વાતંત્ર્ય દિન જ નથી!

## મુક્તિ દિન અને કિંગ્સ- ડે ઉજવતા દેશમાં બર્થ-ડેની સ્ટાઈલ જાણવા જેવી અનોખી છે.

*આજે ૧૫ ઓગસ્ટ. આપણો સ્વાતંત્ર્ય દિન -Independence Day. ભારતને સ્વાતંત્ર્ય મળ્યાને ૭૯ વર્ષ પૂરા થઈ ૮૦મું બેઠું. રસપ્રદ વાત એ છે કે ત્રણ એશિયાઈ દેશ દક્ષિણ કોરિયા, ઉત્તર કોરિયા, બેહરીન તેમજ મધ્ય આફ્રિકન દેશ કોંગો અને યુરોપિયન દેશ લિક્ટનસ્ટાઈનનો સ્વાતંત્ર્ય દિન પણ ૧૫ ઓગસ્ટ જ છે. હા, બધાના વર્ષ અલગ અલગ છે. હેરત પમાડે એવી વાત એ કે પહેલા ૨૦૧૭માં અને આ વર્ષે મે મહિનામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી જે દેશની મુલાકાત લઈ મહત્ત્વના કરાર કરી આવ્યા એ યુરોપિયન દેશ નેધરલેન્ડ્સનો Independence Day- સ્વાતંત્ર્ય દિન જ નથી. આ દેશમાં Liberation Day and Kings Day (મુક્તિ દિન અને રાજાનો દિવસ)નું માહાત્મ્ય છે.*




### મુક્તિ દિન

બીજા વિશ્વયુદ્ધના અંતે નેધરલેન્ડ્સને મળેલા સ્વાતંત્ર્ય નિમિત્તે (Liberation Day - Bevrijdingsdag, In Dutch language Bevrijdings means Liberation and dag means day) મુક્તિ દિન ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ૧૯૩૯થી ૧૯૪૫ દરમિયાન બીજું વિશ્વયુદ્ધ થયું હતું. આ ભીષણ લડાઈ પૂરી થયા પછી 'મુક્તિ દિન' પાંચમી મેના દિવસે ઉજવવાનું નક્કી થયું. આ તારીખે જર્મન લશ્કરનો પરાજય થયો અને હિટલરની નાગચૂડમાંથી મુક્તિ મળી હોવાથી પાંચમી મેની વરણી થઈ હતી. આ દિવસે ઉજવણી અને ઉત્સવનો માહોલ હોય છે, પણ દર પાંચ વર્ષે એક વાર આ દિવસ સત્તાવાર રજા તરીકે ઘોષિત થાય છે. બેન્ક, પોસ્ટ ઓફિસ અને અન્ય ઘણા વ્યવસાય એ દિવસે બંધ રહે છે. કેટલાક પ્રાઈવેટ સ્ટોર્સ સુધ્ધાં એ દિવસે શટર ઉઘાડતા નથી. પબ્લિક ટ્રાન્સપોર્ટ પણ લગભગ બંધ. મુખ્ય ઉજવણી દેશની રાજધાની એમસ્ટડેમમાં થાય છે જ્યાં ડચ તેમ જ આંતરરાષ્ટ્રીય સંગીતકાર પોતાની પ્રતિભા દર્શાવે છે.

### કિંગ્સ-ડે

Monarchy - રાજાશાહીનો ઈતિહાસ ઘણો જૂનો છે. પ્રાચીન ઈજિપ્ત- મેસોપોટેમિયામાં પાંચ હજાર વર્ષ પહેલા રાજાશાહી હતી. ઈસવીસનના પ્રારંભ પછી ઈ.સ. ૯૭૦માં સ્વિડનમાં પ્રથમ રાજાશાહી શાસનનો ઉલ્લેખ છે. ૨૦૨૬ અનુસાર વિશ્વના ૪૩ સાર્વભૌમ રાષ્ટ્રમાં રાજાશાહી અસ્તિત્વ ધરાવે છે જ્યાં રાજા દેશનો વડો હોય. એમાંથી એશિયામાં ૧૩, યુરોપમાં ૧૨, અમેરિકામાં ૯, ઓસિયાનામાં ૬ અને આફ્રિકામાં ૩ રાષ્ટ્રનો સમાવેશ છે. યુરોપના ડઝન દેશમાં નેધરલેન્ડ્સનો પણ સમાવેશ છે. દર વર્ષે ૨૭ એપ્રિલે પણ જો એ દિવસે રવિવાર હોય તો ૨૬ એપ્રિલે 'કિંગ્સ- ડે'ની ઉજવણી કરવામાં આવે છે. વર્તમાન રાજા કિંગ વિલિયમ - એલેકઝાન્ડરની વરસગાંઠ નિમિત્તે આ ઉજવણી થાય છે.

રાષ્ટ્રીય એકાત્મકતા કેળવાય એ આશય સાથે ૧૮૮૫માં ૩૧ ઓગસ્ટના દિવસે 'પ્રિન્સેસ- ડે' તરીકે ઉજવણી શરૂ કરવામાં આવી હતી. ૧૮૯૧માં એનું 'ક્વીન્સ- ડે'માં રૂપાંતર થયું.

આમ થવાનું કારણ હતું કે રાજા વિલિયમ - ત્રીજાનું અવસાન થતા પ્રિન્સેસ સિંહાસન પર બિરાજમાન થઈ અને ક્વીન બની ગઈ. ૨૦૧૩માં કિંગ વિલિયમ એલેકઝાન્ડર ગાદી પર આવ્યા પછી છેલ્લા ૧૩ વર્ષથી 'કિંગ્સ- ડે'ની ઉજવણી થાય છે. 'કિંગ્સ- ડે'ના દિવસે સમગ્ર દેશમાં ઉત્સાહ - ઉમંગનું વાતાવરણ જોવા મળે છે અને ઠેર ઠેર ઉજવણી થાય છે. આ દિવસ નેશનલ હોલીડે ગણાય છે. સડક પર માનવ મહેરામણ ઉમટે છે અને નહેરોમાં બોટ ભરી ભરી લોકો ટહેલવા નીકળી પડે છે. એ દિવસે દેશભરમાં નારંગી રંગ - ઓરેન્જ કલર છવાઈ જાય છે.



### ટોઈલેટમાં બર્થ- ડે કેલેન્ડર




નેધરલેન્ડ્સમાં બર્થડે નહીં 'યર ડે' કહેવાય છે. ડચ ભાષામાં જન્મદિવસ માટે VER-JAARDAG શબ્દ છે. VER એટલે બદલાવું, JAAR એટલે વર્ષ અને DAG એટલે દિવસ. વર્ષ બદલતો દિવસ એવો એનો અર્થ નીકળે છે. ટૂંકમાં જીવનનું એક વર્ષ પસાર થઈ ગયું. વરસગાંઠની વિચિત્ર કહો તો વિચિત્ર અને હેરત પમાડનારી કહો તો એમ, વાત એ છે કે અનેક ડચ પરિવારના ઘરના ટોઇલેટમાં Verjaardagskalender (Birthday Calendar)

બર્થ- ડે કેલેન્ડર મોટેભાગે બારણાં પર લટકાવેલું અથવા ટાઈલ્સ પર લટકાવેલું નજરે પડે. ટોઈલેટમાં ઉજવણીની બાબતનો સમાવેશ કેમ એવો પ્રશ્ન સાહજિક કહેવાય. આ એક વિશિષ્ટ પ્રથા છે જેનો જોટો જડવો મુશ્કેલ છે. અનેક લોકોના મોં મચકોડાઈ ગયા હશે આ વાંચીને, પણ આ પ્રથા ડચ લોકોની સંસ્કૃતિનું અભિન્ન અંગ છે. પૈસા સાચવીને વાપરવા એ ડચ લોકોના લોહીમાં વણાયેલી બાબત છે. બે પૈસામાં કામ થતું હોય ત્યાં ત્રણ ન વાપરવા એ એમનો સ્વભાવ છે. ટોઈલેટનું બર્થ- ડે કેલેન્ડર એનો નમૂનો છે. આ કેલેન્ડરમાં મહિનો અને તારીખ જ હોય છે, દિવસ (સોમવાર, મંગળવાર વગેરે)નો ઉલ્લેખ નથી હોતો. મતલબ કે એક કેલેન્ડર વર્ષોના વર્ષ વાપરી શકાય. ફોન કે પછી ડિજિટલ કેલેન્ડર વાપર્યા વિના લોકોની વરસગાંઠ કે લગ્નતિથિ યાદ રાખવાની આ અલાયદી ડચ શૈલી છે. પરિવારના સભ્યની વરસગાંઠ ભુલાઈ ગઈ હોય તો એ 'પાપ' ગણાય છે. ડચ લોકો બર્થ-ડે ધામધૂમથી નથી ઉજવાતા, પણ ઘરમાં નાનકડી સર્કલ પાર્ટીનું આયોજન કરવામાં આવે છે. યજમાન મહેમાનો માટે ગોળાકારમાં બેસવાની વ્યવસ્થા કરે છે. બધા સાથે બેસી કૉફી પીએ છે, કેક ખાય છે અને ભેગા મળી વાતચીત કરે છે, બસ. હા, બર્થ- ડે સોન્ગ હોય પણ અંગ્રેજીમાં નહીં ડચ ભાષામાં Lang zal ze/hiz leven - Long shall she / he live (દીર્ઘાયુની શુભેચ્છા) વિશ કરવામાં આવે. આ ઉજવણીનો મહિમા એવો અનન્ય છે કે કોરોના કાળના સોશ્યલ ડિસ્ટન્સિંગના વખતમાં બર્થ-ડે પાર્ટીના આયોજન પર પ્રતિબંધ હતો ત્યારે ડચ લોકો drive-by verjaardagen (drive-by birthdays)નું આયોજન કરતા. વાહનમાં બેસી જેનો બર્થ- ડે હોય એના ઘરની પાસેથી પસાર થઈ હાથ હલાવી શુભેચ્છા આપી દેવાની. બર્થ-ડે હોય એ વ્યક્તિ પણ નિર્ધારિત સમયે બધાને નજરે પડે એમ વરંડામાં કે પરસાળમાં ઊભી રહેતી. ■

સિક્કાની ત્રીજી બાજુ

જયવંત પંડ્યા
feedback@
bombaysamachar.com

# મંડેલા ઈફેક્ટઃ હમ જહાં ખડે રહતે હૈ

## ૨૦૦૯માં ઈન્ટરનેટ હતું, સોશ્યલ મીડિયાનાં પણ પગરણ થઈ ચૂક્યાં હતાં, જેથી માહિતી સરળ રીતે પ્રાપ્ય હતી ત્યારે ઘણા લોકોને એમ હતું કે નેલ્સન મંડેલા જીવિત નથી. આપણી સામે જ ઘટના બની ગઈ હોય અથવા બની રહી હોય તેની સ્મૃતિ આપણને બરાબર કેમ નથી રહેતી?

મહેમૂદ ગઝનીએ સોમનાથ મંદિર પર કેટલી વાર આક્રમણ કર્યું હતું? મોટા ભાગના લોકો ઉત્તર આપશે, ૧૭ વાર. મોટા ભાગના એટલે બહુમતી લોકો. ઉત્તર ખોટો છે. મહેમૂદ ગઝનીએ સત્તર વાર ભારતનાં અલગ-અલગ સ્થાનો પર આક્રમણ કર્યું હતું. સોમનાથ પર તો એક જ વાર આક્રમણ કર્યું હતું અને સોમનાથ પર પણ ચાર વાર અલગ-અલગ આક્રાંતાઓએ આક્રમણ કર્યું છે. સત્તર વાર નહીં. એક વાર મહેમૂદ ગઝનીએ. તે પછી અલાઉદ્દિન ખિલજીના સેનાપતિ ઉલુઘ ખાને. એ પછી દિલ્હી સલ્તનતના રાજ્યપાલ અથવા સૂબેદાર ઝફર ખાને. અને તે પછી કટ્ટર મઝહબી ઔરંગઝેબે ઈ. સ. ૧૬૬૫માં તેને તોડીને મસ્જિદ બનાવી નાખવા આદેશ આપ્યો હતો, પરંતુ તે ફળીભૂત થયો નહીં. એ પછી ઈ. સ. ૧૭૦૬માં તેણે આ આદેશ ફરી આપ્યો, પરંતુ ફરી એક વાર આ આદેશનું પાલન થયું નહીં.


નેલ્સન મંડેલા



અમિતાભ બચ્ચન


સલમાન ખાન

વિચાર કરો કે લોકોમાં કેવી ખોટી ભ્રમણા ઊભી થઈ ગઈ કે સોમનાથ મંદિર જે પશ્ચિમી રાજ્યમાં એકદમ દક્ષિણે આવેલું છે ત્યાં સુધી ગુજરાત-રાજસ્થાનના શૂરવીર રાજાઓને હરાવીને ભારતની બહારના કે અંદરના મોગલ લૂંટારા આવીને લૂંટીને, મંદિરને નષ્ટ કરીને એમ ને એમ ચાલ્યા જઈ શકે ખરા?

આ તો જૂની વાતો થઈ. લોકમુખે જે વાત કહેવાય તે ફરતીફરતી અલગ જ સ્વરૂપ ધારણ કરી લે છે. ચાઇનીઝ વ્હિસ્પર રમતમાં એક સમૂહ હોય છે. તેમાંથી એક વ્યક્તિને કાનમાં એક વાક્ય કહેવામાં આવે છે. તેણે તે વાક્ય બીજા વ્યક્તિને, બીજો વ્યક્તિ ત્રીજાને, તેમ કરતાં- કરતાં છેલ્લી વ્યક્તિ જ્યારે તે વાક્ય બોલે છે ત્યારે તે જુદું જ હોય છે.

આવું સાચે જ બનતું હોય છે. નેલ્સન મંડેલા ૨૦૧૩ સુધી એટલે કે ૯૫ વર્ષ જીવ્યા. છેલ્લા તબક્કામાં પાંચ વર્ષ તો તે દક્ષિણ આફ્રિકાના પ્રમુખ ૧૯૯૪થી ૧૯૯૯ રહ્યા. એ પછી પણ તેઓ સેવાકીય રીતે પ્રવૃત્ત રહ્યા. એટલે કે તે સમાચારમાં પણ ચમકતા રહેતા હતા. આમ છતાં દુનિયાના ઘણા લોકોના મનમાં એવું ઠસી ગયું હતું કે નેલ્સન મંડેલા તો ૧૯૮૦ના દાયકામાં જ મૃત્યુ પામ્યા હતા. કદાચ તેનું કારણ એ હતું કે મંડેલા તેમના જીવનનાં ૨૭ વર્ષ જેલમાં રહ્યા અને આ ૨૭ વર્ષમાં દસ વર્ષ ૧૯૮૦નો દાયકો હતો.

મીડિયા અને સોશ્યલ મીડિયાના સમયમાં લોકોની સ્મૃતિમાં ખોટો ડેટા ફિટ થઈ ગયો હતો ! આને 'મંડેલા ઇફેક્ટ' કહે છે. આ શબ્દ આપ્યો અગોચર સંશોધક ફિયોના બ્રૂમેએ. તેની પોતાની જ સ્મૃતિમાં નેલ્સન મંડેલા વિશે આવી ખોટી વાત ઠસાઈ ગઈ હતી. ૨૦૦૯માં યોજાયેલા એક પરિસંવાદમાં તેણે આ વાત યાદ કરી તો કોઈએ ન કહ્યું કે આ વાત ખોટી છે.

ઊલટું, બધાએ સૂર પુરાવ્યો. અર્થાત્ કહેવાતા વિદ્વાનો, જેમની પાસે મીડિયાનો એક્સેસ હોય છે, પહોંચ હોય છે, તેમની સ્મૃતિમાં આવી ભ્રમણા સત્ય તરીકે ભરાયેલી હોઈ શકે.

આવું ઘણા બધા સાથે થતું હોય છે. એક જ ઘટના એક સાથે અલગ-અલગ લોકોના જીવનમાં બને તો તે ઘટનાનું વર્ણન, તેનો ઉદ્ભવ, તે કેવી રીતે બની, તેમાં ઘટનાઓનો ક્રમ, તે બધું અલગ-અલગ હોઈ શકે. પરિવારમાં ઘણી વાર કોઈ વ્યક્તિને સારી રીતે રાખવામાં આવી હોય, પરંતુ જો તેના મનમાં ઠસી ગયું કે તેને તો સદા અપમાનિત કરાતી હતી, હડધૂત કરાતી હતી, જોઈએ તેવો પ્રેમ નથી કરાયો તો કોઈ તેના મનમાંથી એ ભ્રમણા કાઢી નહીં શકે.

આજે તો મોબાઇલનો જમાનો છે. છેલ્લાં પંદરેક વર્ષથી આપણી પાસે ફોટો અને વીડિયો છે, છતાંય પરિવારના લોકોને પાંચેક વર્ષ પહેલાંની સ્મૃતિ વિશે પૂછશો તો તેમને અમુક વાતો યાદ નહીં હોય.

જો લોકોને પૂછવામાં આવે કે 'હમ જહાં ખડે હોતે હૈ, લાઇન વહીં સે શુરૂ હોતી હૈ' એ સંવાદ કોનો છે? તો મોટા ભાગના કહેશે કે અમિતાભ બચ્ચનનો. હકીકતમાં 'કાલિયા' ફિલ્મમાં આ સંવાદ કેદી બોબ ક્રિસ્ટો બોલે છે. તેના પ્રતિભાવમાં કાલિયા (અમિતાભ) કહે છે, હમ ભી વો હૈ જો કભી કિસી કે પીછે ખડે નહીં હોતે, જહાં ખડે હો જાતે હૈ, લાઇન વહીં સે શુરૂ હો જાતી હૈ.

અને બધાને શું યાદ રહી ગયું? હમ જહાં ખડે હોતે હૈ, લાઇન વહીં સે શુરૂ હોતી હૈ એવું અમિતાભ બોલે છે.

(આ સંવાદમાં જો તમે પાછળ 'હંય' બોલ્યા હો તો તે પણ ખોટું ઠસી ગયું છે. અમિતાભ અહીં એનું લાક્ષણિક 'હંય' બોલતા નથી!.)

એ જ રીતે અમિતાભ બચ્ચનને પણ જ્યારે 'શહનશાહ'નો સંવાદ બોલવાનું કહેવાય છે ત્યારે તે બોલે છે, રિશ્તે મેં તો હમ તુમ્હારે બાપ લગતે હૈ, નામ હૈ શહનશાહ. પણ ફિલ્મમાં સંવાદ આ રીતે છે, રિશ્તે મેં તો હમ તુમ્હારે બાપ હોતે હૈ, નામ હૈ શહનશાહ. (અહીં પણ તે 'હંય' નથી બોલતા .)


આવા સંવાદો લખતા તે સલીમ ખાન (સલીમ-જાવેદ)ના દીકરા સલ્લુ મિયાંનો પણ એક સંવાદ છે, એક બાર કમિટમેન્ટ કર દી સલમાનને પોતાને પૂછવામાં આવશે તો તે પણ કહેશે, એક બાર મૈંને કમિટમેન્ટ કર દી, તો ફિર મૈં ખુદ કી ભી નહીં સુનતા. પરંતુ ફિલ્મમાં સલમાન બોલે છે, એક બાર જો મૈંને કમિટમેન્ટ કર દી, ઉસ કે બાદ તો મૈં અપને આપ કી ભી નહીં સુનતા.

લોકોનું પણ આવું જ છે. એક બાર જો મેમરી મેં ડાલ દિયા, ઉસ કે બાદ તો મૈં કિસી કી (સચ્ચી બાત) ભી નહીં સુનતા...! ■

ઓર એ મોસમ હસીં

દેવલ શાસ્ત્રી
feedback@
bombaysamachar.com

# ના, ડ્રેક્યુલા હજુ મર્યો નથી, તેણે માત્ર પોતાનું રૂપ બદલી નાખ્યું છે!






આપણા સ્વતંત્રતા દિવસ પર ખુશ થવા જેવું તો ઘણુંબધું ઘટતું હોય છે, પણ ક્યારેક એ ચિંતા પણ સતાવતી હોય છે કે ખોટી માહિતી દેશને ગંભીર નુકસાન કરી શકે છે. અમર્યાદિત સોશ્યલ મીડિયાના યુગમાં અખબારોની જવાબદારી ઘણી વધી જાય છે.

ઈસવીસન ૧૮૯૭માં જ્યારે આયરિશ લેખક બ્રામ સ્ટોકરે પોતાની અમર નવલકથા ડ્રેક્યુલા લખી, ત્યારે કદાચ તેમને પણ કલ્પના નહીં હોય કે સવા સદી પછી પણ તેમનું સર્જન માત્ર હોરર સાહિત્ય તરીકે નહીં, પરંતુ માનવજાતના સામૂહિક મનને સમજવા માટેના સૌથી શક્તિશાળી રૂપકોમાંનું એક બની જશે. પ્રથમ નજરે આ એક ગોથિક હોરર કથા લાગે છે.

ટ્રાન્સિલ્વેનિયાના અંધકારમય કિલ્લામાં રહેતો કાઉન્ટ ડ્રેક્યુલા, જે દિવસ દરમિયાન તાબૂતમાં સૂઈ રહે છે અને રાત્રે બહાર નીકળીને માણસોનું લોહી પીવે છે, પરંતુ જો નવલકથાને માત્ર ભૂતપ્રેતની વાર્તા સમજીને વાંચવામાં આવે તો તેની સૌથી મોટી વાત ચૂકી જવાય છે. બ્રામ સ્ટોકરે માત્ર એક રાક્ષસ સર્જ્યો નહોતો; તેમણે એવી દુષ્ટતાનું પ્રતીક સર્જ્યું હતું, જે તલવારથી નહીં, પરંતુ ચેપની જેમ ફેલાય છે.

ડ્રેક્યુલાની સૌથી ભયાનક શક્તિ તેના તીક્ષ્ણ દાંત નહોતી, તેની અમરતા પણ નહોતી. તેની સૌથી ભયાનક શક્તિ એ હતી કે તે જેનો શિકાર કરતો, તે ધીમે ધીમે પોતાનો સ્વભાવ, પોતાનો વિવેક અને પોતાની સ્વતંત્રતા ગુમાવીને એના જેવો જ વેમ્પાયર બની જતો. તે પોતાનું સામ્રાજ્ય યુદ્ધ જીતીને નહીં, પરંતુ પોતાના શિકારને પોતાના જેવા બનાવીને ઊભું કરતો હતો. કદાચ આ જ કારણ છે કે ડ્રેક્યુલા આજે પણ જીવંત છે, કારણ કે દુનિયામાં દુષ્ટતા ઘણી વખત તાકાતથી નહીં, પરંતુ માનસિક સંક્રમણથી જીતે છે.

જો આ કથાને આજના સમયમાં મૂકીએ તો પ્રશ્ન થાય કે શું ખરેખર ડ્રેક્યુલા મરી ગયો છે? કદાચ નહીં. તેણે માત્ર પોતાનું મોહરું બદલી નાખ્યું છે.

આજે સોશ્યલ મીડિયાના અલ્ગોરિધમ હોય, સતત વહેતાં ફેક ન્યૂઝ હોય, અંધભક્તિ હોય, કાવતરાની થિયરીઓ હોય કે કોઈપણ પ્રકારની રાજકીય, ધાર્મિક અથવા વૈચારિક કટ્ટરતા. બધાનું મૂળ કામ એક જ છેઃ માણસને વિચારવાનું બંધ કરાવીને માત્ર પ્રતિક્રિયા આપતો જીવ બનાવી દેવાનું.

ટ્રેજેડી એ નથી કે માણસ ખોટી માહિતી સાંભળે છે; ટ્રેજેડી એ છે કે થોડા સમય પછી તે પોતે જ ખોટી માહિતી ફેલાવવા માંડે છે. એ જ ડ્રેક્યુલાનો અસલી ડંખ હતો અને એ જ આજના યુગનો પણ સૌથી મોટો ડંખ છે. આપણે ઘણી વખત માનીએ છીએ કે આપણે કોઈ વિચારધારાના સમર્થક છીએ, પરંતુ ધીમે ધીમે ખબર પડે છે કે આપણે વિચારધારાના નહીં, વિચારવિહીન પ્રતિક્રિયાના શિકાર બની ગયા છીએ.

મનોવિજ્ઞાન આ ઘટનાને 'સોશ્યલ કોન્ટેજન' કહે છે. જેમાં લાગણીઓ, વિચારો અને વર્તન ચેપી હોય છે. હાસ્ય ચેપી છે, કરુણા ચેપી છે, પરંતુ દુર્ભાગ્યે ગુસ્સો, ભય અને નફરત એના કરતાં પણ વધુ ઝડપથી ચેપની જેમ ફેલાય છે.

સંશોધનો બતાવે છે કે માનવમગજ નકારાત્મક માહિતી તરફ વધુ ઝડપથી આકર્ષાય છે- મનોવિજ્ઞાનમાં તેને 'નેગેટિવિટી બાયસ' કહેવામાં આવે છે. એ જ કારણ છે કે ભયજનક સમાચાર, ઉશ્કેરતી પોસ્ટ, અપમાનજનક ભાષા અને કાવતરાની વાતો સામાન્ય સત્ય કરતાં ઘણી ઝડપથી ફેલાય છે.

૨૦૧૮માં અમેરિકાની MIT (મેસેચ્યુસેટસ ઈસ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજિ) ના એક અભ્યાસમાં પણ જાણવા મળ્યું હતું કે ખોટા સમાચાર સાચા સમાચાર કરતાં વધુ ઝડપથી અને વધુ દૂર સુધી પહોંચે છે, કારણ કે માણસ નવાઈ, ભય અને આક્રોશને વધુ ઉત્સાહથી શેર કરે છે. એટલે આજે સૌથી સફળ વેમ્પાયર કાળા ઝભ્ભામાં નહીં, પરંતુ ચમકતી મોબાઇલ સ્ક્રીનમાં રહે છે.

સમાજશાસ્ત્રનો એક અત્યંત કડવો નિયમ છે કે દુષ્ટતાની સૌથી મોટી જીત એ નથી કે તે સજ્જન માણસને હરાવી દે; તેની સૌથી મોટી જીત એ છે કે તે સજ્જન માણસને પણ પોતાના જેવો બનાવી દે. જ્યારે ગાળો સામાન્ય બની જાય, ત્યારે શિષ્ટ માણસ પણ ગાળો બોલવા લાગે છે.

જ્યારે અફવા સામાન્ય બની જાય, ત્યારે સત્ય કંટાળાજનક લાગવા લાગે છે. જ્યારે દરેક ચર્ચા યુદ્ધમાં ફેરવાઈ જાય, ત્યારે સંવાદ મરી જાય છે. આપણે ઘણી વખત માનીએ છીએ કે આપણે નફરત સામે લડી રહ્યા છીએ, પરંતુ ધીમે ધીમે સમજાય છે કે લડતાં લડતાં આપણે પણ એ જ ભાષા બોલવા લાગ્યા છીએ. એ ક્ષણે બહારનો ડ્રેક્યુલા જીતતો નથી; આપણા અંદર એક ડ્રેક્યુલા જન્મે છે.

'ડ્રેક્યુલા'ની આખી નવલકથામાં સૌથી પ્રેરણાદાયી પાત્ર છે પ્રોફેસર અબ્રાહમ વાન હેલ્સિંગ. લોકપ્રિય કથાઓમાં આપણે માનીએ છીએ કે તેણે ક્રોસ અને હથિયારો વડે ડ્રેક્યુલાને હરાવ્યો, પરંતુ જો નવલકથાને ધ્યાનથી વાંચીએ તો સમજાય છે કે તેની સૌથી મોટી શક્તિ આમાંથી કોઈ નહોતી. વાન હેલ્સિંગ જીતે છે કારણ કે તે પોતે ડ્રેક્યુલા જેવો બનતો નથી. તે ભય સામે વધુ ભય ઊભો કરતો નથી. તે જ્ઞાન, ધીરજ, વિજ્ઞાન, વિશ્વાસ, મિત્રતા અને સંયમનો સહારો લે છે. તેની સૌથી મોટી જીત ડ્રેક્યુલાને મારવામાં નથી, પરંતુ પોતાની માનવતા બચાવી રાખવામાં છે.

દરેક યુગમાં ડ્રેક્યુલા પોતાનું રૂપ બદલે છે. એક સમયે તે ટ્રાન્સિલ્વેનિયાના કિલ્લામાં રહેતો હતો. આજે કદાચ તે સ્માર્ટફોનની સ્ક્રીનમાં રહે છે. ક્યારેક ફેક ન્યૂઝના રૂપમાં, ક્યારેક ભયના વેપારી તરીકે, ક્યારેક અંધશ્રદ્ધાના વેશમાં, ક્યારેક અંધવિરોધના સ્વરૂપમાં અને ઘણી વખત આપણા પોતાના અહંકારમાં. ડ્રેક્યુલાને હરાવવાનો રસ્તો ચાંદીનો ભાલો નથી; પોતાની અંદર વિવેક, કરુણા અને આત્મજાગૃતિનો એવો દીવો પ્રગટાવવો છે કે કોઈ અંધકાર આપણને પોતાના જેવો બનાવી ન શકે. આખરે દરેક યુગમાં સવાલ એક જ રહેવાનો છે, શું આપણે હજુ પણ ડ્રેક્યુલાથી ડરીએ છીએ, કે પછી ધીમે ધીમે આપણે જ ડ્રેક્યુલાના વારસદાર બની રહ્યા છીએ? ■

**ધ એન્ડ**

***એકવાર અસલ બાબત ગમવા લાગશે પછી નકલી ખબરોથી આપોઆપ દૂર રહેવા લાગશો. (અજ્ઞાત)***

# દેશમાં સૌથી વધુ સક્રિય કંપનીઓ મહારાષ્ટ્રમાં, ‘બંધ’ વર્ગીકૃત ૭૬ ટકા ભૂતિયા હતીઃ દેવેન્દ્ર ફડણવીસ

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે મહારાષ્ટ્રમાં ૩૬,૦૦૦થી વધુ કંપનીઓ બંધ થવા અંગે બચાવ કર્યો હતો અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી કંપનીઓમાંથી ૭૬ ટકા કંપનીઓ ક્યારેય કાર્યરત થઈ જ નહોતી. દેશમાં સક્રિય કંપનીઓની સૌથી વધુ સંખ્યા મહારાષ્ટ્રમાં જ છે.

મહારાષ્ટ્રમાં છેલ્લા પાંચ વર્ષમાં ૩૬,૨૧૧ ખાનગી કંપનીઓ બંધ થવા અંગે એનસીપી (એસપી)ના વડા શરદ પવારે વ્યક્ત કરેલી ચિંતાઓ અને પુણેના ચાકણ ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી ૨૦ કંપનીઓએ વિવિધ સમસ્યાઓને કારણે અન્યત્ર સ્થળાંતર કરવાનો નિર્ણય લીધો હોવાના અહેવાલોના સંદર્ભમાં આ ટિપ્પણીઓ કરવામાં આવી હતી.

વિપક્ષે ૧૦ ઑગસ્ટે લોકસભામાં રજૂ કરાયેલા કંપનીઓ બંધ થવા અંગેના આંકડાઓ માટે સરકારની દખલગીરી, વ્યાપક ભ્રષ્ટાચાર અને વ્યવસાય માટે સતત પ્રતિકૂળ બનતા વાતાવરણને જવાબદાર ઠેરવ્યા હતા.

ફડણવીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સંસદમાં રજૂ કરાયેલા આંકડાઓને યોગ્ય સંદર્ભમાં જોવા જોઈએ અને કોર્પોરેટ બાબતોના મંત્રાલયની વેબસાઇટ પર તેની વિગતવાર માહિતી ઉપલબ્ધ છે. બંધ થયેલી કંપનીઓમાંથી ૭૬ ટકા કંપનીઓ ‘ડિફંક્ટ’ (નિષ્ક્રિય) છે. ‘ડિફંક્ટ’ એટલે કે એવી કંપનીઓ જેમણે વાસ્તવમાં ક્યારેય તેમનું કામકાજ શરૂ જ કર્યું ન હોય.

ફડણવીસે જણાવ્યું હતું કે, ૩ જૂન ૨૦૨૬ સુધીમાં ૩,૯૬,૨૧૧ સક્રિય કંપનીઓ સાથે મહારાષ્ટ્ર દેશમાં સૌથી વધુ સક્રિય કંપનીઓ ધરાવતું રાજ્ય છે; ત્યારબાદ દિલ્હી (૨,૭૨,૩૪૨) અને ઉત્તર પ્રદેશ (૧,૮૫,૯૮૨)નો ક્રમ આવે છે. (પીટીઆઈ) ■

## ચાકણ એમઆઈડીસી મુદ્દે શરદ પવારની ટીકા

# ચાકણ એમઆઇડીસીમાં સમસ્યાઓનો પ્રાથમિકતાના આધારે ઉકેલ લાવવામાં આવશેઃ સુનેત્રા પવાર

પુણેઃ મર્સિડીઝ-બેન્ઝ, વોક્સવેગન, સ્કોડા, હ્યુન્ડાઇ જેવી વૈશ્વિક કંપનીઓને કારણે ચાકણ એમઆઇડીસીની એક અનોખી ઓળખ ધરાવે છે. પરંતુ અહીંના ખાડા, ટ્રાફિક જામ અને અકસ્માતોથી કંટાળીને ૨૦ લઘુઉદ્યોગોએ તેમની કંપનીઓ બંધ કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. ચાકણ એમઆઇડીસીની આ ૨૦ કંપનીઓ સતારા જિલ્લાના ખંડાલા એમઆઇડીસીમાં સ્થળાંતરિત થવાની છે. તે માટે આ વીસ કંપનીઓએ એક સંગઠન બનાવ્યું છે. તેના દ્વારા જગ્યા મેળવવા માટે વહીવટી સ્તરે હિલચાલ શરૂ કરવામાં આવી છે. એકવાર આ વીસ કંપનીઓ સ્થળાંતર કરશે, તો એક હજાર કરોડના ટર્નઓવર પર અસર થશે અને ચાર હજાર કર્મચારીઓ બેરોજગાર થઈ જશે. આ પૃષ્ઠભૂમિ સામે હાલમાં રાજકારણ ગરમાઈ રહ્યું છે. વિપક્ષે પણ આ મુદ્દે આક્રમક વલણ અપનાવ્યું હતું.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ શરદ પવારે એક્સ પર પોસ્ટ કરીને આ મુદ્દે ટીકા કરી હતી. ‘આ કંપનીઓમાં આશરે ૨,૦૦૦થી વધુ કામદારો કામ કરી રહ્યા છે. આ ઉદ્યોગો સ્થળાંતરિત ન થાય, રોજગારીની તકો સચવાઈ રહે અને રાજ્યની ઔદ્યોગિક તાકાત જળવાઈ રહે તે માટે રાજ્ય સરકારે આ પ્રશ્ન તરફ તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે,’ તેમ શરદ પવારે જણાવ્યું હતું.

શરદ પવારના નિવેદનનો જવાબ આપતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, ત્યાંથી એક પણ ઉદ્યોગ બહાર ન જાય, એવો જ અમારો પ્રયાસ રહેશે. મહારાષ્ટ્ર ઉદ્યોગો માટે અનુકૂળ છે, તેથી જ રાજ્યમાં વિદેશી રોકાણ વધુ આવે છે. આપણે સતત પ્રથમ ક્રમાંકે છીએ અને રહીશું.હવે નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે પણ આ સમસ્યા પ્રાથમિકતાના ધોરણે ઉકેલવાનું આશ્વાસન આપ્યું હતું.

ચાકણ એમઆઇડીસીના રસ્તાઓ, ટ્રાફિક તેમજ અન્ય પાયાની સુવિધાઓ સંબંધિત મુશ્કેલીઓનો પ્રાથમિકતાના ધોરણે ઉકેલ લાવવામાં આવશે. ■

# કમ્બોડિયાથી કાર્યરત સાયબર ફ્રોડ સિન્ડિકેટનો થાણે પોલીસે કર્યો પર્દાફાશઃ આઠ વિરુદ્ધ ગુનો

થાણેઃ કમ્બોડિયાથી કાર્યરત સાયબર ફ્રોડ સિન્ડિકેટનો થાણે પોલીસે પર્દાફાશ કર્યો હતો, જેણે થાણે જિલ્લાના સાત રહેવાસીને વિદેશમાં નોકરી અપાવવાનું વચન આપ્યું હતું, પણ ઓનલાઇન સ્કૅમમાં ભારતીયોને ટાર્ગેટ કરવાનું કામ તેમને સોંપવામાં આવ્યું હતું.

મુંબ્રા પોલીસે ગુરુવારે મુખ્ય આરોપી મોહંમદ અરાફત શેખ તથા અન્ય સાત આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. એફઆઇઆર અનુસાર મુંબ્રાના સાતેય રહેવાસીઓને મુખ્ય આરોપી મોહંમદ શેખે વિદેશમાં સારી નોકરી અપાવવાનું વચન આપ્યું હતું. જોકે તેમને કમ્બોડિયાના કમ્પોટ ખાતે સાયબર સ્કૅમ હબમાં લઇ જવામાં આવ્યા હતા, જેનું સંચાલન વિદેશી અને ભારતીય હેન્ડલર્સ દ્વારા કરવામાં આવતું હતું, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. કમ્બોડિયામાં કેવિન હૅચ, બિહારના વતની મોતીલાલ મંડલ અને બેંગલુરુના ‘અન્ના’ નામના શખસ દ્વારા સંચાલિત સાયબર સ્કૅમ સેન્ટરમાં એ સાતેય જણ કામ કરતા હતા.

આરોપીઓએ ફૅક ફેસબુક અકાઉન્ટ્સ દ્વારા ભારતીય નાગરિકોને ટાર્ગેટ કરીને ઓનલાઇન સ્કૅમ તથા ગેમિંગ ફ્રોડ આચર્યા હતા અને ઑક્ટોબર, ૨૦૨૫થી ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન મોટી રકમની ઉચાપત કરવામાં આવી હતી. મુંબ્રા પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ગુનો દાખલ કરવામાં આવ્યો હોઇ પોલીસ હવે આખા નેટવર્કનો પર્દાફાશ કરવા અને સ્કૅમ સેન્ટરના માલિકો સાથે કડી ધરાવતા આર્થિક વ્યવહારો અંગે તપાસ કરી રહી છે. એ સિવાય સાયબર ફ્રોડ સિન્ડિકેટમાં સામેલ અન્ય આરોપીઓની પણ શોધ ચલાવવામાં આવી રહી હોવાનું અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ) ■

# મુંબઈ કોસ્ટલ રોડ પર ઈલેક્ટ્રિક કેબલ ચોરનાર ટોળકીના ચાર સભ્ય પકડાયા

મુંબઈઃ મુંબઈ કોસ્ટલ રોડ પર ઇલેક્ટ્રિક કેબલ ચોરનારી ટોળકીના ચાર સભ્યને તાડદેવ પોલીસે ૪૮ કલાકમાં ઝડપી પાડ્યા હતા, જ્યારે સગીરને તાબામાં લેવાયો હતો.

તાડદેવ પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ હુસેન કાદર શેખ ઉર્ફે ચોકો, નૂર મોહંમદ આમિર ખાન, અમન બિલાલ શેખ અને જાફર શબ્બીર શેખ તરીકે થઇ હતી. જાફર શબ્બીર શેખ કલ્યાણ પૂર્વના કચોરે ગામનો, જ્યારે બાકીના ત્રણ જણ વરલી વિસ્તારના રહેવાસી છે. તુફાનકુમાર સુદર્શન પંડાએ ૧૨ ઑગસ્ટ, ૨૦૨૬ના રોજ તાડદેવ પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે અજાણ્યા શખસોએ બુધવારે મળસકે મુંબઈ કોસ્ટલ રોડ પર ઇલેક્ટ્રિક પોલ નંબર ૭૨૫ અને ૭૨૮ દરમિયાન સ્ટ્રીટ લાઇટ માટે વપરાતા ૨.૬૨ લાખ રૂપિયાની કિંમતના કોપર કેબલ ચોર્યા હતા. તુફાનકુમાર પંડાની ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી. પોલીસ ટીમે ઘટનાસ્થળના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા અને ટેક્નિકલ બાબતોને અભ્યાસ કર્યા બાદ મળેલી માહિતીને આધારે ત્રણ આરોપીને વરલીના ભારતનગર અને માર્કન્ડેશ્વર નગરમાંથી, જ્યારે ચોથા આરોપીને કલ્યાણથી ઝડપી પાડ્યો હતો. ■

# એનસીપી - શિવસેનાનું વિભાજન ભૂલ હતી, લોકશાહી માટે જોખમી હતુંઃ સુપ્રિયા સુળે

મુંબઈઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)નાં કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેએ શુક્રવારે એનસીપી અને શિવસેનામાં થયેલા વિભાજન અંગે ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કરી આ ઘટનાક્રમને ગેરબંધારણીય અને લોકશાહી માટે ખતરનાક ગણાવ્યો. ચૂંટણી પંચે શરદ પવારના નેતૃત્વ હેઠળના જૂથ સામે પક્ષપાતથી કામ કર્યું એવો આરોપ સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં કરી જણાવ્યું હતું કે પક્ષની માલિકી ચૂંટાયેલા વિધાન સભ્યોને બદલે તેના સ્થાપકો પાસે હોય છે.

એનસીપી અને શિવસેનામાં થયેલા વિભાજન ભૂલ હતી, બંધારણીય વ્યાખ્યા અનુસાર નહોતું અને લોકશાહી માટે જોખમી હતું એમ તેમણે જણાવ્યું હતું, ચૂંટણી પંચ અને તેની સત્તાનો દુરુપયોગ થયો હોવાનો આરોપ પણ કર્યો હતો.

૧૯૯૯માં શરદ પવાર દ્વારા સ્થાપિત એનસીપી, જુલાઈ ૨૦૨૩માં એકનાથ શિંદેની આગેવાની હેઠળની મહાયુતિ સરકારમાં અજિત પવાર જોડાયા પછી વિભાજીત થઈ ગઈ હતી. તે સમયે અજિત પવારને નાયબ મુખ્ય પ્રધાન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. નવેમ્બર ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી પછી દેવેન્દ્ર ફડણવીસ મુખ્ય પ્રધાન બન્યા પછી પણ પવાર આ જ પદ પર રહ્યા હતા.

જૂન ૨૦૨૨માં એકનાથ શિંદે અને પક્ષના ૩૯ વિધાન સભ્યોએ શિવસેનાના નેતૃત્વ સામે બળવો કર્યા બાદ શિવસેનામાં ભાગલા પડ્યા. પરિણામે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની મહા વિકાસ આઘાડીસરકાર પડી ભાંગી. ત્યારબાદ શિંદેએ સરકાર બનાવવા માટે ભાજપ સાથે હાથ મિલાવ્યા અને મુખ્ય પ્રધાન બન્યા હતા. (પીટીઆઈ) ■

# ‘કાયદેસર વિદેશી દાન માટે મુશ્કેલી ન પડવી જોઈએ’

મુંબઈઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)નાં લોકસભા સંસદ સભ્ય સુપ્રિયા સુળેએ શુક્રવારે જણાવ્યું હતું કે વિદેશી યોગદાન (નિયમન) સુધારા ખરડો, ૨૦૨૬માં પ્રસ્તાવિત ફેરફારો હેઠળ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓને કાયદેસર વિદેશી દાન મેળવવામાં મુશ્કેલી ન પડવી જોઈએ.

મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં તેમણે સરકારે પ્રસ્તાવિત કાયદામાં ઉતાવળ ન કરવી જોઈએ એવી સ્પષ્ટતા કરી તમામ રાજકીય પક્ષોને વિશ્વાસમાં લેવામાં આવે એવી માગણી કરી હતી.

લોકસભાએ વિરોધ પક્ષોના વિરોધ વચ્ચે આ ખરડાને ૩૧ સભ્યની સંયુક્ત સમિતિને મોકલી આપ્યો હતો.

બારામતીનાં સંસદ સભ્યએ કહ્યું હતું કે જો વિદેશી ભંડોળ ગેરકાયદે હોય અથવા અનીતિના પૈસા હોય તો સરકારે કડક કાર્યવાહી કરવી જોઈએ, પરંતુ પૉલિયો રસીકરણ, આરોગ્યસંભાળ, શિક્ષણ અને ગરીબ અને શ્રમજીવી પરિવારોના કલ્યાણ માટે કાયદેસર ભંડોળને શંકાની નજરે જોવું જોઈએ નહીં. (પીટીઆઈ) ■

# ચેમ્બુરમાં મોટરસાઇકલ નીચે કચડીને યુવકને મારી નાખ્યોઃ આરોપીની ધરપકડ

મુંબઈઃ જૂના ઝઘડાની અદાવત રાખીને મોટરસાઇકલ નીચે કચડીને યુવકની હત્યા કરવામાં આવી હોવાની ઘટના ચેમ્બુર વિસ્તારમાં બની હતી. નેહરુનગર પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને ૪૪ વર્ષના આરોપીની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ચેમ્બુરમાં ઠક્કર બાપા કોલોની ખાતે બાર એન્ડ રેસ્ટોરાં નજીક ૧૨ ઑગસ્ટે રાતના આ ઘટના બની હતી. મૃતકની ઓળખ લલિત તુંગારિયા તરીકે થઇ હોઇ ચેમ્બુરમાં રહેતા તેના મિત્ર હેમંત કિશોર બાલોઠિયા (૨૧)એ આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ લલિત તુંગારિયા અને આરોપી વચ્ચે અગાઉ કોઇ બાબતે ઝઘડો થયો હતો, જેની અદાવત રાખીને આરોપીએ બુધવારે રાતે લલિતને આંતર્યો હતો અને બાદમાં મોટરસાઇકલ નીચે તેને કચડી નાખ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા લલિતને સારવારાર્થે હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં તેનું મૃત્યુ થયું હતું. ■



‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| સ્વદેશી ચળવળ | 1928 |
| જલિયાંવાલા બાગ | 1905 |
| બારડોલી સત્યાગ્રહ | 1942 |
| દાંડી કૂચ | 1919 |
| ભારત છોડો ચળવળ | 1930 |

## જાણવા જેવું

1942ના હિન્દ છોડો આંદોલન વખતે ગુજરાતમાં ૯મી ઑગસ્ટથી અમદાવાદની મિલો, બજારો, શાળાઓ તથા કૉલેજોમાં હડતાળો પડી. મોટાં બજારો તથા અમદાવાદની 75 કાપડની મિલોના આશરે 1,40,000 મજૂરોએ સાડાત્રણ મહિનાની શાંત, ઐતિહાસિક હડતાળ પાડી, જે સમગ્ર દેશમાં અદ્વિતીય હતી. સૂરત, નડિયાદ, આણંદ સહિત ગુજરાતનાં અનેક નગરોમાં બજારો, મિલો અને શાળા-કૉલેજોમાં હડતાળો પડી.

## ગુજરાત મોરી મોરી રે

દાંડી કૂચની સફળતા બાદ બ્રિટિશ તાબાના ધરાસણા સત્યાગ્રહમાં નિવૃત્ત ન્યાયાધીશ અબ્બાસ તૈયબજી સાથે કોણે કૂચ કરી હતી?

અ) વિનોબા ભાવે
બ) કસ્તુરબા ગાંધી
ક) ઉષા મહેતા
ડ) રાજા રાજગોપાલાચારી

## નોંધી રાખો

*1942ની ‘હિંદ છોડો’ ચળવળનો ઉદ્દેશ બ્રિટિશ સરકારને ચાલ્યા જવાની ફરજ પાડી, વહીવટી તંત્ર ખોરવી નાખી, સ્વતંત્રતા મેળવવાનો હતો.*

## શબ્દલાલિત્ય




### આડી ચાવી

૧. સેવા, પૂજા (૪)
૪. આજુબાજુ (૪)
૭. ખલાસ (૩)
૮. હાર, શ્રેણી (૪)
૯. પૈસાદાર (૩)
૧૦. ધ્રાસકો (૨)
૧૧. વ્યવસાય કે કોઈ કર્તવ્ય અંગે (૪)
૧૩. બાણ (૨)
૧૪. ધ્વજ, વાવટો (૨)
૧૫. --- માંહે પોલ (૨)
૧૬. સમાપ્ત (૨)
૧૭. છૂટું, મુક્ત (૪)
૧૮. અમૃત (૨)
૧૯. ગાડું (૩)
૨૧. વખાણ કરવાથી ફુલાઈ જાય તેવું (૪)
૨૩. વગર વિચાર્યું જોખમી કામ (૩)
૨૫. જલદીથી, તરત જ (૪)
૨૬. નિસર્ગ, પ્રકૃતિ (૪)

### ઊભી ચાવી

૧. છેવટે, અંતે (૩)
૨. આસક્ત, લીન (૨)
૩. ધમાધમ, શોરબકોર (૪)
૪. --- મૂઆ વગર સ્વર્ગે ન જવાય (૨)
૫. સરેરાશ (૪)
૬. તરત જ (૩)
૮. છાપાનો તંત્રી કે છાપામાં લખવાનું કામ કરનાર (૪)
૧૦. ફાલતું, વધેલું (૩)
૧૨. સદ્બુદ્ધિ (૩)
૧૩. દેહ, કાયા (૩)
૧૪. --- ને ત્યાં ધાડ (૩)
૧૬. નાખુશી, ખોફ (૪)
૧૭. કુસંપ, ભેદ (૪)
૧૮. ખેદ (૪)
૧૯. કાચંડો (૩)
૨૦. એક ધાતુ (૩)
૨૨. ઉપાધિ, પીડા (૨)
૨૪. શંકર (૨)


### ગયા વખતનો ઉકેલ



## ઓળખાણ પડી?

‘મુંબઈ સમાચાર’માં પત્રકાર તરીકે જોડાનાર તેમ જ કિસાન આંદોલન અને ફિલ્મ વ્યવસાય સાથે નાતો ધરાવનારી વ્યક્તિની ઓળખાણ પડી?

અ) કન્હૈયાલાલ મુન્શી
બ) વિનોદ કિનારીવાલા
ક) બળવંતરાય મહેતા
ડ) ઈન્દુલાલ યાજ્ઞિક



## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

બ્રિટિશ સરકારનો કોઈની પણ અટક કરી ખટલો ચલાવ્યા વગર જ તેને કેદ કરવાની સત્તા આપતો રોલેટ એક્ટ કયા નામે જાણીતો હતો?

અ) જુલ્મી કાયદો બ) અસમાનતા અધિનિયમ ક) કાળો કાયદો ડ) ચાર્ટર એક્ટ

## માઈન્ડ ગેમ

સ્વાતંત્ર્યના એક વર્ષ પહેલા બંગાળના કયા જિલ્લામાં થયેલા નરસંહારને રોકવા અને શાંતિ સ્થાપવા ગાંધીજી ચાર મહિના રોકાયા હતા?

અ) કૂચબિહાર બ) 24 પરગણા ક) નોઆખલી ડ) જલપાઈગુડી

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૭ | ૮ | | | | | |
| ૫ | ૧ | | | | ૩ | | | |
| ૪ | ૮ | | | ૧ | ૨ | ૯ | | |
| ૨ | | | | ૯ | ૬ | | | |
| | ૩ | | | | | | ૯ | |
| | | | ૭ | ૩ | | | | ૨ |
| | | ૬ | ૫ | ૪ | | | ૨ | ૧ |
| | | | ૨ | | | | ૫ | ૬ |
| | | | | | ૭ | ૪ | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૬ | ૯ | ૮ | ૭ | ૧ | ૪ | ૩ |
| ૩ | ૮ | ૭ | ૧ | ૨ | ૪ | ૬ | ૫ | ૯ |
| ૧ | ૯ | ૪ | ૫ | ૩ | ૬ | ૨ | ૮ | ૭ |
| ૭ | ૨ | ૩ | ૮ | ૬ | ૫ | ૯ | ૧ | ૪ |
| ૪ | ૬ | ૮ | ૨ | ૯ | ૧ | ૭ | ૩ | ૫ |
| ૫ | ૧ | ૯ | ૭ | ૪ | ૩ | ૮ | ૨ | ૬ |
| ૯ | ૭ | ૫ | ૩ | ૧ | ૨ | ૪ | ૬ | ૮ |
| ૮ | ૪ | ૧ | ૬ | ૫ | ૯ | ૩ | ૭ | ૨ |
| ૬ | ૩ | ૨ | ૪ | ૭ | ૮ | ૫ | ૯ | ૧ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પોળ | શેરી |
| પ્યાદું | સોગટું |
| પ્રકટ | ખુલ્લું |
| પ્રકીર્ણ | પરચૂરણ |
| પ્રકોપ | ગુસ્સો |

ગુજરાત મોરી મોરી રેઃ
વડીલોના વાંકે

ઓળખાણ પડી?
જસ્ટિન ગ્રીવ્ઝ

માઈન્ડ ગેમ :
૧૯૬

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
ગ્લાસગો

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) ધીરેન ઉદેશી (૫) પ્રતિમા પમાણી (૬) ભામિની સંપટ (૭) ભારતી બુચ (૮) ભરત કજરિયા (૯) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) લજિતા ખોના (૧૩) મહેશ એન. સંઘવી (૧૪) મીનળ કાપડિયા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) કુંદન કે. મારુ (૧૭) નિખિલ બંગાળી (૧૮) મણીલાલ જોશી (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) ભાવના કર્વે (૨૧) વિપીન શાહ (૨૨) નૂતન વિપીન શાહ (૨૩) જયવંત પદમશી ચિખલ (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) કમલ માતલિયા (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) અંજુ ટોલિયા (૩૦) ડાયના સંતોકે (૩૧) અલકા વાણી (૩૨) નાનુભાઈ અ. ગોઠી (૩૩) અરવિંદ કામદાર (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૬) નિતીન જયંતીલાલ બજરિયા (૩૭) જ્યોત્સના ગાંધી (૩૮) રમેશભાઈ દલાલ (૩૯) હિનાબેન દલાલ (૪૦) ઈનાક્ષીબેન દલાલ (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) સુભાષ મોમાયા (૪૩) નીતા દેસાઈ (૪૪) પુષ્પા પટેલ (૪૫) પ્રવીણ વોરા (૪૬) મહેશ દોશી (૪૭) તાહેર ઔરંગાબાદવાલા (૪૮) શીરીન ઔરંગાબાદવાલા

# અમરેલીમાં રાજયપાલ અને મુખ્ય પ્રધાનની ઉપસ્થિતિમાં ‘વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ’ કાર્યક્રમ યોજાયો




અમરેલી: અમરેલી ખાતે આવતીકાલે ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની રાજ્યકક્ષાની ઉજવણી થવાની છે ત્યારે શુક્રવારે સ્વતંત્રતા પર્વની પૂર્વ સંધ્યાએ ભારત દેશના વિભાજન દરમિયાન નાગરિકોએ ભોગવેલા અસહ્ય સંઘર્ષ, યાતનાઓ અને તેમણે આપેલા બલિદાનોની સ્મૃતિમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અને મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલની ગરિમામયી ઉપસ્થિતિમાં વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસનો કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમના પ્રારંભે રાજ્યપાલશ્રી તથા મુખ્યપ્રધાન સહિત તમામ મહાનુભાવોએ વિભાજનના પીડિતો અને દિવંગતોના માનમાં ૨ મિનિટનું મૌન પાળી શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

કાર્યક્રમમાં સંબોધન કરતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી એ જણાવ્યું હતું કે, ૧૯૪૭ના ભાગલા વખતે થયેલા અમાનવીય અત્યાચારો અને ત્રાસદાયક દ્રશ્યોની કલ્પના માત્રથી પણ રૂંવાડા ઊભા થઈ જાય છે. લાખો માસૂમ બાળકો, બહેનો અને વડીલોએ પોતાનું જીવન અને પરિવાર ગુમાવ્યા હતા.

માતૃભૂમિના સર્વોચ્ચ સ્થાનને સમજાવતા રાજ્યપાલએ ભગવાન રામ અને લંકા વિજયના પ્રસંગનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, ભલે સોનાની લંકા મળી હોય, પરંતુ જન્મ દેનારી માતા અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે.

રાજ્યપાલએ ભાગલાની ભીષણ પરિસ્થિતિઓનો સામનો કરીને શૂન્યમાંથી સર્જન કરનાર તથા પોતાની મહેનતથી દેશના વિકાસમાં યોગદાન આપનાર વિસ્થાપિત પરિવારોના સંઘર્ષ અને પરિશ્રમને નમન કર્યું હતું.

આ પ્રસંગે મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં આઝાદીના પર્વ અને વિભાજનની દુર્ભાગ્યપૂર્ણ ઘટનાને યાદ કરતા જણાવ્યું હતું કે, ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ની સવારે ભારતમાં આઝાદીનો નવો સૂરજ ઊગ્યો હતો, પરંતુ તેના બરાબર એક દિવસ પહેલાં એટલે કે ૧૪મી ઓગસ્ટે દેશનું વિભાજન થયું હતું. જે આપણા માટે અત્યંત કરુણ દિવસ છે. ત્યારે માત્ર દેશની ભૂમિના ટુકડા નહોતા થયા, પરંતુ અનેક પરિવારો વિખેરાઈ ગયા હતા. લાખો લોકોએ પોતાના ઘર-બાર, ખેતર અને સદીઓ જૂના સંબંધો એક જ રાતમાં છોડીને શરણાર્થી બનવાની ફરજ પડી હતી. આ ઉપરાંત મુખ્યપ્રધાનએ ઈતિહાસના ત્યાગ અને સમર્પણનું મહત્વ ઉજાગર કરતા જણાવ્યું હતું કે, ઈતિહાસ, ત્યાગ અને બલિદાનને યાદ રાખવા એ સમાજ કે રાષ્ટ્રના મજબૂત ભવિષ્યનો સાચો પાયો છે. સ્વાતંત્ર્ય સંગ્રામના વીરોને જે રીતે આપણે યાદ કરીએ છીએ, તે જ રીતે વિભાજન વિભીષિકાના ભોગ બનેલા લાખો નિર્દોષ લોકોને શ્રદ્ધાંજલિ આપવી પણ આપણી નૈતિક જવાબદારી છે.

# જામનગરમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ

## અર્જુન મોઢવાડિયા, સાંસદ પૂનમબેન માડમ સહિત મોટી સંખ્યામાં શહેરીજનો જોડાયા




(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર: દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને ઉજાગર કરતી શહેર કક્ષાની ભવ્ય તિરંગા યાત્રા જામનગર શહેરમાં યોજાઈ હતી. આ તિરંગા યાત્રામાં રાજ્યના પ્રભારી મંત્રી અર્જુન મોઢવાડિયા, જામનગરના સાંસદ પૂનમબેન માડમ, જિલ્લાના ધારાસભ્યો, જામનગર મહાનગરપાલિકાના મેયર મોનિકાબેન વ્યાસ સહિત મહાનગરપાલિકાના પદાધિકારીઓ, કોર્પોરેટર ભાઈ-બહેનો, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં શહેરીજનો ઉત્સાહભેર જોડાયા હતા.

શહેરના રણમલ તળાવ નજીકથી તિરંગા યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. હાથમાં રાષ્ટ્રધ્વજ સાથે મોટી સંખ્યામાં લોકો યાત્રામાં જોડાતા સમગ્ર માર્ગ પર દેશભક્તિનો માહોલ છવાઈ ગયો હતો. યાત્રા દરમિયાન દેશભક્તિના નારાઓથી સમગ્ર વાતાવરણ ગુંજી ઊઠ્યું હતું.

તિરંગા યાત્રા શહેરના વિવિધ મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી. યાત્રાના માર્ગમાં શહેરીજનો દ્વારા પણ ઉત્સાહપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. નાના-મોટા સૌ કોઈએ હાથમાં તિરંગો લઈને રાષ્ટ્રપ્રેમની ભાવના વ્યક્ત કરી હતી. તિરંગા યાત્રામાં યુવાનો, મહિલાઓ, બાળકો તેમજ વડીલો સહિત વિવિધ વર્ગના લોકો ઉત્સાહભેર જોડાયા હતા.

યાત્રા દરમિયાન ભારત માતા કી જય, વંદે માતરમ સહિતના દેશભક્તિના નારાઓથી શહેર ગુંજી ઊઠ્યું હતું. સમગ્ર યાત્રાએ જામનગર શહેરમાં એકતા, અખંડિતતા અને રાષ્ટ્રપ્રેમનો સંદેશો પ્રસરાવ્યો હતો.

શહેરના રણજીતનગર વિસ્તારમાં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે તિરંગા યાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું. સરદાર પટેલની પ્રતિમાને નમન કરી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા જાળવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રપ્રેમની ભાવનાને વધુ મજબૂત બનાવવામાં આવા આયોજનોની ભૂમિકા મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું હતું. મોટી સંખ્યામાં શહેરીજનોની ઉપસ્થિતિથી તિરંગા યાત્રા ભવ્ય અને યાદગાર બની રહી હતી.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન પોલીસ તંત્ર તથા વહીવટી તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. તિરંગા યાત્રાના પગલે જામનગર શહેરમાં ઉત્સાહ અને દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો.

# જેતપુર ન.પા.એ ગેરકાયદે કતલખાના ચલાવી માંસનું વેચાણ કરતા આસામીઓ સામે કડક કાર્યવાહી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: જિલ્લાના જેતપુર નવાગઢ નગરપાલિકાના ચીફ ઓફિસર સહીત નગરપાલિકાની ટીમ દ્વારા શહેર વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર કતલખાના તથા માંસ,મટનનું વેંચાણ કરવા બાબતે ચેકીંગ હાથ ધરવામાં આવતા શહેરના જગાવાળા ચોરા રોડ, હુશેની ચોક પાસે, ઘી વાળી શેરીમાં બે આસામીઓ ગેરકાયદેસર કતલખાના ચલાવી જીવતા પશુઓનું માસ, મટનનું વેંચાણ કરતા હોય તેઓની પાસેથી અંદાજે ૫૦ કિલો જેટલો માંસ, મટનનો જથ્થો તથા સાધન સામગ્રી કબ્જે કરી તેઓની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

હિન્દુઓના પવિત્ર શ્રાવણ માસ શરૂ થયો હોય, જેતપુર શહેર હિન્દુ સેના દ્વારા આપવામાં આવેલ આવેદન પત્ર અન્વયે સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન જેતપુર નવાગઢ શહેર વિસ્તારમાં માંસ, મટનનું વેંચાણ બંધ રાખવા નગરપાલિકા દ્વારા તમામ આસામીઓને નોટીસ ઇશ્યુ કરી જાણ કરવામાં આવી હતી. આમ, છતાં પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન કોઇ પણ આસામી દ્વારા માંસ, મટનનું વેંચાણ કરતા અને ગેરકાયદેસર કતલખાના ચલાવતા આસામીઓ પાસેથી માંસ, મટન તથા સાધન સામગ્રી જપ્ત કરી કાયદેસરની ફોજદારી રાહે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવુ નગરપાલિકાની યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# ટંકારા તાલુકાના હીરાપર ગામે પાણીનો સંપ તૂટતાં મકાન-દુકાનને નુકસાન




(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર: ટંકારા તાલુકાના હીરાપર ગામમાં પાટિયા પાસે પાણીનો સંપ અચાનક તૂટી પડતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ આસપાસના મકાનો અને દુકાનોને વ્યાપક નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર હીરાપર ગામના પાટિયા પાસે આવેલો પાણીનો સંપ જર્જરિત હાલતમાં હતો. સંપને પાડવાની કામગીરી હાથ ધરાવાની હતી, પરંતુ તે પહેલાં જ સંપ અચાનક સામેથી તૂટી પડ્યો હતો.

સંપ ખોટી દિશામાં પડવાના કારણે બાજુમાં આવેલા મકાન અને દુકાનની દિવાલોને મોટું નુકસાન થયું હતું. તેમજ ઘરવખરી સહિત અન્ય સામાનને પણ નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સદનસીબે ઘટનામાં કોઈ વ્યક્તિને ઈજા કે જાનહાનિ થઈ નથી. હાલ સમગ્ર ઘટનાના નુકસાન અંગે વધુ વિગતો મેળવવાની કામગીરી હાથ ધરાઈ રહી છે.

# ભુજમાં નવો બનેલો રાજમાર્ગ ૨૪ કલાકમાં જ ખોદાતા લોકરોષ

## ન.પા.ની વિચિત્ર કામગીરી સામે સવાલો




(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: શહેરમાં ટાઉનહોલથી ઐતિહાસિક હમીરસર તળાવ તરફ જતા મુખ્ય માર્ગના નવિનીકરણની કામગીરી હાલ પુરજોશમાં ચાલી રહી છે. જોકે, આ નમિાણ કાર્ય દરમિયાન નગરપાલિકાના રેઢીયાળ તંત્રનું હાસ્યાસ્પદ દ્રષ્ટાંત જોવા મળ્યું હતું.

માહિતી ખાતાની કચેરીથી સ્વામિનારાયણ મંદિર તરફ જતા માર્ગ પર અંદાજે ૨૪ કલાક પહેલાં જ નવો ડામર રોડ તૈયાર કરવામાં આવ્યો હતો. પરંતુ, શુક્રવારે સવારથી જ નગરપાલિકાની ટીમ દ્વારા આ નવનર્મિત માર્ગ પર ફરીથી ખોદકામ શરૂ કરી દેવામાં આવતા સ્થાનિક રહીશો અને વાહનચાલકો ભારે આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા.તાજેતરમાં જ લાખોના ખર્ચે બનેલો માર્ગ એક જ દિવસમાં તોડી પાડવામાં આવતા પ્રજામાં ભારે રોષ જોવા મળ્યો હતો. સ્થાનિકોના જણાવ્યા મુજબ, તંત્રમાં આંતરિક સંકલન ન હોવાના કારણે પ્રજાના ટેક્સના નાણાંનો વ્યય થઈ રહ્યો છે. રોડ બનાવતા પહેલાં પાઈપલાઈન કે અન્ય ભૂગર્ભ કામગીરી કેમ પૂરી ન કરાઈ તે અંગે પણ શહેરીજનોમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે.

# ભાવનગરમાં ₹ ૧૧.૫૨ કરોડનું મ્યુલ એકાઉન્ટ રેકેટ પકડાયું

## ડીસીબી બેંકના ખાતાથી સાયબર ઠગાઈના નાણાં સગેવગે કરનાર યુવક જેલભેગો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: દેશના વિવિધ રાજ્યોમાં આચરવામાં આવેલા સાયબર ફ્રોડના નાણાં પોતાના બેંક એકાઉન્ટમાં મેળવીને સગેવગે કરનારા મ્યુલ એકાઉન્ટ ધારક સામે ભાવનગર સાયબર ક્રાઇમ પોલીસે લાલ આંખ કરી હતી. શહેરના આડોડીયાવાસ વિસ્તારમાં રહેતા શખ્સે પોતાના બેંક એકાઉન્ટનો ઉપયોગ સાયબર ક્રાઇમની રકમ ટ્રાન્સફર કરવા માટે કર્યો હોવાનું સામે આવતાં પોલીસે ગુનો નોંધી ગણતરીના કલાકોમાં જ તેની ધરપકડ કરી લીધી હતી. ભાવનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પો.કોન્સ્ટેબલ શૈલેષકુમાર પ્રવિણભાઈ મક્વાણા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ અનુસાર, તિલકનાગર (આડોડીયાવાસ) ખાતે રહેતા સિદ્ધાંત સંજયભાઈ રાઠોડ (ઉં.વ. ૨૩) સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરોપીના વાઘાવાડી રોડ સ્થિત ડીસીબી બેંક એકાઉન્ટમાં દેશના જુદા જુદા રાજ્યોમાંથી થયેલી સાયબર ફ્રોડની ૪ અરજીઓ સંદર્ભે રૂ. ૩,૩૯,૭૫૦ ચાર ટ્રાન્ઝેક્શન મારફતે જમા થયા હતા, જે તેણે તાત્કાલિક ઉપાડીને સગેવગે કરી દીધા હતા. સઘન તપાસ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો કે આરોપીના આ બેંક એકાઉન્ટમાં ૧ ડિસેમ્બર, ૨૦૨૪થી ૪ એપ્રિલ, ૨૦૨૬ દરમિયાન કુલ રૂ. ૧૧,૫૨,૭૨,૧૯૬ જમા થઈને વિડ્રો કરી લેવામાં આવ્યા હતા. આ મ્યુલ એકાઉન્ટ રેકેટ અંગે પોલીસે કાયદાની વિવિધ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. પોલીસે આરોપી સિદ્ધાંત રાઠોડની ધરપકડ કરી તેના રિમાન્ડ મેળવવા માટેની કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરના હાથબના દરિયામાં ડૂબી જતા યુવાનનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના માલણકા ગામનો રત્નકલાકાર યુવાન હાથબના દરિયાકાંઠે મિત્રો સાથે ફરવા ગયા હતા. એ દરમિયાન દરીયામાં ભારે ભરતી આવતા ભરતીના પાણીમાં ફસાઈને ડુબી ગયા હતા. આ રત્નકલાકારનો મૃતદેહ ભારે જહેમત બાદ કિચડમાંથી મળી આવ્યો હતો.

જાણવા મળતી વિગતો અનુસાર ભાવનગરના માલણકા ગામે રહેતો અને હીરાના કારખાનામાં રત્નકલાકાર તરીકે મજૂરી કરતો આશિષ જગદીશભાઈ બારૈયા ઉ. વ. ૧૮ નામનો યુવાન મિત્રો સાથે હાથબ ના દરિયાકાંઠે ફરવા ગયો હતો અને કાંઠે નદીના મુખ પાસે મિત્રો સાથે આશિષ બેઠો હોય એ દરમ્યાન દરિયામાં અમાસની ભારે ભરતી આવતા નદીનાં વોંકળા અને દરિયા વચ્ચે ફસાઈ ગયો હતો જ્યારે તેનાં ત્રણેય મિત્રો સલામત રીતે કાંઠે આવી ગયા હતા.જ્યારે આશિષ જગદીશભાઈ બારૈયા ભરતીના પાણીમાં તણાઈને ગુમ થયો હતો.

આ અંગે આશિષના મિત્રો એ હાથબ ગામના લોકો તથા ઘોઘા પોલીસને જાણ કરતા પોલીસ, ફાયરબ્રિગેડ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને ગુમ યુવાનની શોધખોળ હાથ ધરી હતી પરંતુ યુવાનનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આ દરમ્યાન રાત ઢળી જતા શોધખોળ પડતી મુકવામાં આવી હતી અને સવારે હોડી માછીમારો, તરવૈયાઓ સહિતનાઓએ ફરી દરિયો ખંખોળ્યો હતો અને ઘટનાથી ત્રણ,ચાર કિલોમીટર દૂર દરિયામાં કાદવ-કિચડમા ખૂંચેલી હાલતમાં હતભાગી રત્નકલાકારનો મૃતદેહ મળી આવ્યો હતો. લોકોએ મૃતદેહને બહાર કાઢી કાંઠે લાવી ઘોઘા પોલીસને હવાલે કરતાં પોલીસે લાશનું સ્થળ પર પંચનામું કરી લાશને પીએમ માટે કોળીયાક સીએચસી સેન્ટરમાં મોકલી વધુ તપાસ હાથ ધરી હતી. આ ઘટનાને પગલે મૃતકના પરીવારમાં અને માલણકા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

# ઘરકામના બહાને ચોરી કરતી નેપાળી ગેંગનો પર્દાફાશ: આદિપુર પોલીસે બે મહિલાઓને પકડી છ ગુના ઉકેલ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લાની આદિપુર પોલીસે ઘરકામના બહાને ઘરમાં ઘૂસી મકાનમાલિકોનો વિશ્વાસ કેળવી ઘરફોડ ચોરી આચરતી નેપાળી મહિલાઓના મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે બે નેપાળી મહિલાઓની રૂ. ૧.૮૫ લાખથી વધુના મુદ્દામાલ સાથે અટકાયત કરી ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં આચરેલી રૂ.૧ કરોડથી વધુની કુલ ૬ વણશોધાયેલી ચોરીઓના ભેદ ઉકેલી નાખ્યા હતા.

મળતી વિગતો મુજબ, આજથી ચારેક મહિના પહેલા આદિપુરના પ્લોટ નં. ૧૯૨ (વોર્ડ-૬/સી)માં ઘરકામ કરતી નેપાળી મહિલા મકાનમાલિક બહાર જતાં જ પોતાના સાગરીતોને બોલાવી ચોરી કરી ભાગી ગઈ હતી. આદિપુર પોલીસ અને ગાંધીધામ સાઈબર ક્રાઈમ બ્રાન્ચે હ્યુમન ઈન્ટેલિજન્સ તથા ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ હાથ ધરી હતી. દરમિયાન આ જ ગેંગની મહિલાઓ આદિપુરની વિવિધ સોસાયટીઓમાં ઘરકામ શોધવાના બહાને ફરી રહી હોવાની ચોક્કસ બાતમી મળતાં પોલીસે સલીના ધનબહાદુર શાહી અને રવીના શાહી (રહે. બંને નેપાળ)ને દબોચી લીધી હતી.

ઝડપાયેલી મહિલાઓની કડક પૂછપરછમાં સામે આવ્યું હતું કે, તેમણે આદિપુર ઉપરાંત મહારાષ્ટ્રના પુણે અને થાણે તેમજ બેંગલુરુમાં પણ આ જ મોડસ ઓપરેન્ડીથી લાખોની ચોરી આચરી હતી. તેઓ પોશ વિસ્તારોમાં ઘરકામ રાખી પરિવાર બહાર જાય ત્યારે સાગરીતો સાથે મળી ચોરી કરી ફ્લાઈટ કે પ્રાઈવેટ વાહન મારફતે નેપાળ ભાગી જઈ માલ વેચી દેતી હતી. પોલીસે તેમની પાસેથી સોનાની ડાયમંડ રિંગ, રોકડ રકમ અને મોબાઈલ મળી કુલ રૂ. ૧,૮૫,૭૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં સંડોવાયેલા અન્ય ત્રણ નેપાળી પુરુષ સાગરીતોને પકડવા પોલીસે કવાયત આદરી છે.

# ચોટીલાના નાની મોલડી પ્રાથમિક શાળામાં નાયબ કલેક્ટરની સરપ્રાઈઝ મુલાકાત




(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગર: ચોટીલા તાલુકાના નાની મોલડી ગામની પ્રાથમિક શાળાની નાયબ કલેક્ટર એચ. ટી. મકવાણાએ મુલાકાત લઈ શાળાની શૈક્ષણિક કામગીરી, વિદ્યાર્થીઓની પ્રગતિ તેમજ મધ્યાહન ભોજન વ્યવસ્થાનું સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું.

નાયબ કલેક્ટરએ ધોરણ-૬ના વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કરી વિવિધ વિષયો અંગે પ્રશ્નો પૂછી તેમની સમજ અને જ્ઞાનની ચકાસણી કરી હતી. ખાસ કરીને ગણિત વિષયમાં વિવિધ પ્રકારના ખૂણાઓ અંગે પ્રશ્નો પૂછી વિદ્યાર્થીઓની સમજનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

વર્ગખંડમાં વર્તુળના કુલ કેટલા ડિગ્રી હોય તે અંગે પૂછાયેલા પ્રશ્નનો વિદ્યાર્થીની માનસીબેન અરવિંદભાઈ પરમારે સાચો જવાબ આપતા નાયબ કલેક્ટરએ તેમને સ્થળ પર જ રૂ. ૧૦૦નું રોકડ ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓને મહેનત, જિજ્ઞાસા અને સતત અભ્યાસ દ્વારા ઉજ્જવળ કારકિર્દી ઘડવા માટે પ્રેરણા આપવામાં આવી હતી.

ત્યારબાદ નાયબ કલેક્ટરએ શાળાના મધ્યાહન ભોજન કેન્દ્રની મુલાકાત લઈ ભોજનની ગુણવત્તા, જથ્થો, સ્વચ્છતા તેમજ વિદ્યાર્થીઓને નિયમિત અને યોગ્ય પ્રમાણમાં ભોજન મળી રહ્યું છે કે કેમ તેની ચકાસણી કરી હતી.

તેમણે વિદ્યાર્થીઓને મળતી સુવિધાઓ અને મધ્યાહન ભોજનની ગુણવત્તા જળવાઈ રહે તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

નાયબ કલેક્ટરની મુલાકાતનો મુખ્ય હેતુ શાળામાં વિદ્યાર્થીઓને મળતી શૈક્ષણિક સુવિધાઓ, તેમની શૈક્ષણિક સમજ અને મધ્યાહન ભોજન સહિતની વ્યવસ્થાઓની સ્થળ પર સમીક્ષા કરી ગુણવત્તામાં સતત સુધારો સુનિશ્ચિત કરવાનો રહ્યો હતો.

# રાજકોટમાં શ્રાવણિયા સોમવાર-જન્માષ્ટમી નિમિત્તે કતલખાના પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પવિત્ર શ્રાવણ માસના સોમવારો તેમજ આગામી તારીખ ૦૪ સપ્ટેમ્બરના રોજ ઉજવાનાર શ્રી કૃષ્ણ જન્માષ્ટમીના તહેવારને ધ્યાનમાં રાખીને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા એક મહત્વનો નર્ણિય લેવામાં આવ્યો હતો.

રાજકોટ મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલા તમામ પ્રકારના કતલખાનાઓ આ પવિત્ર દિવસો દરમિયાન સંપૂર્ણપણે બંધ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, શહેરમાં કાયદો અને વ્યવસ્થા તેમજ ધાર્મિક ભાવનાઓને માન આપીને માંસ, મટન, મચ્છી અને ચિકનના વેચાણ પર પણ પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

મનપાના આ નર્દિશ મુજબ, શ્રાવણ માસના તમામ સોમવાર અને જન્માષ્ટમીના દિવસે કોઈપણ જગ્યાએ નોન-વેજ આઈટમોનું વેચાણ કરી શકાશે નહીં. તંત્ર દ્વારા સંબંધિત વેપારીઓને આ નિયમનું ચુસ્તપણે પાલન કરવા માટે સૂચના આપવામાં આવી છે.



રાજકોટ શહેરકક્ષાના ધ્વજારોહણ સમારોહનું ચૌધરી હાઈસ્કૂલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમની તૈયારીઓનું શુક્રવારે રિહર્સલ યોજાયું હતું. (તસવીર-પ્રવિણ સેદાણી)